بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدۡنِیۡ عِلۡمًا وَّارۡزُقۡنِیۡ فَهۡمًا

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**




**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૨ ❖ અંક : ૭ ❖ ૧૦, માર્ચ—૨૦૧૩
૨૭, રબી.આખર, હિ.સન—૧૪૩૪ ❖ સળંગ અંક : ૩૭૯

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

**કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)**

**સહતંત્રી : માસૂમ મહેરપુરી**
**મો.૯૬૮૭૬૭૯૫૧૩**
**વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ**
**✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬**
**સહ વ્યવ. : અકબરઅલી એ. મસી**
**મો.૯૮૨૫૪૯૭૧૭૮**
**અનવરઅલી એચ. મતિયા**
**મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭**

**સલાહ અને માર્ગદર્શન**

**મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)**

**મુખપૃષ્ઠ સજાવટ**

**શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)**

**કાર્યાલયનું સરનામુ**

**'જાફરી આવાઝ'(માસિક)**
**મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા**
**પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬**

**Website : www.jafariaawaz.com**
**Email : jafariaawaz@gmail.com**

**વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-**
**(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)**


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❋ અહાદીસ | ૦૭ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૦૯ |
| ❋ ગડમથલ | ૧૨ |
| ❋ મોહંમદ બિન અબીબક્ર | ૧૩ |
| ❋ અલી અલી હૈ અલી અલી | ૧૬ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૧૯ |
| ❋ મુનાજાત | ૨૨ |
| ❋ ગઝલ | ૨૪ |
| ❋ કુરઆન શરીફના ફઝાએલ | ૨૫ |
| ❋ ઇસ્લામમાં સંપનો નુસ્ખો | ૨૯ |
| ❋ નબવી અદાલત | ૩૧ |
| ❋ અલ ઈર્શાદ | ૩૩ |
| ❋ મશાયખવાણી | ૩૫ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૭ |
| ❋ નહજુલ અસરાર | ૩૯ |
| ❋ મીર અનીસના મરસિયા | ૪૯ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૫૩ |
| ❋ બ્લૉગ | ૫૫ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૭ |
| ❋ આપણા ઘરની વાતો | ૬૧ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૫ |
| ❋ જાફરી પંચાંગ | ૬૮ |


# ઊઘડતે પાને...

આપણા પાંચમા ઈમામ.

હઝરત મોહંમદ બાકિર (અ.).

આપ (અ.)નો મશહૂર લકબ 'બાકિર' છે. બાકિરનો અર્થ થાય, ઈલ્મનાં પડ ખોલીને બતાવનાર. જેવી રીતે ડુંગળી ઉપરથી એક પછી એક પડ ખોલવામાં આવે તો છેક તેના અંદરના

ભાગ સુધી પહોંચી શકાય છે એવી જ રીતે ઈમામ મોહંમદ બાકિર (અ.) ઈલ્મનાં પડ એક પછી એક ખોલીને બતાવતા હતા તેથી આપનો લકબ 'બાકિર' પ્રખ્યાત થઈ ગયો છે.

અલ કાફીમાં અબૂ હમ્ઝા શિમાલીથી મરવી છે. તેમનું બયાન છે કે –

"હું મસ્જિદે નબવીમાં બેઠો હતો એવામાં એક શખ્સ આવ્યો અને તેમણે સલામ કરી અને મને પૂછવા લાગ્યા કે અય ખુદાના બંદા ! આપ કોણ છો ? તો મેં કહ્યુ કે હું કૂફાવાસીઓમાંથી છું. આપની હાજત શું છે ?" તો તેઓ બોલ્યા,

"શું તમે હઝરત ઈમામ અબૂ જાફર મોહંમદ બાકિર (અ.)ને ઓળખો છો ?"

તો મેં જવાબ આપ્યો, "હા, હા, હું એમને ઓળખું છું. તમારી એમનાથી શું હાજત છે?"

તો તેઓ કહેવા લાગ્યા,

"મેં ચાલીસ મસઅલા તૈયાર કર્યા છે જેમની બાબતમાં હું તેમને સવાલ કરવા ઈચ્છું છું અને તે મસઅલાઓમાં હક અને બાતિલનાં સઘળાં કાર્યો શામેલ છે."

અબૂ હમ્ઝા કહે છે કે મેં એ આગંતુકને પૂછ્યું,

"શું તમને હક અને બાતિલ વચ્ચેનો ઈમ્તિયાઝ (તફાવત) પ્રાપ્ત છે ? અને બન્નેમાં તફાવત પાડી શકો છો ? તો તેઓ કહેવા લાગ્યા કે હા, હા, કેમ નહીં ? તો મેં કહ્યું કે જ્યારે તમે પોતે જ હક અને બાતિલ વચ્ચે ભેદ પાડી શકવાની સલાહિયત ધરાવો છો તો પછી હઝરત ઈમામ (અ.)નું તમારે શું કામ છે ?

તેઓ કહેવા લાગ્યા,

"અય કુફાવાસીઓ ! તમે એ લોકો છો કે જેમને હકીકતને સમજવાની કુદરત નથી. તેથી જ્યારે તમે હઝરત ઈમામ (અ.)ને જુઓ તો મને તેની માહિતી આપી દેજો."

આવી વાતો થઈ રહી હતી એટલામાં તો ઈમામ મોહંમદ બાકિર (અ.) તશરીફ લાવ્યા. આપ (અ.)ના ફરતાં ખુરાસાનના લોકોનો મજમો હતો કે જેઓ ઈમામ (અ.)ની સાથે મનાસિકે હજ (હજની ક્રિયાઓ) અંગે કેટલાક સવાલો કરી રહ્યા હતા. હઝરત પોતાની બેઠક ઉપર તશરીફ લાવ્યા. પેલો અજનબી પણ હઝરતની પાસે બેસી ગયો. અબૂ હમ્ઝા કહે છે કે હું પણ ત્યાં જઈને બેસી ગયો અને ઈમામ (અ.) સાથે થતી વાતચીત સાંભળતો રહ્યો. આપની ચારેય બાજુ આલિમોનો મજમો હતો.

જ્યારે ઈમામ (અ.) મસઅલાઓ અને જરૂરી કાર્યોથી પરવાર્યા અને તે લોકો ચાલ્યા ગયા ત્યાર પછી ઈમામ (અ.) પેલા આગંતુક તરફ ફર્યા અને તેમને પૂછ્યું,

"અય ભાઈ ! તમે કોણ છો ?"

તો તે કહેવા લાગ્યા,

"હું કુતાદા બિન દઆમા બસરી છું"

હઝરત (સ.)એ ફરમાવ્યું,

"બસરાના ફકીહ (ઈસ્લામ ધર્મના મસઅલા મસાઈલના જાણકાર) છો ?"

તેમણે કહ્યું,

"જી, હા."

તો હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) એ ફરમાવ્યું,

"અય કુતાદા ! તમારા ઉપર અફસોસ છે. એ જાણી લો કે અલ્લાહ તઆલાએ એક જમાઅતને પેદા કરી છે અને તેમને પોતાની મખ્લૂક ઉપર હુજ્જતો બનાવી છે તેઓ બધા તેની જમીનની મેખો (ખીલાઓ) છે. તેઓ ખુદાના હુકમથી કાયમ છે. તેઓ બધા તેનું ઈલ્મ ધરાવનારા છે કે જેમને ખુદાએ દુનિયાના પેદા કરવા પહેલાં ચૂંટી કાઢીને પોતાના અર્શની જમણી બાજુએ કાયમ કર્યા છે."

આ બધું સાંભળીને કુતાદા લાંબા સમય સુધી ખામોશ રહ્યા. ત્યાર પછી બોલ્યા,

"અલ્લાહ તઆલા આપને જઝાએ ખૈર અતા ફરમાવે. ખુદાની કસમ, હું મોટા મોટા ફકીહ લોકોની મજલિસોમાં બેઠો છું કે જેમાં ઈબ્ને અબ્બાસ (રઝી.અ.)ના જેવા વ્યકિતઓ પણ શામેલ છે. પરંતુ એમનામાંથી કોઈની સામે મને એટલી બધી બેચેની નથી થઈ કે જેટલી આપની સામે બેસવાથી થઈ રહી છે."

ઈમામ (અ.)એ ફરમાવ્યું,

"શું તમને ખબર છે કે અત્યારે તમે એવા શખ્સની સામે છો કે જેનો ઝિક્ર એ આયતે મુબારકામાં છે કે એ ઘરોમાં ખુદાની અઝમત અને તેના નામનો ઝિક્ર કરવામાં આવે છે ? અહીં સવાર સાંજ તેની તસ્બીહ કરવામાં આવે છે. એ ઘરોમાં રહેવાવાળા એવા લોકો છે કે જેમને તિજારત અને ખરીદ–વેચાણ ખુદાના ઝિક્રથી ગાફેલ બનાવતાં નથી કે ન તો નમાઝ પઢવાથી અને ઝકાત આપવાથી બેખબર કરે છે. અય કુતાદા ! એ જાણી લો કે તેઓ અમે લોકો છીએ કે જેમનો તે આયતમાં ઝિક્ર કરવામાં આવ્યો છે."

કુતાદા કહેવા લાગ્યા,

"ખુદાની કસમ, આપ (અ.)એ સાચું ફરમાવ્યું. હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, આ ઘર, પથ્થર અને માટીનાં ઘર નથી."

ત્યાર પછી કુતાદાએ અરજ કરી,

"પનીરની બાબતમાં શું હુકમ છે ?"

આ સાંભળીને ઈમામ (અ.) મુસ્કુરાયા અને ફરમાવ્યું,

"હવે તમે મસઅલાઓમાં આવા મસઅલા પૂછવા માંડ્યા છો ?"

ત્યાર પછી આપ (અ.)એ ફરમાવ્યું,

"તે (પનીર) જાઈઝ છે."

કુતાદા કહેવા લાગ્યા,

"એવું પણ શકય છે કે એમાં મરેલા જાનવરનું પનીર પણ ભેળવી દેવામાં આવ્યું હોય અને તેની વાસ આવતી હોય."

તો હઝરત (અ.)એ ફરમાવ્યું,

"કંઈ વાંધો નથી, એટલા માટે કે દૂધ અને પનીરમાં ખૂન, હાડકાં અને નસો હોતી નથી. વાસ તો ગોબરમાંથી અને ખૂનમાંથી આવ્યા કરતી હોય છે. આ તો મરઘીના જેવું થયું કે જે મરઘી મરી ગઈ હોય એમાંથી ઈંડુ કાઢી લેવામાં

આવે તો શું તે ઈંડુ ખાશો ?"

કુતાદા કહેવા લાગ્યા,

"ના, હું તો તેને ખાવાનો હુકમ કોઈને નહીં આપું."

હઝરત (અ.)એ પૂછ્યું,

"કેમ, નહીં ?"

તેમણે જવાબ આપ્યો,

"એટલા માટે કે તે (ઈંડુ) મડદામાંથી બહાર કાઢવામાં આવ્યું છે."

આ સાંભળીને હઝરત (અ.)એ ઈરશાદ ફરમાવ્યો,

"અને જો આ ઈંડાને કોઈ મરઘીના નીચે (સેવવા માટે) મૂકવામાં આવે અને તેમાંથી જે બચ્ચુ નીકળે તો શું તમે તે બચ્ચાને ખાઈ લેશો?"

આ સાંભળીને કુતાદાએ જવાબ આપ્યો,

"હા. તેનું ગોશ્ત ખાઈ લઈશ."

ઈમામ (અ.)એ ફરમાવ્યું,

"તો કઈ બાબતે તમારા પર ઈંડાને હરામ કરી દીધું અને તેમાંથી નીકળેલા બચ્ચાને હલાલ કરી દીધું ? બસ આવી જ રીતે દૂધ, પનીર ઈંડાની માફક જ છે તેથી તમે મુસલમાનોના બજારમાં જઈને નમાઝીઓના હાથથી પનીર ખરીદો અને તે પનીરની બાબતમાં તેમને કંઈ સવાલ ન કરો. હા. એ બાબત અલગ છે કે કોઈ શખ્સ એ બાબતમાં પૂરી માહિતી પરસ્પર પહોંચાડી દે."

(સંદર્ભ : બિહારૂલ અન્વાર, ભાગ–૪–૫, પેજ–૧૩૪)

તમારું દીની જ્ઞાન ચકાસો.

## ? ઈસ્લામી કવીઝ નં. ૨૨૮

**(૧) અલ્લાહ તઆલાની બારગાહમાં સૌથી મુકર્રબ (નિકટવર્તી) ફરિશ્તા કોણ છે?**
(A) હઝરત જિબ્રઈલ (અ.)
(B) હઝરત મીકાઈલ (અ.)
(C) હઝરત ઈસરાફીલ (અ.)

**(૨) 'અલ હમ્દ'ના સૂરામાં કુલ કેટલી આયતો આવેલી છે ?**
(A) છ (B) સાત (C) આઠ

**(૩) હઝરત ઇમામ હુસૈન (અ.)ના બાળપણના દોસ્ત અને કરબલાના શહીદ હબીબ ઈબ્ને મઝાહિર ક્યાંના વતની હતા ?**
(A) કુફાના (B) શામના (C) મદીનાના

**(૪) તૌહીદ એટલે –**
(A) અલ્લાહ સર્વશકિતમાન છે એવી માન્યતા
(B) અલ્લાહ બધી જ જગ્યાએ છે એવી માન્યતા
(C) અલ્લાહ એક છે એવી માન્યતા

**(૫) વ્યકિતના આ'માલનો દારોમદાર શાના ઉપર રહેલો હોય છે ?**
(A) તેની ઈબાદત ઉપર
(B) તેની નિય્યત ઉપર
(C) તેની સચ્ચાઈ ઉપર

**(૬) હઝરત રસૂલે ખુદા (સ.)ના જમાનામાં જે લોકો ભટકતું જીવન જીવતા હતા તેમને કયા શબ્દથી ઓળખવામાં આવે છે ?**
(A) બદવી (B) હઝરી (C) અઝમી

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

فَاسْتَجَبْنَا لَهُ ۙ وَنَجَّيْنٰهُ مِنَ الْغَمِّ ۗ وَ
كَذٰلِكَ نُۨجِي الْمُؤْمِنِيْنَ ﴿٨٨﴾

❂ આથી અમોએ તેની દુઆ કબૂલ કરી લીધી અને તેને તે મુસીબતોમાંથી છુટકારો આપ્યો; અને અમે મોમિનોને એવી જ રીતે છુટકારો આપ્યા કરીએ છીએ.

(પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૮૮)

---

فَاسْتَجَبْنَا لَهُ ۫ وَوَهَبْنَا لَهُ يَحْيٰى وَ
اَصْلَحْنَا لَهُ زَوْجَهُ ۗ اِنَّهُمْ كَانُوْا يُسٰرِعُوْنَ
فِي الْخَيْرٰتِ وَيَدْعُوْنَنَا رَغَبًا وَّرَهَبًا
ۗ وَكَانُوْا لَنَا خٰشِعِيْنَ ﴿٩٠﴾

❂ આથી અમોએ તેની દુઆ કબૂલ કરી લીધી અને તેને યહ્યા (જેવો સદાચારી પુત્ર) આપ્યો, અને તેની પત્નીને ગર્ભ ધારણ કરવાને પાત્ર બનાવી દીધી; બેશક આ સર્વે, નેક કાર્યોની હરિફાઈમાં ઉતાવળ કર્યા કરતા હતા અને આશા તથા ભય સાથે અમારી પાસે દુઆ માગ્યા કરતા હતા; અને અમારી પાસે આજીજી કરતા હતા.

(પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૯૦)

---

وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ
﴿١٠٧﴾

❂ અને (હે રસૂલ !) અમોએ તને સઘળી દુનિયાવાળાઓ માટે રહેમત બનાવીને મોકલ્યો છે. (પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૧૦૭)

---

اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۗ مَثَلُ نُوْرِهٖ
كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ ۗ اَلْمِصْبَاحُ فِيْ

❂ અલ્લાહ આકાશ તથા પૃથ્વીનું નૂર (પ્રકાશ) છે; તેના નૂરનો દાખલો એક ગોખલા જેવો છે કે જેમાં એક દીવો બળતો હોય અને તે દીવો કાચના એક ફાનસમાં (મૂકેલો) હોય;

زُجَاجَةٍ ۖ اَلزُّجَاجَةُ كَاَنَّهَا كَوْكَبٌ
دُرِّيٌّ يُّوْقَدُ مِنْ شَجَرَةٍ مُّبٰرَكَةٍ زَيْتُوْنَةٍ لَّا
شَرْقِيَّةٍ وَّلَا غَرْبِيَّةٍ ۙ يَّكَادُ زَيْتُهَا يُضِيْٓءُ
وَ لَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ ۖ نُوْرٌ عَلٰى نُوْرٍ ۖ
يَهْدِى اللّٰهُ لِنُوْرِهٖ مَنْ يَّشَآءُ ۖ وَ يَضْرِبُ
اللّٰهُ الْاَمْثَالَ لِلنَّاسِ ۖ وَ اللّٰهُ بِكُلِّ شَىْءٍ
عَلِيْمٌ ۙ (٣٥)

અને તે ફાનસ એવું હોય જેવો કે એક ઝગમગતો તારો, અને તે ઝૈતૂનના મુબારક વૃક્ષના તેલથી રોશન થયલો હોય, જે ન પૂર્વ (બાજુ)નો હોય કે ન પશ્ચિમ (બાજુ)નો, પાસે છે કે તેનું તેલ આપમેળે (રોશન થઈ) પ્રકાશિત થઈ જાય (પછી) ભલેને તેને આગ અડકે પણ નહીં; નૂર ઉપર નૂર છે; અલ્લાહ જેને ચાહે છે તેને પોતાના નૂર તરફનો માર્ગ દેખાડી દે છે; અને અલ્લાહ લોકો માટે (આવા સ્પષ્ટ) દાખલા વર્ણવે છે; અને અલ્લાહ દરેક વસ્તુનો જાણકાર છે.

(પારો–૧૮, સૂરએ નૂર, આયત–૩૫)

---

فِىْ بُيُوْتٍ اَذِنَ اللّٰهُ اَنْ تُرْفَعَ وَ يُذْكَرَ
فِيْهَا اسْمُهٗ ۙ يُسَبِّحُ لَهٗ فِيْهَا بِالْغُدُوِّ وَ
الْاٰصَالِ ۙ (٣٦)

❂ (આ દીવો) એવા ઘરોમાં છે કે જેમના સંબંધમાં અલ્લાહે (એવો) હુકમ આપ્યો છે કે તે (ઘરો)નું સન્માન કરવામાં આવે, અને આ કે તેમાં તે (અલ્લાહ)ના નામનું સ્મરણ કરવામાં આવે; તેમાં તેઓ સવાર સાંજ તેની પવિત્રતા વર્ણવે છે.

(પારો–૧૮, સૂરએ નૂર, આયત–૩૬)

---

رِجَالٌ ۙ لَّا تُلْهِيْهِمْ تِجَارَةٌ وَّلَا بَيْعٌ عَنْ
ذِكْرِ اللّٰهِ وَ اِقَامِ الصَّلٰوةِ وَ اِيْتَآءِ الزَّكٰوةِ
ۙ يَخَافُوْنَ يَوْمًا تَتَقَلَّبُ فِيْهِ الْقُلُوْبُ وَ
الْاَبْصَارُ ۙ (٣٧)

❂ એવા લોકો કે જેમને અલ્લાહના સ્મરણથી તથા નમાઝ પઢવાથી અને ઝકાત આપવાથી ન તો વેપાર રોકે છે કે ન કોઈ લેવડદેવડ; (કારણ કે) તેઓ તે દિવસથી ડરતા રહે છે કે જે દિવસે હ્રદયો (ગભરાટને લીધે) ઊલટાઈ જશે અને આંખો પણ.

(પારો–૧૮, સૂરએ નૂર, આયત–૩૭)

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

કિતાબ **ઈર્શાદાતે રસૂલ(સ.)**

૨૦ તોબા અને મગ્ફેરત વિષે

وَهُوَ الَّذِىْ يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ وَيَعْفُوْا عَنِ السَّيِّاٰتِ وَيَعْلَمُ مَا تَفْعَلُوْنَ ﴿۲۵﴾

અને તે એ જ છે કે જે પોતાના બંદાઓની તોબા કબૂલ કરે છે અને ગુનાોને માફ કરે છે. તમે લોકો જે કાંઈ કરો છો તેની તે જાણકારી ધરાવે છે. (સૂરએ શુરા, આયત–૨૫)

(૨૮૨) જો કોઈ પણ ઈરાદો કરે તો તેના માટે તોબાનો દરવાજો ખુલ્લો જ છે તેથી તમે નિખાલસતાથી તોબા કરો.

(બિહારૂલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૧૬૯)

(૨૮૩) પસ્તાવો કરવો એ તોબા જ છે.

(તહાફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૨૮૪) ગુનાઓથી તોબા કરી લેનાર એવો છે જાણે કે તેણે કોઈ ગુનો કર્યો જ નથી અને ગુનાઓનું આચરણ ચાલુ રાખીને તોબા કરનાર એવો છે કે જાણે તે પરવરદિગારની સાથે મશ્કરી કરે છે. (મજમુઆ વરામ)

(૨૮૫) અલ્લાહની દ્રષ્ટિમાં શ્રેષ્ઠ તોબા, પસ્તાવો અને ગુનાહોનો ત્યાગ છે.

(ઈસ્ના અશરીયા, સફા–૧૪)

(૨૮૬) જે પોતાના મોતના એક વર્ષ પહેલાં તોબા કરશે તો અલ્લાહ તેની તોબા કબૂલ કરશે. પછી ફરમાવ્યું, “એક વર્ષ તો વધારે છે પરંતુ જે મોતના એક મહિના પહેલાં તોબા કરશે તો અલ્લાહ તેની તોબા કબૂલ કરશે.” પછી ફરમાવ્યું, “એક મહિનો તો ઘણો જ વધારે છે પરંતુ એક જુમ્આ પહેલાં તોબા કરશે તો અલ્લાહ તેની તોબા કબૂલ કરશે.” પછી ફરમાવ્યું, “જુમ્આ તો ઘણું વધારે છે પરંતુ જે મોતના એક દિવસ પહેલાં તોબા કરશે તો અલ્લાહ તેની તોબા કબૂલ કરશે.” પછી ફરમાવ્યું, “એક દિવસ પણ વધારે છે પરંતુ જે બંદો મોતને પોતાની આંખોથી જોવા પહેલાં તોબા કરશે તો અલ્લાહ તેની તોબા કબૂલ રાખશે.

(ઉસૂલે કાફી, જિલ્દ–૪)

(૨૮૭) કોઈ વસ્તુ એવી નથી કે જે અલ્લાહને તોબા કરનાર કોઈ નવયુવકથી વધારે પ્રિય હોય. (રૌઝતુલ વાએઝીન, સફા–૪૮૧)

(૨૮૮) અલ્લાહ તે દરેક બંદાની તોબા કબૂલ કરે છે કે જે જીવ જતાં પહેલાં તોબા કરી લે.

(ઈસ્ના અશરીયા, સફા–૧૭)

(૨૮૯) એક બંદાએ અલ્લાહથી દુઆ માગી.

અલ્લાહે તે દુઆ કબૂલ કરી નહીં. તેણે ફરીથી અલ્લાહથી દુઆ માગી પરંતુ ફરી તેની દુઆ કબૂલ ન થઈ. પછી ત્રીજી વખત દુઆ માગી પણ કબૂલ ન થઈ. ત્યાર પછી તેણે ચોથી વખત દુઆ માગી તો અલ્લાહે કહ્યું, "મારો બંદો મારાથી દુઆ માગે છે પરંતુ મેં તેનાથી મોઢું ફેરવી લીધું છે મારા બંદાએ તે જાણી લીધું છે કે તેના ગુનાઓને મારા સિવાય કોઈ માફ કરનાર નથી. હું તમને સાક્ષી રાખું છું કે મેં તેની મગ્ફેરત કરી છે.

(મજમુઆ વરામ, જિલ્દ–૧, સફા–૭)

(૨૯૦) અલ્લાહની નજીક તોબા કરનાર મોમિન અને મોમિનાથી વધારે પ્રિય કોઈ નથી.

(સફીનતુલ બિહાર, જિલ્દ–૧, સફા–૧૨૬)

(૨૯૧) જે પોતાના આમાલનામાના દરેક પાનાની નીચે "અસ્તગફેરૂલ્લાહ" લખેલું જુએ તે સદા સુખી રહેશે.

(જામેઅઉલ અખબાર, સફા–૪૪)

(૨૯૨) સૌથી શ્રેષ્ઠ દુઆ મગ્ફેરતની દુઆ છે.

(ઉસૂલે કાફી, જિલ્દ–૪, હદીસ–૧)

(૨૯૩) જે વધારેમાં વધારે મગ્ફેરતની દુઆ કરે છે તેને દરેક દુ:ખથી રાહત મળે છે અને દરેક તંગીથી મુકિત મળે છે. તેને એવી જગ્યાઓથી રોજી મળે છે કે જ્યાંથી તેને મળવાની કોઈ આશા ન હોય.

(બિહારૂલ અન્વાર, જિલ્દ–૮૮, સફા–૧૮૬)

(૨૯૪) તે બંદો કેટલો દુષ્ટ કહેવાય કે જે અલ્લાહથી મગ્ફેરતની દુઆ કરતાં કરતાં ગુનાઓનું આચરણ કરે છે તે નજાતની આશા રાખે છે પરંતુ તેના માટે કોઈ અમલ કરતો નથી. અઝાબનો ડર રાખે છે પરંતુ તેનાથી દૂર રહેતો નથી. ગુના કરવામાં જલ્દી કરે છે અને તોબામાં ઢીલ કરે છે અને અલ્લાહથી ખોટી ખોટી આશાઓ રાખે છે તેથી તેના માટે કયામતના દિવસે ખરાબી છે.

(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૧૦૫)

(૨૯૫) મગ્ફેરતની દુઆ ગુનાહોનો પાયો તોડી નાખે છે. (મજાઝાત અલ નબવીયા, સફા–૨૩૨)

(૨૯૬) તમે વધારેમાં વધારે મગ્ફેરતની દુઆ કરો કારણ કે અલ્લાહે તમને ફકત એટલા માટે જ મગ્ફેરતની દુઆ શિખવાડી છે કે તમારી મગ્ફેરત કરે. (મજમુઆ વરામ)

(૨૯૭) જ્યારે કોઈ બંદો આવું કહે છે, "હે મારા પરવરદિગાર ! મારી મગ્ફેરત કર કારણ કે તારા સિવાય કોઈ નથી કે જે ગુનાઓને માફ કરે" તો અલ્લાહ તેનાથી રાજી થાય છે અને ફરિશ્તાઓને કહે છે, "હે મારા ફરિશ્તાઓ મારા આ બંદાને યકીન છે કે તેના ગુનાઓને મારા સિવાય બીજું કોઈ માફ નથી કરી શકતું. તેથી તમે સાક્ષી રહેજો કે મેં તેની મગ્ફેરત કરી.

(બિહારૂલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૬૭)

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### યુનાની ફિલોસૉફર

જાબિર બિન હૈયાને પૂછ્યું, શું અફલાતૂન (પ્લેટો) અને તેનો શિષ્ય અરસ્તૂ (એરિસ્ટોટલ) મોતને બરહક માનતા હતા ? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, આ બન્ને જણા યુનાની હતા અને પ્રાચીન યુનાનમાં મોત વિશે એવી માન્યતા ન હતી કે માણસનું જીવન પૂરેપૂરી રીતે ખતમ થઈ જાય છે. તે લોકો મોતને માનવજાતના લાંબા આયુષ્યનો એક તબક્કો માનતા હતા, એ જ કારણથી જ્યારે તે મડદા માટે તાબૂત (શબ પેટી) બનાવતા હતા તો તાબૂત ઉપર પોતાની રૂચિ પ્રમાણે રંગબેરંગી ચિત્રો દોરતા હતા. એ ચિત્રોમાં સ્ત્રી-પુરૂષના સંબંધનાં દશ્યો, નૃત્યનાં દશ્યો અને શિકાર વગેરેનાં દશ્યો દોરેલાં રહેતાં હતાં. તે ચિત્રો બનાવવા પાછળ તેમનો આશય એ હતો કે તેઓ તાબૂતમાં પડેલા શરીરને મડદું નહીં, બલ્કે જીવિત માનતા હતા. પરંતુ યુનાની લોકો મોત પર ઈમાન ન ધરાવતા હોવા છતાં ય તેમના ફિલોસૉફરો મોતના વિષય ઉપર મનન મંથન કરવાથી ગાફેલ ન હતા.

યુનાની ખગોળશાસ્ત્રી અરસ્તૂખુસ (Aristarchus of Samos) ફિલોસૉફીમાં પણ નિષ્ણાત ગણવામાં આવતો હતો. તેણે મોત વિશે ઘણું મનન મંથન કર્યા પછી કહ્યું કે હું આ વિચારથી દૂર જઈ શકતો નથી કે એ લાખો પુરૂષો અને સ્ત્રીઓ કે જે મારા પહેલાં જીવિત હતા તે ક્યાં ગયા ? અને તે લોકોમાંથી કોઈને જોઈ શકાતું કેમ નથી ? અને કોઈનો પણ અવાજ સંભળાતો કેમ નથી ? વળી મને એ ખુશનસીબી કેમ પ્રાપ્ત થઈ છે કે જે લાખો પુરૂષો-સ્ત્રીઓ કે જેઓ મરી ચૂક્યા છે અને પાછા આવવાના નથી તે બધામાંથી ફક્ત હું જ જીવિત છું અને જીવનની ખુશીઓ માણી રહ્યો છું અને શું હું પણ એક દિવસ એમની જેમ જ મરી જઈશ? કે પછી મને જીવનની એ બધી ખુશીઓ મળી રહી છે તેના કારણે હું નહીં મરું ? મને અનુભવ થાય છે કે લાખો પુરૂષો અને સ્ત્રીઓ કે જેઓ મરી ચૂક્યાં છે તેમનામાં અને મારામાં ફેર છે કારણ કે મને જીવન સાથે પ્રેમ છે અને એ લોકો કે જેઓ મરી ચૂક્યા છે એટલા માટે મરી ગયાં છે કે તેમને જીવન સાથે પ્રેમ ન હતો અને તે લોકો જીવનની ખુશીઓ માણવા ઈચ્છતા ન હતા.

હું પોતાની જાતને આ નિયમથી અપવાદરૂપ માનું છું અને મને હંમેશાં જીવિત રહેવાની આશા છે તેમ છતાં ય ક્યારેક ક્યારેક હું પોતાની જાતને કહું છું કે જો હું મરી જઈશ તો શું થઈ જશે ? શું મોત પછી હું જીવનમાં જે ખુશીઓ માણી રહ્યો છું તે બધી ખુશીઓને માણી શકીશ ? શું મોત પછી સ્વાદિષ્ટ ભોજન જમવાનો લ્હાવો માણી શકીશ? આજની જેમ જ શું સંગીતનો અવાજ

મને આનંદ પહોંચાડશે ? અથવા તો હું મોત પછી એ પ્રાણીઓના જેવો થઈ જઈશ કે જે મરી જાય છે? અને શું એ પક્ષી કે જેનું માંસ કાલ સુધી મારો ખોરાક હતો તે મરી ગયા પછી જીવિત થશે ખરૂં? અને એ બકરો કે જેને અમે એક દિવસ પહેલાં ઝિબ્હે કર્યો અને તેના માંસનું ભોજન રાંધ્યું અને મારા ઘણા સગા વહાલાઓને ખવડાવ્યું, શું મોત પછી તેના જીવિત થવાની આશા રાખી શકાય ખરી ?

પરંતુ પાછળથી મને વિચાર આવે છે કે મારામાં અને બકરામાં ઘણો ફેર છે કારણ કે હું માણસ છું અને બકરો જાનવર છે. માણસને તો એ અધિકાર છે કે તે મરી ગયા પછી જીવિત રહે કારણ કે માણસ પાસે બુધ્ધિ અને જ્ઞાન છે અને બકરા પાસે બુધ્ધિ અને જ્ઞાન નથી. જો હું મર્યા પછી જીવિત ન રહું તો આજે મને એ વિચાર જ ન આવી શકે કે હું મોત પછી જીવિત રહીશ અને પોતાની જાતને પણ ઓળખી શકીશ. હું નથી ઈચ્છતો કે મોત પછી હું પોતાને ન ઓળખી શકું કારણ કે જો હું મોત પછી પોતાને ઓળખી ન શકું તો જે ખુશીઓ મોત પછી મારા નસીબમાં હશે તેમને હું માણી શકીશ નહીં. મારે મોત પછી પોતાની જાતને ઓળખવી જોઈએ કે જેથી મને ખબર પડે કે આ હું પોતે જ છું કે જે આ બધી ખુશીઓ માણી રહ્યો છું, કોઈ અન્ય નથી.

આ પછી અરસ્તૂખુસ કહે છે, શું એ વાત શક્ય છે કે હું પણ લાખો પીળાં પાંદડાંના જેવો થઈ જાઉં કે જે પાનખરની ઋતુમાં ઝાડ પરથી ખરી પડે છે અને થોડી જ વારમાં નાશ પામી જાય છે? ક્યારેક હું વિચારું છું કે હું પણ એ જ પીળાં પાંદડાંની જેમ ધૂળ બનીને નાશ પામી જઈશ ? પરંતુ મારા અંતરાત્માના ઊંડાણમાંથી કોઈ મને કહે છે કે આવું નથી. મારામાં અને પાનખરની ઋતુમાં ઝાડ પરથી પડતાં પીળાં પાંદડાંમાં, ફેર છે અને હું ઝિબ્હે થનારા અને પછી ખોરાકમાં ઉપયોગમાં લેવામાં આવતા બકરા કરતાં ચઢિયાતો છું. હું માનું છું કે બકરાની સરખામણીમાં અને પીળાં પાંદડાંની સરખામણીમાં મારામાં વિશેષતા એ છે કે હું સમય વીતવાનો અનુભવ કરી શકું છું અને તે બન્ને સમય વીતવાનો અનુભવ કરી શકતાં નથી.

ઘણી વખત મેં એવો વિચાર કર્યો કે સમયનું વીતવું શું છે ? અને હવે વિચારું છું કે સમય વહેતી નદી જેવો છે અને હું તે નદીમાં પથ્થરની શિલાની જેમ છું કે જ્યારે તેના સુધી પાણી પહોંચી જાય છે તો તે ઊભી રહી શકતી નથી પરંતુ હલનચલન કરવા માંડે છે અને પાણી તેના કોઈ એક ભાગ સાથે ટકરાઈને અવાજ ઉત્પન્ન કરીને આગળ વધી જાય છે અને મારું જીવન વર્તમાનકાળ છે. નદીનો સ્રોત કે જ્યાંથી પાણી નીકળે છે તે ભૂતકાળ છે અને નદીનો ઢોળાવ કે જે તરફ પાણી આગળ વધે છે તે ભવિષ્યકાળ છે અને હું કે જે એક ક્ષણ માટે પાણીને રોકી લઉં છું, તે વર્તમાનકાળ છું અને નદીનું પાણી મારી સાથે ટકરાઈને પોતે પણ વર્તમાનકાળ જ બની જાય છે.

મને ભૂતકાળમાં કોઈ રસ નથી કારણ કે ભૂતકાળની સાથે મારો કોઈ સંબંધ નથી અને તેનાથી મને ફાયદો નથી થઈ શકતો. મારું જીવન વર્તમાનકાળ છે અને હંમેશાં હું વર્તમાનકાળમાં જીવીશ અને એક ક્ષણ, કે જેમાં હું સમજું છું કે હું જીવિત છું, તે ક્ષણ ન તો વર્તમાનકાળ છે કે ન ભૂતકાળ કે ન ભવિષ્યકાળ. મને ખબર છે કે મારા માટે વર્તમાનકાળ મારું અસલ જીવન છે. જેના વડે હું મારા આયુષ્યને ઓળખી શકું છું તે ફક્ત વર્તમાનકાળ છે.

મારું વીતી ગયેલું આયુષ્ય એક એવા પક્ષી જેવું છે કે જે પાંજરામાંથી આઝાદ થઈને ઊડી ચૂક્યું છે અને હવે તેનો સંબંધ મારી સાથે રહ્યો નથી અને મારું આવનારું આયુષ્ય એક એવા પક્ષી જેવું છે કે જે આકાશમાં ઊડી રહ્યું છે અને હજુ સુધી મેં તેને પકડીને પાંજરામાં કેદ કર્યું નથી. ફક્ત વર્તમાનકાળ જ મારા સંપૂર્ણ કાબૂમાં છે અને હું તેનો માલિક છું. હું જેવી રીતે ઈચ્છું તેના વડે ફાયદો ઉઠાવું. હું જીવિત છું ત્યાં સુધી આ વર્તમાનકાળ બાકી છે અને એ દરેક ક્ષણ કે જેમાં હું અનુભવ કરું છું કે હું જીવિત છું તે ક્ષણ મારા માટે સમય છે. મને આશ્ચર્ય થાય છે કે કેટલાક લોકો વીતેલા સમયને પોતાનું આયુષ્ય માની લે છે અને આ વાત ઉપર ધ્યાન નથી આપતા કે જે સમય વીતી ચૂક્યો છે તે હવે તેમનો રહ્યો નથી.

મને એ વાતનું પણ આશ્ચર્ય થાય છે કે કેટલાક લોકો કેવી રીતે આવનારા સમયને પોતાનું આયુષ્ય માની લે છે અને એ વાત ઉપર ધ્યાન આપતા નથી કે જે સમય હજુ સુધી આવ્યો નથી તે એવી દોલત જેવો છે કે જેને હજુ સુધી પ્રાપ્ત કરવામાં નથી આવી એટલે તેને પોતાની માની જ ન શકાય. મને આશ્ચર્ય છે કે શા માટે કેટલાક લોકો આ સ્પષ્ટ હકીકતને સમજી નથી શકતા અને સ્વીકારી નથી શકતા કે જીવન વર્તમાનકાળ સિવાય કંઈ જ નથી અને જો કોઈ જીવનથી ફાયદો ઉઠાવવા ઈચ્છે તો તેણે વર્તમાનકાળથી ફાયદો ઉઠાવવો જોઈએ.

હું જોઉં છું કે કેટલાક લોકો કહે છે કે આજે આ ખુશીનો સમય નથી. તેને કાલ ઉપર છોડી દો. તેઓ આ વાતથી ગાફેલ છે કે કાલ તેમની નથી કારણ કે હજી સુધી તેઓ તેના માલિક થયા નથી. માણસનું આયુષ્ય વર્તમાનકાળ છે અને આ વર્તમાનકાળ તેના જીવનના અંત સુધી ચાલતો રહે છે. માણસ માટે કોઈ પણ એવી ક્ષણ નથી આવતી કે જે વર્તમાનકાળ ન હોય.

ગઈ કાલ ભાષાનો અર્થ ધરાવે છે પરંતુ તે આપમેળે નિરર્થક છે કારણ કે ગઈ કાલનું અસ્તિત્વ નથી અને જેનું અસ્તિત્વ ન હોય તેનો અર્થ હોય તે કેવી રીતે શક્ય છે ? આવતી કાલ સાર્થક છે પરંતુ આપમેળે તેનું અસ્તિત્વ નથી કારણ કે જે વસ્તુ હમણાં સુધી અસ્તિત્વમાં નથી તે અર્થ ધરાવતી હોય તે કેવી રીતે શક્ય છે ?

લોકો આ વાત ઉપર ધ્યાન નથી આપતા કે કાલ પણ (જો આવી જાય તો) તે વર્તમાનકાળ છે અને જો હું કોઈ જગ્યાએ કાલે બપોરે પહોંચું તો બપોરના સમયે પણ વર્તમાનકાળ જ પામીશ, આવતી કાલ નહીં પામું. મારા અને બીજા માણસોના જીવનમાં આવતી કાલ ફક્ત ભાષાની હદ સુધી સીમિત છે અને તે આપમેળે નિરર્થક છે.

જ્યાં સુધી હું જીવિત છું ત્યાં સુધી મારા માટે કોઈ પણ એવી ક્ષણ નહીં આવે કે જે વર્તમાનકાળ ન હોય અને હું કોઈ પણ ક્ષણને એમ ન કહી શકું કે આ ક્ષણ ગઈ કાલ છે અથવા આવતી કાલ છે. મારા પિતા પણ જ્યાં સુધી જીવિત હતા ત્યાં સુધી તેઓ એમ ન કહી શક્યા કે તે ક્ષણ ગઈ કાલ છે કે આવતી કાલ છે. મારો દીકરો પણ યુવાન છે તે પણ એમ કહી શકતો નથી. એટલે કે તેના આયુષ્યની દરેક ક્ષણ વર્તમાનકાળ છે. જે સમયે હું યુવાન હતો ત્યારે હું ડેમોક્રિટસ (Democritus) ની એક વાત સમજી શક્યો ન હતો કે તેણે કહ્યું છે કે હું અને મારા પિતા અને મારો દીકરો એક જ ક્ષણમાં જન્મ્યા છીએ. આવું કહેવા પાછળ તેનો આશય શું હશે ? (ક્રમશ:)

# ગ ડ મ થ લ ૭૪૮

**::::: સંપાદક:::::**
જાફરી આવાઝ
(કાર્યાલય)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ૪ | ૫ | ■ | ૬ |
| | ■ | | ■ | ૭ | ■ | ૮ | | ૯ | |
| ૧૦ | | | ■ | ૧૧ | | | ■ | | ■ |
| | ■ | ૧૨ | | | ■ | ■ | ૧૩ | | ૧૪ |
| ■ | ૧૫ | | | ■ | ૧૬ | | | ■ | |
| ૧૭ | | ■ | ■ | ૧૮ | | ■ | | ■ | |
| | ■ | ૧૯ | ■ | ૨૦ | | ૨૧ | ■ | ૨૨ | ■ |
| ૨૩ | | | ૨૪ | ■ | ■ | ૨૫ | ૨૬ | ■ | ૨૭ |
| ■ | ■ | ૨૮ | | ■ | ૨૯ | | | ■ | |
| ૩૦ | | | ■ | ૩૧ | ■ | ૩૨ | | | ■ |

**::::: આડી ચાવીઓ :::::**

(૧) ખુશખબરી, શુભ સમાચાર (૪)
(૩) પ્રતિજ્ઞા, એક, અલ્લાહનું એક નામ (૩)
(૮) કેસર (૪)
(૧૦) મહેરબાની, કૃપા (૩)
(૧૧) પાંચમા ઈમામનો લકબ, ઈલ્મનાં પડ ખોલનાર (૩)
(૧૨) વિજયી, ફતેહમંદ (૩)
(૧૩) વધ, કાપી નાખવું તે (૩)
(૧૫) આંગણું, ચોગાન (૩)
(૧૬) વિક્ષેપ (૩)
(૧૭) દીદાર, પ્રદર્શન (૨)
(૧૮) રાત્રી, રાત (૨)
(૨૦) અગ્નિકણ, ઉપદ્રવી (૩)
(૨૨) સુધી (૧)
(૨૩) દ્વારપાળ, દરવાજાનો ચોકીદાર (૪)
(૨૫) ઊઘાડું, ખુલ્લુ (૨)
(૨૮) રાતની નમાઝ (૨)
(૨૯) ગાય માટેનો અરબી શબ્દ (૩)
(૩૦) અપમાનિત (૩)
(૩૧) અને (૧)
(૩૨) ઈચ્છા, અભિલાષા (૩)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) વધારો, વૃધ્ધિ (૪)
(૨) યુધ્ધભૂમિ (૫)
(૪) દસ વખત એકસો (૩)
(૫) યુધ્ધભૂમિમાં વગાડવામાં આવતું એક વાજિત્ર (૨)
(૬) એક પ્રકારની રોટી (૨)
(૭) યુવાની, યૌવન (૩)
(૯) શાંતિ, આરામ, ચેન (૩)
(૧૩) લેખિની, પેન (૩)
(૧૪) લીટી, રેખા (૩)
(૧૫) મૂસા (અ.)ના જમાનામાં બની ઈસરાઈલ માટે નાઝિલ થયેલ એક ખોરાકનું નામ : "મન્ન અને ..............." (૨)
(૧૬) સમાચાર, માહિતી (૩)
(૧૭) નવમા ઈમામનો એક લકબ (૩)
(૧૮) છ, છની સંખ્યા (૨)
(૧૯) 'કબીલા'નું બહુવચન (૪)
(૨૧) મિત્રતા, દોસ્તી (૪)
(૨૪) ઘેન, કેફ (૨)
(૨૬) લાજ, લજ્જા (૩)
(૨૭) મુશ્કેલી, મુસીબત (૨)

રબીબે અમીરુલ મોમિનીન (અ.)

# મોહંમદ બિન અબીબક્ર

હિજરી સન–૧૦
થી
હિજરી સન–૩૮

ઈસ્લામી ઈતિહાસના કપાળ ઉપર કેટલાક સિપેહસાલારનાં નામ રોશન છે જેમાંના કેટલાક અમુક ઈલાકાઓના ગર્વનર બન્યા હતા અને કેટલાક ઈસ્લામી ફોજોના સેનાપતિ હતા, કેટલાક સંદેશવાહકો બન્યા તો કેટલાકને સર્વશ્રેષ્ઠ હાકિમ નિયુક્ત કરવામાં આવ્યા. આ લોકોએ પોતાની યુવાવસ્થામાં જ ખાસ સમસ્યાઓને સંભાળી લીધી હતી.

એમનામાંથી કેટલાકની ઉંમર તો માત્ર ૩૦ વર્ષની જ હતી અને તેમનાથી ય ઓછી ઉંમરના હતા. આના ઉપરથી જાણવા મળે છે કે એ વખતે મઝહબી સભ્યતાની સુધારણાનું કાર્ય ખૂબ પ્રગતિ ઉપર હતું. એટલા માટે જ તો રસૂલે કરીમ (સ.)એ મુસઅબ બિન ઉમૈરને મદીનામાં અન્સારની મુલાકાત માટે હિજરતની રાત્રે મુકર્રર કર્યા હતા. તેઓ એ વખતે નવજવાન હતા. એવી જ રીતે ઉસામા બિન ઝૈદને એક જંગમાં લશ્કરના સિપેહસાલાર મુકર્રર કર્યા અને મોટા સહાબાએ કિરામને તેમની ઈતાઅત કરવાનું કહ્યું. જ્યારે તેઓ સિપેહસાલાર બન્યા તો તે વખતે તેમની ઉંમર માંડ ૧૮ વર્ષની હતી.

આવા જ એક થનગનતા યુવકનો હેવાલ રજૂ કરવામાં આવે છે કે જેઓ અમીરુલ મોમિનીન (અ.)ના ચુસ્ત અનુયાયીઓમાં આગળ પડતું સ્થાન ધરાવે છે કે જેમણે ખીલતી કળીની માફક પોતાનું જીવન પસાર કર્યું. આ નવયુવકનું નામ છે મોહંમદ બિન અબીબક્ર.

મોહંમદ બિન અબી બક્રનો જન્મ હિજરી સન–૧૦માં થયો હતો. તેમની માતાનું નામ હતું અસ્મા બિન્તે ઉમૈશ. સૌ પ્રથમ અસ્મા હઝરત જાફરે તૈયાર (અ.)નાં બીબી હતાં. જ્યારે હઝરત જાફરે તૈયાર શહીદ થઈ ગયા તો તેમણે અબુબક્રની સાથે શાદી કરી અને તેમને એક પુત્ર પેદા થયો જેમનું નામ છે મોહંમદ બિન અબી બક્ર. અબી બક્રના મૃત્યુ પછી અસ્માએ અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબીતાલિબ (અ.)ની સાથે શાદી કરી કે જેઓ હઝરત જાફરે તૈયાર (અ.)ના સગા ભાઈ થતા હતા. હઝરત અલી (અ.) સાથે શાદી કર્યા પછી અસ્માએ એક પુત્રને જન્મ આપ્યો કે જેમનું નામ યહ્યા હતું.

જ્યારે અસ્મા બિન્તે ઉમૈશ હઝરત અલી (અ.)ના ઘરમાં આવ્યાં ત્યારે પોતાની સાથે નાનકડા મોહંમદને પણ સાથે લેતાં આવ્યાં હતાં. આ મોહંમદ ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)ની સાથે રહીને પવિત્ર વાતાવરણમાં ઉછેર પામ્યા. પોતાના સાવકા પુત્ર મોહંમદને મૌલા અલી (અ.)એ પવિત્ર

સંસ્કારો આપીને ઉછેરીને મોટા કર્યા તેથી મોહંમદ બિન અબીબક્રને "રબીબે અમીરુલ મોમિનીન (અ.)" કહેવામાં આવે છે. રબીબનો અર્થ થાય છે સાવકો પુત્ર.

મોહંમદ મૌલા અલી (અ.)ના ઘરમાં રહીને જ બાલિગ અવસ્થાએ પહોંચ્યા. મોહંમદ ખૂબ બહાદુર અને મજબૂત યુવક હતા કે જેમને અમીરુલ મોમિનીન (અ.)માં સંપૂર્ણ ઈમાન હતું, જો કે તેમના જૈવિક પિતા અબુબક્ર અને તેમના પછીના બન્ને ખલીફાઓ અલી (અ.)ના વિરોધી હતા તેમ છતાંય તેઓ અલી (અ.)ના ચુસ્ત અનુયાયી રહ્યા હતા.

અમીરુલ મોમિનીન (અ.)ને પણ આ છોકરો લાડકવાયો હતો કારણ કે તે આપના ખોળામાં ઉછરીને મોટો થયો હતો. મૌલા અલી (અ.)નું કથન છે :

"મોહંમદ, અબુબક્રની પીઠથી પેદા થયેલો મારો દીકરો છે."

આપ (અ.)એ આવું પણ ફરમાવ્યું છે :

"મોહંમદ મારી પત્નીનો દીકરો છે; એટલે કે તે મારો દીકરો છે અને હું તેનો પિતા છું."

મોહંમદે મૌલા અલી (અ.)ના પક્ષે રહીને જંગે જમલ અને જંગે સિફ્ફિનમાં ભાગ લીધો હતો. મોહંમદને એક દીકરો પેદા થયો હતો જેમનું નામ કાસિમ હતું. આ કાસિમને ત્યાં એક દીકરી પેદા થઇ હતી જેમનું નામ હતું ઉમ્મે ફરવા અને આ ઉમ્મે ફરવાની શાદી આપણા પાંચમા ઈમામ મોહંમદ બાકિર (અ.)ની સાથે થઇ હતી અને તેઓ ઈમામ જાફર સાદિક (અ.) નાં માતા બન્યાં હતાં.

મોહંમદના સાવકા ભાઈ યહ્યા કે જે મૌલા અલી (અ.) દ્વારા અસ્મા બિન્તે ઉમૈશના પેટે અવતર્યા હતા તે પોતાના જમાનાના સૌથી મહાન આલિમ અને દીની મસઅલાઓના જાણકાર હતા. તેઓ ઈમામ સજ્જાદ (અ.) ના વિદ્યાર્થી પણ રહી ચૂક્યા હતા. શીઆ અને સુન્ની બન્ને લોકો યહ્યાના ઈલ્મનો અને બુધ્ધિમત્તાનો સ્વીકાર કરતા હતા.

હઝરત અલી (અ.)એ પોતાની ખિલાફત દરમિયાન મોહંમદ બિન અબીબક્રને એક મોટી જવાબદારી સોંપી હતી. મોહંમદને તેમની કાબેલિયતને કારણે મિસરના ગર્વનર બનાવવામાં આવ્યા હતા. એ જમાનામાં ઈસ્લામી દુનિયામાં સૌથી મોટી હુકૂમત મિસ્રની હતી. વસ્તીની દ્રષ્ટિએ, જમીનના ક્ષેત્રફળની દ્રષ્ટિએ અને તેના ઐતિહાસિક મહત્વની દ્રષ્ટિએ મિસ્રમાં એક શક્તિશાળી સરસેનાપતિની જરૂર હતી, શાસકની જરૂર હતી અને આ બધી ખૂબીઓ મોહંમદ બિન અબીબક્રમાં મોજૂદ હતી. તેથી હઝરત અલી (અ.)એ તેમના ઉપર પસંદગી ઉતારી હતી. જ્યારે તેમને મિસ્રના વાલી બનાવીને મોકલ્યા તો અલી (અ.)એ આ મુજબ હિદાયત ફરમાવી હતી : (અનુવાદ)

"(મિસ્રવાસીઓ સાથે) સન્માનપૂર્વકનો

વ્યવહાર કરજો. તેમની સાથે દયાળુ અને નરમ બનજો અને તેમને હસતા ચહેરે મળજો. તમારા કાર્યોમાં વ્યાજબીપણું, ન્યાયપૂર્ણતા અને નિષ્પક્ષતા રાખજો જેથી વગદાર માણસો પણ તમારી સૌમ્યતાનો બિનજરૂરી ફાયદો ઉઠાવવાની હિંમત ન કરે અને આમ જનતા તેમજ ગરીબ લોકો તમારા ન્યાયને લીધે અને વ્યાજબી વ્યવહારને લીધે નિરાશ ન થાય.

અય ખુદાની મખ્લૂક ! જાણી લો કે સર્વ શક્તિશાળી અલ્લાહ તમારા દરેક જણના ગુનાઓનો, પછી તે કબીરા હોય કે સગીરા, જાહેરમાં કર્યા હોય કે છૂપી રીતે કર્યા હોય, તે બધાનો હિસાબ લેવાનો છે. જો તે તમારા ગુનાઓ બદલ સજા કરે તો તે જુલ્મ નહીં ગણાય અને જો તે તમને માફ કરી દે તો તે તેની મહાન રહેમત અને મગ્ફેરતને કારણે છે.

અય અલ્લાહની મખ્લૂક ! યાદ રાખી લો કે પવિત્ર માણસો માનપ્રદ અને ફળદાયી જીવન જીવ્યા પછી આ દુનિયાથી ચાલ્યા ગયા અને આખેરતમાં તેમને તેનો સારો બદલો મળવાનો છે (જ્યારે તેમની સરખામણી દુનિયાપરસ્ત લોકોની સાથે કરવામાં આવે તો તેમને પણ આ દુનિયામાં ફળ પ્રાપ્ત કરવાની સરખી તકો હતી અને પોતાની શક્તિ અનુસાર તેનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હોત અને સાથે સાથે જીવનની દુષ્ટ અને અધમ પધ્ધતિઓથી દૂર પણ રહ્યા હોત). દુનિયાપરસ્ત લોકોની માફક તેમણે પોતાની નજાતને જોખમમાં નથી મૂકી. તે વધારે સંતોષી, વધારે માનપ્રદ અને વધારે સુખી જીવન જીવી ગયા, એવા લોકોના કરતાં કે જેઓ અધમતાથી જીવ્યા. તેમણે તેમની મહેનતનાં ફળ ભોગવ્યાં અને પૈસાદાર અને ધનવાન લોકોના કરતાં તો તેમનું જીવન વધારે પ્રસન્ન, નમ્ર અને તંદુરસ્ત અનુભવના આનંદવાળુ હતું. ઝાલિમો અને દુષ્ટ લોકો જેવો આનંદ માણવાની ઈચ્છા રાખે છે એટલા જ આનંદોની, સુવિધાઓ અને દુનિયાની પરમ શાંતિની ઝિયાકત તેમણે માણી છે. તેમ છતાંય આ દુનિયાને છોડતી વખતે તેઓ પોતાની સાથે એ બધું જ લઇ ગયા કે જે તેમને બીજી દુનિયામાં કામ આવવાનું છે. આ દુનિયાને છોડતી વખતે તેમણે તેના અનિષ્ટોને ત્યજી દઈને સુખનો આનંદ માણ્યો છે."


**અલ શિફા ડાયાબીટીશ ચૂર્ણ**

કારેલા, હળદર, જાંબુબીજ, આંમળા, ગુડમાર, કડુ, કરીયાતુ, અશ્વગંધા, વગેરે વનસ્પતિઓથી બનાવેલ ડાયાબીટીશના દર્દીઓ માટે ચૂર્ણ

::::: સંપર્ક :::::

**ડો. આબિદઅલી ટી. ધરખડ (બાદરપુર)**

મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭

**શિફા આયુર્વેદિક સ્ટોર્સ (હિંમતનગર)**

મો. ૯૪૨૭૪૮૩૪૪૦

નોંધ : સલાહ મેળવવા માટે ડો.આબિદઅલી ધરખડનો સંપર્ક કરો.

# علیؑ علیؑ ہے علیؑ علیؑ

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

ہے جلوہ گر ہر طرف جو ہستی علیؑ علیؑ ہے علیؑ علیؑ
نبی کا داماد بھی اخی بھی علیؑ علیؑ ہے علیؑ علیؑ

مصیبتوں میں جو گھر گیا تو پکارا اس کو ہر اک نبی
لبوں پہ نبیوں کے ہے جو نعرہ علیؑ علیؑ ہے علیؑ علیؑ

پکارتے ہیں 'معین' و 'شہباز' جس ولی کو گھڑی گھڑی
وہی تو مشکل کشا ہمارا علیؑ علیؑ ہے علیؑ علیؑ

جو ضربِ انگشت جب چلائی لرز اٹھا در خیبر کا
پکارا مرحب کہ بھاگو یہ تو علیؑ علیؑ ہے علیؑ علیؑ

چلائی تلوار ابنِ حیدر نے تو یہ بولی تڑپ کے فوج
علی کا بیٹا نہیں ہے یہ خود علیؑ علیؑ ہے علیؑ علیؑ

غدیرِ خم میں اسی کو کر کے بلند بولے میرے نبی
میں جس کا مولا اسی کا مولا علیؑ علیؑ ہے علیؑ علیؑ

اماموں کا جو امام ہے اور قلندروں کا جو ہے ولی
ہے بابِ شہرِ نبی وہی تو علیؑ علیؑ ہے علیؑ علیؑ

نبی کی خاطر نبی کے بستر پہ سو گیا جو شیرِ جری
جہان میں لاجواب ایسا علیؑ علیؑ ہے علیؑ علیؑ

# અલી અલી હૈ અલી અલી

વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી બાવા સાહેબ (મદ્દે.)

હૈ જલ્વાગર હર તરફ જો હસ્તી, અલી અલી હૈ અલી અલી,
નબીકા દામાદ ભી, અખી ભી, અલી અલી હૈ અલી અલી.

મુસીબતોંમેં જો ઘિર ગયા તો પુકારા ઉસકો હર એક નબી,
લબોંપે નબીઓં કે હૈ જો નાઅરા, અલી અલી હૈ અલી અલી.

પુકારતે હૈ 'મોઇન' વ 'શેહબાઝ' જિસ વલીકો ઘડી ઘડી,
વહી તો મુશ્કિલકુશા હમારા, અલી અલી હૈ અલી અલી.

જો ઝર્બે અંગુશ્ત જબ ચલાઇ લરઝ ઊઠા દર ખૈબરકા,
પુકારા મરહબ કે ભાગો યે તો, અલી અલી હૈ અલી અલી.

ચલાઇ તલવાર ઇબ્ને હૈદરને તો યે બોલી તડપકે ફૌજ,
અલીકા બેટા નહી હૈ યે તો ખુદ, અલી અલી હૈ અલી અલી.

ગદીરે ખુમમેં ઇસીકો કર કે બુલંદ બોલે મેરે નબી,
મૈં જિસકા મૌલા ઇસીકા મૌલા, અલી અલી હૈ અલી અલી.

ઇમામોંકા જો ઇમામ હૈ ઔર કલંદરોંકા જો હૈ વલી,
હૈ બાબે શહ્રે નબી વહી તો, અલી અલી હૈ અલી અલી.

નબીકી ખાતિર નબીકે બિસ્તર પે સો ગયા જો શેરે જરી,
જહાંમેં લાજવાબ ઐસા, અલી અલી હૈ અલી અલી.

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૭૭ સૂરએ મુરસલાત**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : શું અમોએ તમને એક તુચ્છ પાણીથી પેદા નથી કર્યો? (૨૦)

પછી અમોએ તેને એક સુરક્ષિત સ્થાન (ગર્ભ)માં રાખ્યું. (૨૧)

એક ઠરાવેલા સમય સુધી. (૨૨)

પછી અમોએ તેને એક પ્રમાણસર બનાવ્યો, તો અમે કેવા ઉત્તમ પ્રમાણસર બનાવનારા છીએ? (૨૩)

તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે.(૨૪)

શું અમોએ પૃથ્વી પૂરતી બનાવી નથી?(૨૫)

જીવતા તથા મરણ પામેલાઓ (ના સમાસ) માટે ? (૨૬)

શું અમોએ તમને તુચ્છ અને હલકા પાણીથી પેદા નથી કર્યા ? પછી અમોએ તેને એક સુરક્ષિત સ્થાન (ગર્ભમાં) રાખ્યો એક ઠરાવેલા સમય સુધી.

પછી અમોએ તેને એક પ્રમાણસર બનાવ્યો. અમે કેવા ઉત્તમ પ્રમાણસર બનાવનારા છીએ?

તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે.

શું અમોએ જમીનને રહેઠાણ બનાવ્યું નથી?

તે જીવતાઓને અને મડદાઓને ભેગા કરે છે એટલે જીવતાને પોતાની પીઠ ઉપર રાખે છે અને મડદાને પોતાના પેટમાં રાખે છે. જનાબે અમીરુલ મોમિનીન હઝરત અલી (અ.) સિફ્ફિનની લડાઈ પછી એક કબ્રસ્તાન પાસેથી નીકળ્યા તો ફરમાવ્યું કે આ રહેઠાણ મડદાઓનું છે. પછી કુફાના મકાનો તરફ નજર કરી ફરમાવ્યું કે આ રહેઠાણ જીવતાઓનું છે. એ મુજબ કહીને આપે આ આયતની તિલાવત ફરમાવી. અનિસુલ વાએઝીનમાં છે કે મર્યા પછી મોમિન પાસેથી ચાલીસ તોહફા તલબ કરવામાં આવશે કે જેમાંના ચાર તોહફા હઝરત ઈઝરાઈલ (અ.) ના છે. (૧) દુશ્મનોને ખુશ રાખવા. (૨) દોસ્તો સાથે નેકી કરવી. (૩) દરેકનો હક અદા કરવો. (૪) મોતને યાદ રાખવું.

ચાર તોહફાઓ કબરના છે. (૧) ખરાબ કામથી દૂર રહેવું. (૨) ઝઘડા કરવાથી છેટે રહેવું. (૩) પોતાના શરીરને નજાસતથી બચાવવું અને (૪) રાતના કુરઆન, નમાઝ વગેરે પઢવું.

ચાર તોહફા મુન્કીરો નકીરના છે. (૧) કોઈની ગીબત ન કરવી. (૨) કોઈના ઉપર એબ ન લગાડવા (૩) સત્ય વાત જાહેર કરવી. (૪) કોઈને પોતાના કરતાં ખરાબ ન માનવા.

ચાર તોહફા મિઝાનના છે. (૧) કોઈના ઉપર પોતાને મોટો ન સમજવો. (૨) હંમેશાં નેક કાર્ય કરવું. (૩) પોતાના માલિકની આજ્ઞા

માનવી અને (૪) ગરીબો ઉપર મહેરબાની કરવી.

ચાર તોહફા પુલે સિરાતના છે. (૧) ગુસ્સા વખતે કાબૂ રાખવો. (૨) ખરાબ કામથી દૂર રહેવું. (૩) જમાઅતથી નમાઝ પઢવી અને (૪) બિરાદરોની મદદ કરવી.

ચાર તોહફા જહન્નમના માલિક (ઉપરી) ના છે.

(૧) પયગમ્બરને સાચા જાણવા. (૨) અલ્લાહના ભયથી ડરતા રહેવું. (૩) ગુનાને યાદ કરીને રડવું અને (૪) માતા–પિતાને દરેક રીતે ખુશ રાખવા.

ચાર તોહફા જન્નતના માલિકના છે. (૧) અલ્લાહની યાદમાં રહેવું. (૨) દુ:ખ, સુખ વખતે સબ્ર અને શુક્ર કરવો. (૩) અલ્લાહના દોસ્તને દોસ્ત રાખવા અને (૪) ખુદાના દુશ્મનથી અદાવત કરવી.

ચાર તોહફા હઝરત રસૂલે ખુદા (સ.) ના છે. (૧) આપનાથી મોહબ્બત રાખવી. (૨) આપની સુન્નત ઉપર અમલ કરવો. (૩) આપની અહલેબૈતની પયરવી કરવી. (૪) તેઓ ઉપર, તેમની આલ અને અસ્હાબ ઉપર દુરૂદ અને સલવાત પઢવી. આ ઠેકાણે એ લોકો મુરાદ છે કે જે લોકો અહલેબૈત (અ.)થી અંત:કરણપૂર્વક મોહબ્બત રાખતા હતા જેવા કે જનાબે સલમાને ફારસી, જનાબે અબૂઝર ગફ્ફારી, વગેરે.

ચાર તોહફા રૂહના છે. (૧) થોડું ખાવું (૨) થોડું સૂવું (૩) થોડું બોલવું અને (૪) થોડું હસવું.

ચાર તોહફા ખુદાના છે. (૧) જે કામમાં તેની ખુશી હોય તેને કરવું (૨) નેક કાર્ય કરવાનું કહેવું. (૩) બૂરા કામથી લોકોને ડરાવવા અને (૪) ખુદાના દોસ્તો સાથે મોહબ્બત રાખવી તથા તેના દુશ્મનો સાથે દુશ્મની રાખવી.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : અને અમોએ તેમાં ઊંચા (ઊંચા) પહાડ કાયમ કર્યા અને અમોએ તમને મીઠું પાણી પીવડાવ્યું. (૨૭)

તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે. (૨૮)

(તમને કહેવામાં આવશે કે) જે (અઝાબ)ને તમે જૂઠલાવ્યા કરતા હતા તે તરફ ચાલો. (૨૯)

ત્રણ શાખાવાળી (આગની) છાયા તરફ ચાલો. (૩૦)

જેમાં ન ટાઢક છે કે ન તે આગની ઝાળથી બચાવી લેતી હશે. (૩૧)

મોટા મોટા ઘર જેવડા અંગારા ફેંકતી હશે. (૩૨)

જાણે કે તે પીળા ઊંટ (ન) હોય ! (૩૩)

તે દિવસે જૂઠલાવનારાઓની માઠી દશા થશે. (૩૪)

એ જ તે દિવસ છે કે (ગુનેગારો હૈબતના માર્યા) બોલી પણ નહીં શકે. (૩૫)

અને અમોએ તેમાં ઊંચા ઊંચા પહાડ કાયમ કર્યા અને અમોએ તેમને મીઠું પાણી પીવડાવ્યું.

આવી ઉમદા નેઅમતોને જૂઠલાવનારની બૂરી દશા થશે. તે દિવસે મલાએકા

જૂઠલાવનારાઓને કહેશે કે તમે જહન્નમ તરફ ચાલો કે જેને તમે દુનિયામાં જૂઠલાવતા હતા.

આગ મોટા મોટા ઘર જેવડા અંગારા ફેંકતી હશે. જાણે કે તે ચિનગારીઓ પીળા રંગના ઊંટ ન હોય, તે દિવસે જૂઠલાવનારાઓ માટે માઠી દશા હશે.

આ દિવસ એ છે કે તેના ભયના કારણે કાફરો કેટલીક જગ્યાએ કાંઈ બોલી શકશે નહીં. કહે છે કે કેટલીક જગ્યા એવી છે કે જ્યાં આપસમાં વાત કરશે પણ કેટલીક જગ્યા એવી છે કે જ્યાં ડરના માર્યા બોલી શકશે નહીં.

મોમિનો અર્શની છાયાની નીચે હશે જેમાં દરેક જાતનો આરામ હશે તેમને કોઈ જાતની તકલીફ પહોંચશે નહીં. (ક્રમશઃ)


# નૂતન ટ્રેડર્સ

- ઉંધઈ પ્રુફ, કાટ પ્રુફ, વોટર પ્રુફ, હેવી ફાઈબર પી.વી.સી.ના ચોખઠા બારી લાકડાના તથા લોખંડના ચોખઠા–બારી કરતાં ભાવમાં સસ્તાં
- સિમેન્ટના ચોખઠા–બારી, થાંભલા, થેપડા માટે સંપર્ક કરો.
- કોરોમંડલ કિંગ સિમેન્ટ તથા એ–વન સિમેન્ટ તથા કપચી માટે મળો.

**મો.અકબરઅલી કે. દાંત્રેલિયા**

**મો. ૯૪૨૮૩૫૯૪૨૬**

**નૂતન ટ્રેડર્સ (ઈલોલ તલાવ)**

ખુશખબર..... ખુશખબર..... ખુશખબર.....

# ખરોડીયા ઓટો મોબાઇલ્સ

- *ફોર વ્હીલર, ઈમ્પોર્ટેડ કાર, ટાટા, મારૂતિ, હુન્ડાઈ, મહિન્દ્રા, ટોયેટો, સ્કોડા, વિગેરે તમામ કંપનીના બધા જ મોડેલના ઓરીજનલ સ્પેર પાર્ટસ વ્યાજબી ભાવે મળશે.*
- *આ સાથે ઓઈલ, ગ્રીસ, વિગેરે બ્રાન્ડેડ કંપનીના મળશે તેમજ પાવર સ્ટેરીંગ રેક એન્ડ પીનીયન બધી જ ગાડીના રીપેરેબલ ગેરન્ટી સાથે મળશે.*
- *દરેક કારનું રીપેરીંગ કામ નવજીવન મોટર્સ ગેરેજમાં સંતોષકારક વ્યાજબી ભાવે કામ કરી આપવામાં આવશે.*

**હાજી ઇસ્માઇલભાઇ આઇ. ખરોડીયા (પીપોદરવાળા)**

**મો.કાસમભાઇ એન. વિજાપુરા (જેઠીપુરાવાળા) મો. ૦૯૬૦૧૩૭૩૧૨૧**

**મો.અબ્બાસઅલી આઇ. મસી (કનાઇવાળા) મો. ૦૯૫૩૭૪૨૦૮૭૧**

**ખરોડીયા ઓટો મોબાઇલ્સ, બાય પાસ રોડ, આર.ટી.ઓ. ઓફિસની બાજુમાં, ગોલ્ડન પ્લાઝા કોમ્પલેક્ષ, દુકાન નં. ૫, હિંમતનગર.**

| # મુનાજાત | # مُناجات |
|---|---|
| વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી બાવા સાહેબ (મદ્દે.) | ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد) |
| યા રબ ! બહક્કે સૈયદે કોનૈન મુસ્તફા, | یا رب بحق سیدِ کونین مصطفیٰ |
| બક્ષિસ કા જો વસીલા હૈ ઔર મખ્ઝને અતા. | بخشش کا جو وسیلہ ہیں اور مخزنِ عطا |
| યા રબ ! બ સદકે ઈમામે અલી મુર્તઝા, | یا رب بصدقۂ امام علیؑ مرتضٰی |
| જિસકા કસીદા પઢતે હૈ યાસીનો હલ અતા. | جس کا قصیدہ پڑھتے ہیں یٰسین و ھل اتٰی |
| યા રબ ! તુજ્હે રસૂલ કી બેટી કા વાસ્તા, | یا رب تجھے رسولؐ کی بیٹی کا واسطہ |
| યા રબ ! તુજ્હે ઝહરા કે હૈ દુઃખોં કા વાસ્તા. | یا رب تجھے زہراؑ کے ہے دکھوں کا واسطہ |
| યા રબ ! દિલે હસન કે હૈ ટુકડોં કા વાસ્તા, | یا رب دلِ حسنؑ کے ہے ٹکڑوں کا واسطہ |
| આલિમ કા જો સુલ્તાં હૈ લકબ જિસકા મુજતબા. | عالم کا جو سلطاں ہے لقب جس کا مجتبیٰ |
| હૈ વાસ્તા મૌલા તુજ્હે પ્યાસે હુસૈન કા, | ہے واسطہ مولا تجھے پیاسے حسینؑ کا |
| હૈ વાસ્તા શહીદે કરબલા કે ખૂન કા. | ہے واسطہ شہیدِ کربلا کے خون کا |
| મૌલા ! હૈ વાસ્તા ઝૈનો બાકિરો જા'ફર, | مولا ہے واسطۂ زینؑ و باقرؑ و جعفرؑ |
| યા રબ ! તુજ્હે હૈ વાસ્તા મૂસા ઓ રઝા. | یا رب تجھے ہے واسطۂ موسیٰؑ و رضاؑ |

| | |
|---|---|
| યા રબ ! તકી નકી કી હૈ ઈઝ્ઝત કા વાસ્તા, | یا رب تقیؑ نقیؑ کی ہے عزت کا واسطہ |
| યા રબ ! તુજ્હે ઈમામે અસ્કરી કા વાસ્તા. | یا رب تجھے امامِ عسکریؑ کا واسطہ |
| યા રબ ! તુજ્હે ઈમામે ઝમન કા હૈ વાસ્તા, | یا رب تجھے امامِ زمنؑ کا ہے واسطہ |
| માનિન્દ મુસ્તફા જો મુત્તકી કે હૈ મૌલા. | مانندِ مصطفٰی جو متقی کے ہیں مولا |
| યા રબ ! તેરે તમામ રસૂલોં કા વાસ્તા, | یا رب ترے تمام رسولوں کا واسطہ |
| યા રબ ! તુજ્હે અર્વાહે અંબિયા કા વાસ્તા. | یا رب تجھے ارواحِ انبیاءؑ کا واسطہ |
| ઉમ્મીદ હૈ 'મોઈન' કો બક્ષેગા તૂ ઝરૂર, | امید ہے 'معین' کو بخشیگا تو ضرور |
| હૈ વાસ્તા હુસૈન અલૈહિસ્સલામ કા. | ہے واسطہ حسینؑ علیہ السلام کا |

(ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (રહે.)ની ફારસી મુનાજાતનું ઉર્દૂમાં કાવ્ય રૂપાંતર)


આબિદઅલી મુખી ૯૯૭૯૦૮૮૦૧૮ | દુકાન ૯૦૩૩૧૨૭૪૪૦ | શબ્બીરભાઈ ૯૪૨૬૪૩૪૩૯૭

યાદગાર હોઝીયરી
એન્ડ કટલરી સ્ટોર્સ
અમદાવાદ (વાઘરોલવાળા)

અમારે ત્યાં નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, હાથ રૂમાલ, પગ મોજા, બનિયાન, અંડરવેર, ટુવાલ, પીળાલફ, ગમછા, લુંગી, નેપકીન, સોલાપુરી ચાદર તમામ વેરાયટી અને 12W, 24W, DC પંખા, કાર ફેન, પકકડ, પાના સેટ (રીંગ+ફિક્સ) હોલસેલ ભાવથી મળશે.

અમારો હેતુ સમાજના હિતમાં છે અને રહેશે.

ભાવ બાબતે અમારી સાથે મુકતપણે વાતચીત કરી શકો છો.

આપની પાસેથી સાથ–સહકારની અપેક્ષા રાખીએ છીએ.

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**

# ગઝલ | غزل

از توصیف رفائیؔ 'صبا'
અઝ : તૌસીફ રિફાઇ 'સબા'

**ખયાલ આમ હૈ દુન્યાકી રિય્યતકા**
**મુકદ્દર સાફ હૈ હુઝૂરકી ઉમ્મતકા**

**નાદાઁસે દોસ્તી, દુશ્મનસે નેકી નહી આસાં,**
**મગર નશા હૈ યે સૂફ્યાના કૈફિયતકા**

**હમસે હૈ ઝમાના, વો રખતે હૈ ખયાલ**
**ટૂટેગા ભરમ હશ્રમેં ગફલતકા**

**હાથોંમેં હાથ હો, જિસકા રાહે કરબલા તક**
**યક્સાં હૈ રાઝ ઉનકી ફિતરતકા**

**નહી આજસે, હૈ અઝલસે દસ્તૂર 'સબા'**
**મર્ઝીએ ખુદામેં હૈ જશ્ન જીત કા**

خیال عام ہے دُنیا کی رِیت کا
مقدر صاف ہے حضرت کی اُمّت کا

ناداں سے دوستی، دُشمن سے نیکی نہیں آساں
مگر نشا ہے یہ صوفیانہ کیفیت کا

ہم سے ہے زمانہ، وہ رکھتے ہیں خیال
تُوٹے گا بھرم حشر میں غفلت کا

ہاتھوں میں ہاتھ ہو جن کا راہِ کربلا تک
یکساں ہے راز ان کی فطرت کا

نہیں آج سے، ہے ازل سے دستور 'صبا'
مرضیِ خدا میں ہے جشن جیت کا


## તાકીદભરી જાણ

HIV ધરાવતો યુવક, હાલ ઉંમર-૨૪ વર્ષ, ડોકટરી સારવાર મુજબ હાલ તંદુરસ્ત. આવા યુવક સાથે લગ્ન કરવા ઇચ્છતી યુવતી (HIV ધરાવતી)ના માતા-પિતાએ નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

મોબાઈલ : ૦૯૮૨૩૮૩૩૯૮૪

તા.ક. : - આ વાત ગુપ્ત રાખવા વિનંતી.
- યુવતિ માટે વય મર્યાદાનું કોઇ બંધન નથી.



## કન્યા જોઇએ છે.

- રિયાઝ હાજી અલીમદ પાયલા
- કાંણોદર, જિ. બનાસકાંઠા
- ઉંમર : ૨૯ વર્ષ
- અપરણિત
- ધોરણ ૧૦ પાસ
- અમદાવાદ મુકામે નીચેના સ્થળે પોતાનો વ્યવસાય છે.

**આર. એ. એન્ટરપ્રાઇઝ**
૪, એમ.બી, ટાવર, કામા હોટલ નજીક,
પુષ્પક બિલ્ડીંગ સામે, ખાનપુર, અમદાવાદ
ફોન : ૯૭૨૫૫૪૧૦૮૫

# કુરઆન શરીફના ફઝાએલ

**કુરઆન શરીફના ફઝાએલ કુરઆનના શબ્દોમાં**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

■ ...قَدۡ جَآءَکُمۡ مِّنَ اللّٰہِ نُوۡرٌ وَّ کِتٰبٌ مُّبِیۡنٌ ﴿۱۵﴾ یَّہۡدِیۡ بِہِ اللّٰہُ مَنِ اتَّبَعَ رِضۡوَانَہٗ سُبُلَ السَّلٰمِ وَ یُخۡرِجُہُمۡ مِّنَ الظُّلُمٰتِ اِلَی النُّوۡرِ بِاِذۡنِہٖ وَ یَہۡدِیۡہِمۡ اِلٰی صِرَاطٍ مُّسۡتَقِیۡمٍ ﴿۱۶﴾

■ નિ:શંકપણે તમારી પાસે અલ્લાહ (તઆલા) તરફથી નૂર અને રોશન કિતાબ આવી ચૂકી છે જેના દ્વારા અલ્લાહ એ લોકોને અમન અને સલામતીના રસ્તા બતાવે છે અને તે પોતાની પરવાનગીથી તેમને અંધકારોમાંથી બહાર કાઢીને રોશની તરફ લાવે છે અને તેમને રાહે રાસ્તની રહેનુમાઇ ફરમાવે છે.

પારો–૫, સૂરએ માએદા, આયત–૧૫–૧૬

■ اِنَّ ہٰذَا الۡقُرۡاٰنَ یَہۡدِیۡ لِلَّتِیۡ ہِیَ اَقۡوَمُ وَ یُبَشِّرُ الۡمُؤۡمِنِیۡنَ الَّذِیۡنَ یَعۡمَلُوۡنَ الصّٰلِحٰتِ اَنَّ لَہُمۡ اَجۡرًا کَبِیۡرًا ﴿۹﴾

■ આ કુરઆન ખરેખર એવા માર્ગની હિદાયત કરે છે કે જે બિલકુલ સીધો છે અને તે મોમિનોને કે જેઓ નેક આ'માલ બજાવી લાવે છે, એવી બશારત આપે છે કે તેમના માટે મોટો બદલો છે.

પારો–૧૭, સૂરએ બની ઇસરાઇલ, આયત–૯

■ یٰۤاَیُّہَا النَّاسُ قَدۡ جَآءَتۡکُمۡ مَّوۡعِظَۃٌ مِّنۡ رَّبِّکُمۡ وَ شِفَآءٌ لِّمَا فِی الصُّدُوۡرِ ۬ۙ وَ ہُدًی وَّ رَحۡمَۃٌ لِّلۡمُؤۡمِنِیۡنَ ﴿۵۷﴾

■ અય લોકો ! તમારા પરવરદિગારની તરફથી આ કુરઆન તમારી પાસે નસીહત અને તમારા દિલોની બીમારી માટે શિફા અને મોમિનો માટે હિદાયત અને રહેમત બનીને આવ્યું છે.

પારો–૧૦, સૂરએ યૂનુસ, આયત–૫૭

■ ...اَنۡزَلَ عَلَيۡكُمۡ مِّنَ الۡكِتٰبِ وَ الۡحِكۡمَةِ يَعِظُكُمۡ بِهٖ ؕ وَ اتَّقُوا اللّٰهَ وَ اعۡلَمُوۡٓا اَنَّ اللّٰهَ بِكُلِّ شَیۡءٍ عَلِيۡمٌ ﴿۲۳۱﴾

■ અને અલ્લાહે તમને જે નેઅમત અતા કરી છે તેને યાદ રાખો અને (એ પણ) યાદ રાખો કે તમારી નસીહત માટે તેણે તમારા ઉપર કિતાબ અને હિકમત નાઝિલ કરી.

પારો–૨, સૂરએ બકરહ, આયત–૨૩૧

■ هٰذَا بَيَانٌ لِّلنَّاسِ وَ هُدًى وَّ مَوۡعِظَةٌ لِّلۡمُتَّقِيۡنَ ﴿۱۳۸﴾

■ આ (આમ) લોકો માટે એક સ્પષ્ટ બયાન છે અને તકવો કરનારાઓ માટે હિદાયત અને નસીહત છે.

પારો–૩, સૂરએ આલે ઈમરાન, આયત–૧૩૮

■ قُلۡ لَّئِنِ اجۡتَمَعَتِ الۡاِنۡسُ وَ الۡجِنُّ عَلٰۤى اَنۡ يَّاۡتُوۡا بِمِثۡلِ هٰذَا الۡقُرۡاٰنِ لَا يَاۡتُوۡنَ بِمِثۡلِهٖ وَلَوۡ كَانَ بَعۡضُهُمۡ لِبَعۡضٍ ظَهِيۡرًا ﴿۸۸﴾

■ કહી દો : અગર ઈન્સાન અને જિન બધા મળીને કુરઆનના જેવું (કુરઆન) લાવવાની કોશિશ કરે તો તેઓ તેના જેવું નહીં લાવી શકે, અગર તેઓ એકબીજાને મદદ કરે તો પણ.

પારો–૧૭, સૂરએ બની ઈસરાઈલ, આયત–૮૮

■ هٰذَا بَصَآئِرُ لِلنَّاسِ وَ هُدًى وَّ رَحۡمَةٌ لِّقَوۡمٍ يُّوۡقِنُوۡنَ ﴿۲۰﴾

■ આ કુરઆન લોકો માટે દિલની રોશન કરનાર અને યકીન રાખવાવાળાઓ માટે હિદાયત અને રહેમત છે.

પારો–૪૫, સૂરએ જાસીયા, આયત–૨૦

■ وَ نُنَزِّلُ مِنَ الۡقُرۡاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّ رَحۡمَةٌ لِّلۡمُؤۡمِنِيۡنَ ۙ ... ﴿۸۲﴾

■ અને અમે કુરઆનમાંથી એવી ચીજો નાઝિલ કરીએ છીએ કે જે મોમિનો માટે શિફા અને રહેમત છે.

પારો–૧૭, સૂરએ બની ઈસરાઈલ, આયત–૮૨

▪ الٓرٰ ۚ كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ لِتُخْرِجَ النَّاسَ مِنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ ۙ ... ﴿١﴾

▪ આ એક એવી કિતાબ છે કે જેને અમે આપની તરફ નાઝિલ કરી જેથી આપ લોકોને અંધકારમાંથી બહાર કાઢીને રોશનીની તરફ લાવે.

પારો–૧૪, સૂરએ ઈબ્રાહીમ, આયત–૧

▪ وَهٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ ... ﴿١٥٥﴾

▪ અને આ એક મુબારક કિતાબ છે.

પારો–૬, સૂરએ અન્આમ, આયત–૧૫૫

▪ وَ نَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ وَّ هُدًى وَّ رَحْمَةً وَّ بُشْرٰى لِلْمُسْلِمِيْنَ ﴿٨٩﴾

▪ અને અમે આપના પર આ કિતાબ, દરેક વસ્તુને વધારે સ્પષ્ટતાથી બયાન કરનારી અને મુસલમાનોના માટે હિદાયત અને રહેમત અને ખુશખબરી બનાવીને નાઝિલ કરી છે.

પારો–૧૬, સૂરએ નહલ, આયત–૮૯

▪ اِنَّهٗ لَقُرْاٰنٌ كَرِيْمٌ ﴿٧٧﴾ فِيْ كِتٰبٍ مَّكْنُوْنٍ ﴿٧٨﴾ لَّا يَمَسُّهٗٓ اِلَّا الْمُطَهَّرُوْنَ ﴿٧٩﴾

▪ આ કુરઆન યકીનન ખૂબ સન્માનપાત્ર છે કે જે એક સુરક્ષિત કિતાબમાં છે જેને માત્ર પાકીઝા લોકો જ સ્પર્શી શકે છે.

પારો–પ૬, સૂરએ વાકિઆ, આયત–૭૭–૭૯

▪ لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا مِّنْ خَشْيَةِ اللّٰهِ ۗ وَ تِلْكَ الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿٢١﴾

▪ જો કદાચ અમે આ કુરઆનને પહાડ પર નાઝિલ કર્યું હોત તો આપ તેને અલ્લાહના ખોફથી ઝુકી જઈને ટુકડે ટુકડે થયેલું ચોકક્સ દેખત.

પારો–પ૮, સૂરએ હશ્ર, આયત–૨૧

## કુરઆનના ફઝાએલ નબીએ કરીમ (સ.)ના શબ્દોમાં

- બેશક આ કુરઆન સ્પષ્ટ રોશની છે.
- અને મજબૂત રસ્સી છે.
- અને પાકો વસીલો છે.
- બુલંદતરીન મરતબો છે.
- ખૂબ જ શક્તિશાળી શિફા છે.
- અને સૌથી મોટી ફઝીલત છે.
- અને સૌથી મોટી ભલાઇ છે.
- જે એના ઝરીઆથી રોશનીની ઇચ્છા કરે, અલ્લાહ તેને મુનવ્વર (પ્રકાશિત) કરે છે.
- જેણે પોતાનાં કાર્યોને તેની સાથે ક્રમબધ્ધ કર્યાં, અલ્લાહે તેને સુરક્ષિત કર્યો.
- અને જેણે એને પકડી લીધું, અલ્લાહે તેને નજાત આપી.
- અને જેણે તેના એહકામને ન છોડ્યા, અલ્લાહે તેને ઇજ્જત આપી.
- અને જેણે કુરઆનથી શિફાને તલબ કરી, ખુદાએ તેને શિફા આપી.
- અને જેણે કુરઆનને અન્ય વસ્તુઓ ઉપર શ્રેષ્ઠતા આપી, ખુદાએ તેને હિદાયત બક્ષી.
- જેણે કુરઆન સિવાય અન્યથી હિદાયત ઇચ્છી, અલ્લાહે તેને ગુમરાહ કર્યો.
- અને જેણે તેને પોતાની આદત અને આવશ્યક બનાવી દીધી, અલ્લાહે તેને ભલાઇ બક્ષી.
- જેણે તેને પોતાનો ઇમામ, મુક્તદા (રાહનુમા) અને પનાહગાહ (આશ્રયસ્થાન) અને મા'વા (રક્ષાસ્થાન) બનાવ્યું.
- અને પોતાની એ પનાહગાહ બનાવી કે જેના તરફ તે આકર્ષિત થાય છે.
- તો અલ્લાહ તઆલા તેને નેઅમતોવાળી જન્નત અને સુકૂનની જિંદગીથી નવાજશે.
- ખુદાના કલામને બીજા કલામો ઉપર એવી ફઝીલત મળેલી છે કે જેવી (ફઝીલત) ખુદ અલ્લાહ તઆલાને પોતાની મખ્લૂક પર છે.
- જે કોઇ અલ્લાહની કિતાબના એક હરફની તિલાવત કરે તેને એક નેકીનો સવાબ મળશે અને એક નેકીનો દસ ગણો સવાબ મળે છે.
- મારો મતલબ એ છે કે અલિફ–લામ–મીમ નહીં, બલ્કે **અલિફ** એક હર્ફ, **લામ** બીજો હર્ફ અને **મીમ** ત્રીજો હર્ફ છે. (ક્રમશઃ)

(સંદર્ભ : અલ કૌસર ફી તફસીરૂલ કુરઆનમાંથી)


**હોટલ લે–વેચ માટે સંપર્ક કરો.**

મો. આબિદઅલી

::::: મોબાઇલ :::::

૯૭૧૨૫૬૨૧૮૦

# ઇસ્લામમાં સંપનો નુસ્ખો

**લેખન : જનાબ સૈયદ ઓવેશએહમદ જાફરી સાહેબ**

અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી રાખો અને વેરવિખેર (વિભાજિત ) થાઓ નહીં. (કુરઆન, ૩:૧૦૩)

અલ્લાહે આવો સ્પષ્ટ હુકમ આપેલો છે. રસૂલલ્લાહ (સ.)એ પણ આ જ દિશામાં મહેનત કરી છે અને તોહીદના ઝંડા હેઠળ લોકોને એક કરવાનો પ્રયત્ન કર્યો છે. તે સમયે તુચ્છ બાબતો માટે અરબસ્તાનમાં લોકો એકબીજાને કતલ કરતા હતા.

રસૂલ (સ.)એ તે લોકોને અલ્લાહની મરજી મુજબ જીવતાં શિખવાડયું અને સંપૂર્ણ મુસ્લિમ બનાવ્યા. મદીના તરફ હિજરત કર્યા પછી રસૂલ (સ.)એ સર્વપ્રથમ ઈસ્લામી શાસનની સ્થાપના કરી. તેમાં અન્સાર (મદીનાના મદદ કરનાર લોકો) અને મુહાજિરો (મક્કાથી હિજરતમાં શામેલ થનાર લોકો)ને એકજૂથ કરવામાં આવ્યા.

રસૂલ (સ.)એ આપસમાં ભાઈચારાની સ્થાપના કરી, બધા ભેદો મિટાવી દીધા અને કુરેશના સરદારો અને આ ફિરકાના હબશી ગુલામોને એક કરી દીધા. રસૂલ (સ.)એ એક હબશી ગુલામ બિલાલને મુઅઝ્ઝીન (અઝાન આપનાર) તરીકે નીમ્યા. તેમના ઉચ્ચારણો ભૂલભરેલા હોવા છતાં પણ ફકત તેમના દિલના ઈમાન તરફ ધ્યાન આપવામાં આવ્યું. ઈરાનના સલ્માનને અહલેબૈતમાં ગણવામાં આવ્યા.

ત્યાર બાદ રસૂલ (સ.)એ ૭૪૦ નજીકના સહાબીઓ વચ્ચે તેમના ઈમાન અનુસાર ભાઈચારો સ્થાપિત કર્યો. દા.ત. સલ્માન ફારસીને અબૂઝર ગફ્ફારીના ભાઈ બનાવવામાં આવ્યા. મિકદાદ ઈબ્ને અસ્વદ અને અમ્માર યાસિરને તેમનામાં રહેલા ઈમાનની દોલતને નજર સમક્ષ રાખીને ભાઈ બનાવવામાં આવ્યા. આમ બધા સહાબીઓ વચ્ચે ભાઈચારો સ્થાપીને સમાજમાં સંપની સ્થાપના કરવામાં આવી. આ જોડીઓ અલ્લાહના હુકમ અનુસાર બનાવવામાં આવી.

જ્યારે આ કામ પૂર્ણ થયું ત્યારે રસૂલ (સ.) એ ઈમામ અલી (અ.)નો હાથ પોતાના હાથમાં લઈને તેમને આ દુનિયા અને આખેરતમાં પોતાના ભાઈ તરીકે જાહેર કર્યા.

આ ઘટનાના વર્ષો પછી જ્યારે રસૂલ (સ.) ના જીવનનો અંતિમ સમય આવી પહોંચ્યો ત્યારે રસૂલ (સ.)એ ઉમ્મતને એકરાગ રાખવાના એક સચોટ નુસ્ખાની જાહેરાત કરી. રસૂલ (સ.)એ હજ્જતુલ વિદાઅના સમયે એલાન કર્યું કે,

"હું તમારી વચ્ચે બે વજનદાર વસ્તુઓ મૂકી જાઉં છું : અલ્લાહની કિતાબ (કુરઆન) અને મારી ઈતરત–અહલેબૈત. તેમની સાથે મજબૂતીથી જોડાયેલા રહો. તમે કદી ગુમરાહીમાં નહીં પડો કારણ કે આ બન્ને મને હોઝે કૌસર (કયામતના દિવસ) પર મળે ત્યાં સુધી કદી જુદાં પડશે નહીં."

આમ જો ઉપરોક્ત નુસ્ખાનું પાલન કરવામાં આવે તો ઉમ્મતમાં એકતા જરૂરથી સ્થપાય.

**ઈસ્લામી કવીઝ નં. ૨૪૮ના જવાબો**

(૧) હઝરત ઈસરાફીલ (અ.) (૨) સાત (૩) કુફાના (૪) અલ્લાહ એક જ છે એવી માન્યતા (૫) તેની નિય્યત ઉપર (૬) બદવી




# વેટરનરી ડોક્ટર

**ડો. નજરઅલી હૈદરઅલી માંકણોજીયા**

(B.V.Sc. & A.H.)

- Gradute in 2005
- ૭ વર્ષનો Feild Practice નો અનુભવ
- દરેક પશુઓને લગતા દરેક પ્રકારના રોગોની સારવાર માટે સંપર્ક કરો.

**મો. ૯૯૭૮૭૬૯૬૫૧**

ગામ : કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ

Non-Veg

Ph. : (02767) 292555
(02767) 292403

Miqdadbhai Ki

# SIGDI

**Non Veg Restaurant**

(ગામ :જાફરીપુરા વાળા)

**મુંબઈ જેવો ટેસ્ટ હવે મીકદાદભાઈ ની સીગ્ડી માં**

**પાર્ટી ઓર્ડર લેવામાં આવશે.**






**Mahesana-Sidhpur State Highway, Opp.Bank of Baroda, , At.& Po.Khali, Ta.Sidhpur, Dist.Patan.**

# નબવી અદાલત

**કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજતેહાદી**

**ચુકાદો નંબર-૨૮**

**જે વસ્તુઓ થોડી મુદત માટે લેવામાં આવી હોય**

મૂતામાં તમામ માલિક (રઝી.) ઈબ્ને શહાબથી રિવાયત કરે છે :

તેમને એ ખબર પહોંચી કે રસૂલે કરીમ (સ.) ના જમાનામાં કેટલીક ઓરતો ઈમાન લાવી પરંતુ હિજરત કરવા માટે તત્પર ન બની અને તેમના શોહર દસ્તૂર પ્રમાણે કાફિર રહ્યા અને એવી જ ઓરતોમાં વલીદ બિન મુગેરાની બેટી પણ હતી કે જે સફવાનની પત્ની તરીકે હતી. તેણી ફત્હે મક્કાના દિવસે ઈસ્લામ લાવી અને તેનો શોહર સફવાન નાસી ગયો. રસૂલે કરીમ (સ.)એ તેની તરફ તેના પિત્રાઇ ભાઈ વહબને એક ચાદર (કે જે અમનની નિશાની હતી)ની સાથે મોકલ્યો. ઈસ્લામની દાવતની સાથે સાથે તેને એવું પણ કહેવડાવ્યું કે તે આપ (સ.)ની પાસે આવી જાય. પછી જો તે કોઇ કાર્ય માટે રાજી હોય તો તેને કબૂલ કરવામાં આવશેનહિતર બે મહિનાઓ સુધી મક્કામાં ચાલવા–ફરવાની પરવાનગી છે.

સફવાન એ જ ચાદર પોતાની સાથે લઇને રસૂલે કરીમ (સ.)ની પાસે આવ્યા અને બધા જ આદમીઓની સામે આપને મોટા અવાજે કહ્યું,

'યા મોહંમદ ! આ વહબ મારી પાસે ચાદર લઇને આવ્યા અને મને કહ્યું કે આપ (સ.)એ મને બોલાવ્યો છે પરંતુ હું કોઇ કાર્ય માટે રાજી હોઉં તો આપ તેને કબૂલ કરી લેશો નહિતર આપ મને બે મહિના માટે ચાલવા–ફરવાની રજા આપશો.'

રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

'અય અબૂ વહબ ! સવારી પરથી ઊતરીને આવો.'

સફવાને કહ્યું,

'ખુદાની કસમ, હું ત્યાં સુધી નહીં ઊતરું કે જ્યાં સુધી આપ બિલકુલ સ્પષ્ટ રીતે ન બતાવી દો.'

આ સાંભળીને રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

'તમને ચાર મહિનાઓ સુધી ચાલવાની ફરવાની રજા છે.'

ત્યાર પછી રસૂલે કરીમ (સ.) હુનૈનમાં હવાઝનની સામે મુકાબલા માટે નીકળ્યા તો એક આદમીને સફવાનની તરફ મોકલ્યો અને તેની પાસે થોડી મુદત માટે હથિયારો માગ્યાં.

સફવાને કહ્યું,

'શું આ જબ્ર કરવાની ઇચ્છા પર આધારિત છે કે મારી ખુશી પર ?'

ઈરશાદ થયો,

'ના, તમારી મરજી પર.'

આ સાંભળીને તેમણે બધાં જ હથિયાર આપી દીધાં.

યહ્યાની રિવાયત છે :

તે પાછો આવી ગયો છે પરંતુ આ રિવાયત સાચી નથી. સાચું તો આ છે કે તે રસૂલે કરીમ (સ.)ની સાથે હુનૈન અને તાઈફની લડાઈમાં મોજૂદ હતો, એ હાલતમાં કે તે કાફિર હતો અને તેની પત્ની મુસલમાન હતી અને રસૂલે કરીમ (સ.)એ તેના અને તેની પત્નીના વચ્ચે અલગતા પેદા ન કરી એટલે સુધી કે સફવાને ઈસ્લામ કબૂલ કર્યો અને તેની પત્ની એ નિકાહની સાથે જ તેની પાસે રહી અને તે બન્નેના ઈસ્લામ લાવવાની વચ્ચે એક મહિનાનું અંતર હતું.

મુસન્નિફે અબી દાઉદમાં છે કે રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

'સફવાન ! શું તમારી પાસે કોઈ હથિયારો છે ખરાં ?'

સફવાને કહ્યું,

'શું આપ આ બળજબરીપૂર્વક માગી રહ્યા છો કે થોડી મુદત માટે ?'

આપ (સ.)એ ફરમાવ્યું,

'થોડી મુદત માટે.'

આ સાંભળીને સફવાને ત્રીસથી ચાલીસ ઝિરહ સુધી આપને થોડી મુદત માટે આપી. અને જ્યારે રસૂલે કરીમ (સ.)એ હુનૈનના ગઝવામાં મુશરિકોને પરાજય આપી દીધો તો એ વખતે સફવાનની ઝિરહ એકઠી કરી લેવામાં આવી તો અમુક ઝિરહ ગાયબ નજરે પડી.

રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

'સફવાન ! તમારી આપેલી ઝિરહમાંથી અમુક ઝિરહ ઓછી થઈ ગઈ છે. અગર તમે કહો તો અમે તેની કિંમત આપી દઈએ ?'

આ સાંભળીને સફવાને કહ્યું,

'ના, યા રસૂલિલ્લાહ ! કેમકે દિલની આજે જે હાલત છે તેવી એ દિવસે નહોતી.'

અને અબૂ દાઉદનું કહેવું છે કે સફવાને જે ઝિરહ રસૂલે કરીમ (સ.)ને આપી હતી તે થોડી મુદત માટે આપી હતી. તે પોતાના ઈસ્લામ લાવવાના પહેલાં આપી હતી.


## લગ્ન વિષયક

૩૭ વર્ષીય, પોતાના ધંધામાં સ્થિર, બે બાળકીઓના પિતા એવા મોમિન યુવક (વસો) માટે એક સુશીલ, સંસ્કારી, છૂટા છેડા થયેલા હોય તેવી નિ:સંતાન મોમિના યુવતીની જીવન સાથી તરીકે જરૂર છે. ૩૦ વર્ષની ઉંમર આવકાર્ય છે.

ઈચ્છુક વાલીઓએ નીચેના નંબર પર સંપર્ક કરવો.

**મો. ૯૭૨૪૭૦૮૪૨૯**

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## જંગે ઓહદ

(ગતાંકનું ચાલુ)

(મોહંમદ બિન મરવાને અમ્મારાના હવાલાથી અને તેમણે અકરમાના હવાલાથી બતાવ્યું છે કે તેમણે કહ્યું હતું કે તેમણે હઝરત અલી (અ.)ને એવું કહેતાં સાંભળ્યા છે કે –)

"જ્યારે પયગમ્બર (સ.)ને એકલા છોડીને લોકો જંગે ઓહદમાંથી નાસી ગયા તો મને સખત પરેશાની થઈ. એટલી બધી પરેશાની થઈ કે આટલી તો પહેલાં કદી થઈ ન હતી. પરેશાનીના કારણે હું મારા અંકુશથી બહાર થઈ ગયો. હું આં હઝરત (સ.)ની સામે આવી ગયો અને દુશ્મનોથી આં હઝરત (સ.)ને સાચવતો રહ્યો. મારી તલવાર ઝડપથી ચાલી રહી હતી. લડતાં લડતાં જ્યારે હું આગળ વધી જતો હતો તો પછી આં હઝરત (સ.)ની પાસે આવી જતો હતો અને આં હઝરત (સ.)ની હિફાઝત કરવા લાગી જતો હતો. એક વખત જ્યારે હું પાછો આવ્યો તો આં હઝરત (સ.)ને તેમની જગ્યા ઉપર ન જોયા. મને એવો વિચાર આવ્યો કે આં હઝરત (સ.) જંગના મેદાનને છોડવાનું યોગ્ય નહીં સમજે. મેં કતલ થયેલા લોકોમાં જોયું તો ત્યાં પણ આં હઝરત (સ.) નહોતા. પછી મને વિચાર આવ્યો કે એવું પણ હોઈ શકે છે કે અલ્લાહે પોતાના રસૂલ (સ.)ને અસુરક્ષિત જોયા હોય તો આસમાન પર ઉઠાવી લીધા હોય. મેં મ્યાનમાંથી તલવાર બહાર કાઢી અને મ્યાનને તોડીને ફેંકી દીધી. મેં મારા દિલમાં ફેંસલો કર્યો કે હું મારી તલવારથી લડતો રહું અને કદી પણ તેને મ્યાનમાં નહીં રાખું એટલે સુધી કે હું કતલ થઈ જાઉં. આવો ફેંસલો કરીને મેં કુફ્ફારો ઉપર હુમલો કર્યો અને તે લોકો આમતેમ નાસી જવા લાગ્યા. એ સમય દરમિયાન મેં જોયું કે પયગમ્બરે ખુદા (સ.) જમીન પર બેહોશ પડેલા છે. હું આં હઝરત (સ.)ના સિરહાને ઊભો થઈ ગયો. થોડી વારમાં આં હઝરત (સ.)એ આંખો ખોલી અને મને જોઈને ઈરશાદ ફરમાવ્યો,

"અલી ! તે લોકોએ શું કર્યું ?"

"તે લોકો કુફ્રની તરફ પાછા જતા રહ્યા છે. અય અલ્લાહના રસૂલ !" મેં જવાબ આપ્યો. "તેમણે નાસી જવાનો માર્ગ અપનાવી લીધો છે અને આપને એકલા છોડી દીધા છે."

હજુ તો આ વાત થઈ રહી હતી તેવામાં પયગમ્બરે ખુદા (સ.)એ કાફિરોના એક સરદારને જોયો કે જે આં હઝરત (સ.)ની તરફ આગળ વધી રહ્યો હતો. આં હઝરત (સ.)એ મને કહ્યું,

"તે કાફિરોને નજીકથી ભગાડી દો, અય અલી !"

આં હઝરત (સ.)નો હુકમ મળતાંની સાથે જ મેં કુફ્ફારો ઉપર હુમલો કરી દીધો. હું મારી તલવારથી કોઈક વાર જમણી બાજુએ હુમલો કરતો હતો અને કોઈક વાર ડાબી બાજુએ હુમલો કરતો હતો, એટલે સુધી કે તે કાફિરોએ નાસી જવાનો માર્ગ અપનાવી લીધો.''

પયગમ્બરે ખુદા (સ.)એ મને પૂછયું, ''અલી ! શું તમે સાંભળી રહ્યા નથી કે તમારી પ્રશંસા અને વખાણ આસમાન પર થઈ રહ્યાં છે. એક ફરિશ્તો કે જેનું નામ રિઝવાન હતું તે મોટા અવાજે નાઅરો લગાવી રહ્યો હતો :

**'લા સૈફ ઇલ્લા ઝુલ્ફિકાર વ લાફતા ઇલ્લા અલી.'**

(ઝુલ્ફિકારના જેવી બીજી કોઈ તલવાર નથી અને અલી (અ.)ના જેવો કોઈ જવાં મર્દ નથી.) આ સાંભળીને મારી આંખોમાં આંસુ આવી ગયાં અને અલ્લાહ તઆલાનો શુક્ર અદા કર્યો અને તેની નેઅમતો પર તેની હમ્દોસના કરી.''

(હસન બિન ઉરફાએ અમ્મારા બિન મોહંમદના હવાલાથી અને તેમણે સઈદ બિન તરીફના હવાલાથી, તેમણે જાફર બિન મોહંમદ બિન અલીના હવાલાથી બયાન કર્યું કે તેમના બાપે બતાવ્યું હતું કે –)

''જંગે ઓહદના દિવસે એક ફરિશ્તો આસમાનમાં અવાજ લગાવી રહ્યો હતો કે – ઝુલ્ફિકારથી બહેતર કોઈ તલવાર નથી અને અલીથી બહાદુર કોઈ જવાન નથી.''

(આવી જ રીતે ઈબ્રાહીમ બિન મોહંમદ બિન મયમૂને ઉમરૂ બિન સાબિતના હવાલાથી, તેમણે મોહંમદ બિન અબ્દુલ્લાહ બિન અબી રાફેઅના હવાલાથી, અને તેમણે પોતાના બાપના હવાલાથી અને તેમણે તેમના બાપના હવાલાથી બયાન કર્યું કે તેઓ કહ્યા કરતા હતા કે –)

''હજુ પણ અમે અસ્હાબે રસૂલ (સ.)ની જબાનથી સાંભળીએ છીએ કે જંગે ઓહદમાં આસમાનથી એવો અવાજ આવ્યો કે કોઈ તલવાર ઝુલ્ફિકારની બરોબરીની નથી અને કોઈ જવાન અલી (અ.)ની બરોબરીનો નથી.''


ત્રીજા વર્ષમાં પ્રવેશ

**Spark IT Solution**



**::::: Product, service, softwere :::::**

**Hardware dealer :** All Type Computers ,Leptop and Printer Sales and All Kind of Computer Parts

**Network :** Lane , Wan, Man, Cabling and Routing

**Softwere** : Linux, Unix, Mac, Microsoft, Tally, Antivirus, Data recovery and All type of License Softwere

**Printer :** All Type Printer Repairing and Refilling

**::::: Contact :::::**

**abid momin:-9725757614(sales)**

**Hasan Momin:-8347310601(service)**

Web:-www.sparkitsolution.co.in

E-mail:-ab_momin@ymail.com

Add:-F.F-10, Sagar Avenue- A,
N/r. Amber tower, Sarkhej – juhapura Road,
Ahmedabad-380055.





## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૫

**સુનો ફાતેમા તુઝ ઝેહરા, બુતુલ રે કહીએ,**
**બેટી નબીજી હો કેરી, એ સુન કર લહીએ.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે તમે બધા સાંભળો કે બીબી ફાતેમાતુઝ ઝહરા (સ.)ને બુતૂલ નામથી પણ ઓળખવામાં આવે છે અને આપ (અ.) નબી (સ.)નાં બેટી છે એ વાત પણ સાંભળી લ્યો.)

**હક અનુકે નબીને, એસા ફરમાયા,**
**સો બીઝઅત કરને, નામ રે બતાયા.**

(નબીએ કરીમ (સ.)એ એમના હકમાં, એમની બાબતમાં એવું ફરમાવ્યું છે કે તેઓ મારી બિઝઅત છે અર્થાત બીબી ફાતેમા (અ.) મારા શરીરનો ટુકડો છે.)

**એ બીબી સાહેબકા, સુનો ખુબીકા બયાના,**
**સો બીઝઅત નામસું બુઝો પુજેકી નિશાના.**

(બીબી ફાતેમા (અ.)ની ખૂબીનું સ્પષ્ટ વર્ણન તમે સાંભળી લો કે આપનું નામ બિઝઅત એટલા માટે પાડ્યું કે આપ (અ.) ઈજ્જત કરવા લાયક છે.)

**સો નબીજી બાદ, છ રે માસા,**
**બીબી સાહેબ કે વિસાલકા, દન હુવા રે ખાસા.**

(આપણા નબી (સ.)ની વફાત થઈ તેના છ મહિના પછી બીબી ફાતેમા (અ.)નો વિસાલ થયો હતો એટલે કે આપની વફાત થઈ હતી.)

**કે બીબી સાહેબને, વફાત રે પાઇ,**
**બાદ નબી રે છ માસ, એસી ખબર રે સુનાઇ.**

(હઝરત પીર મશાયખ (રહે.અ.) બાવા ફરમાવે છે કે મને એવી ખબર મળી છે કે નબી સાહેબની વફાત પછી છ મહિના પછી બીબી ફાતેમા (અ.) વફાત પામ્યાં હતાં.)

**બીબી સાહેબ કેરા, સુનો ઉમ્મરકા હાલા,**
**સો બીસ ને નવ કહીએ રે સાલા.**

(બીબી ફાતેમા (અ.)ની ઉમ્ર શરીફની પરિસ્થિતિ એ છે કે આપ (અ.)ની ઉંમર વીસ અને નવ એટલે કે ૨૯ વર્ષની હતી.)

**તબ તારીખ તીજી, થા રમઝાન માસા,**
**એ વિસાલકા દન, હુવા રે ખાસા.**

(બીબી ફાતેમા (અ.)ની વિસાલનો દિવસ રમઝાન મહિનાની ત્રીજી તારીખ ખાસ નકકી

નોંધ : **પુજા** : આ શબ્દ પૂજ્ય ઉપરથી આવ્યો છે જેનો અર્થ થાય છે ઈજ્જત કરવા લાયક. હુઝૂર (સ.) હઝરત બીબી ફાતેમા (અ.)ની એટલી બધી ઈજ્જત કરતા હતા કે જ્યારે આપ (અ.) આવતાં હતાં ત્યારે આપ (સ.) તેમની ઈજ્જત કરવા માટે ઊભા થઈ જતા હતા.)

થયેલ છે.)

**ભી સુના હે કે ઉસ દન, થા મંગલ દંના,**
**હુવા વિસાલ બીબીકા, સુન રાખો રે મંના.**

(વળી જે દિવસે બીબી ફાતેમા (અ.) નો વિસાલ થયો તે દિવસ મંગળવાર હતો. તે બાબત સાંભળીને મનમાં રાખો.)

**બીબી સાહેબ જહાન, ફાનીથી સિધારે,**
**જે ફાતેમા નામસું, નબી કે પીયારે.**

(નબી (સ.)નાં વહાલાં દીકરી કે જેમનું નામ બીબી ફાતેમા (અ.) હતું તે આ ફાની દુનિયાથી (આલમે બકા તરફ) સિધાવી ગયાં.)

**થા અગિયારમા બરસ, હિજરત કેરા,**
**બીબી સાહેબકા વિસાલ, હુવા રે અનેરા.**

(બીબી ફાતેમા ઝેહરા (અ.)નો વિસાલ થયો ત્યારે હિજરી સનનું ૧૧મું વર્ષ ચાલતું હતું.)

**એ સુન સુન બાતી, સહી ચંત દીજે,**
**અને એક કર રબકું, એતના કહીજે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે આ બધી વાતો સાંભળીને તું તેમને સાચી માનજે અને તારા પાલનહારને એક જ માનીને 'રે તુહી' કહેતો રહેજે.)

**–: રે તુહી :–**

**તીજી તારીખ જાનીએ,**
**રમઝાન કેરા માસ રે, રમઝાન કેરા માસ;**
**અનુ દન સહી કર જાનીએ,**
**હુવા વિસાલ એ ખાસ રે, હુવા વિસાલ એ ખાસ.**

(રમઝાનુલ મુબારકની ત્રીજી તારીખને જાણી લો. આ દિવસે બીબી ફાતેમા (અ.)નો વિસાલ થયો હતો તેને પણ જાણી લેજો.) ✻



# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી
દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**ઇમામ હુસૈન (અ.)ની શહાદતનું બયાન :**

અમ્માર બિન મોઆવિયા ઝહબી લખે છે કે મેં જનાબે અબૂજાફર મોહંમદ (અ.) બિન અલી (અ.) બિન હુસૈન (અ.) અને અલી આબાએ અલ સલામથી અરજ કરી કે આપ મને ઈમામ હુસૈન (અ.)ની શહાદતનો ઝિક્ર એવી રીતે બયાન કરો કે તેની તસ્વીર મારી આંખોમાં ભરાઇ જાય. આપ (અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે જયારે અમીર મોઆવિયા મરી ગયો તો એ દિવસોમાં વલીદ બિન ઉતબા બિન સૂફયાન મદીનાનો હાકિમ હતો. તેણે ઈમામ હુસૈન (અ.) તરફ યઝીદની બૈઅત કરવા માટે પયગામ મોકલ્યો. આપ (અ.)એ ફરમાવ્યું કે મને મોહલત આપ અને નરમી કર તેણે મોહલત આપી. આપ મક્કા મોઅઝ્ઝમા તશરીફ લઇ ગયા. આપની પાસે કૂફીઓના એવા પત્રો પહોંચ્યા કે અમોએ આપના કારણે અમારી જાતને યઝીદની બયઅતથી રોકી રાખી છે અને અમે હાકિમની સાથે જુમ્આમાં શરીક નથી થતા. આપ (અ.) અમારી પાસે આપના ઘરના લોકોમાંથી આદમી મોકલી દો. એ દિવસોમાં નોઅમાન બિન બશીર અલ અન્સારી કૂફાનો હાકિમ હતો. ઈમામ હુસૈન (અ.)એ તેમની પાસે મુસ્લિમ (અ.)ને મોકલ્યા અને ફરમાવ્યું કે કુફાની તરફ જાઓ અને જુઓ કે તેઓ શું લખે છે. અગર સાચું હોય તો અમે કૂફા આવીએ. મુસ્લિમ (અ.) ત્યાંથી મદીના તૈયબામાં આવ્યા અને ત્યાંથી બે રાહનુમાઓને પોતાની સાથે લઇને બયાબાનની તરફ નીકળ્યા. તરસને કારણે એક રાહનુમા તો મરી ગયો. અને મુસ્લિમ (અ.) કૂફામાં પહોંચી ગયા. અને ઔસના નામના એક માણસના ઘરમાં રોકાયા. જયારે કૂફીઓને તેમના આગમનની ખબર મળી તો એક પછી એક આપની ખિદમતમાં આવવા લાગ્યા. અને તેમનામાંથી દસ હજાર માણસોએ બૈઅત કરી. યઝીદના તરફદારોમાંથી એક માણસ નોઅમાન બિન બશીરને કહેવા લાગ્યો કે તું ઝઇફ છે એટલા માટે શહેર બગડી ગયું છે. નોઅમાન બિન બશીરે કહ્યું જો કે ખુદાની ઇતાઅત કરવામાં ઝઇફ છું પરંતુ હું તેને વધારે સારો સમજું છું કે જે ખુદાની નાફરમાનીમાં શકિતશાળી બને. મેં કદી કોઇના દોષો નથી જોયા. તે માણસે આ

વાત યઝીદને લખી મોકલી. યઝીદે પોતાના ગુલામ સરહૂન સાથે મશ્વેરો કર્યો. તેણે એવી સલાહ આપી કે આ વખતે કૂફાની હુકૂમત માટે ઈબ્ને મલઊન કરતાં વધારે લાયક નથી. યઝીદે તેને બસરાથી બરતરફ કરેલો હતો. યઝીદે તેને પત્ર લખીને ખુશ કરી દીધો અને તેની હુકૂમતમાં કૂફાને વધારે વિસ્તૃત કરી દીધું અને હુકમ આપ્યો કે કૂફામાં પહોંચીને મુસ્લિમની તલાશ કરે. અગર જો તેઓ હાથ લાગી જાય તો તેમને મારી નાખે. ઈબ્ને ઝિયાદ બસરાના લોકો સામે થઈને કૂફા રવાના થયો અને વેશ બદલીને રાતના અંધારામાં કૂફામાં દાખલ થયો. કોઈ એવો માણસ પાસે થઈને પસાર થતો નહોતો કે જેથી તે મજલિસવાળા તેને ઈમામ હુસૈન (અ.)નું ગુમાન કરીને અસ્સલામો અલૈક અથવા યબ્ન રસૂલલ્લાહ (સ.) કહેતા ન હોય અને એવું વિચારતા ન હોય કે જનાબે ઈમામ હુસૈન (અ.) તશરીફ લાવ્યા છે. જ્યારે ઈબ્ને ઝિયાદ દારૂલ અમ્મારના મહેલમાં ઊતર્યો તો તેણે પોતાના એક ગુલામને ત્રણ હજાર દિરહમ આપ્યા અને કહ્યું કે જઈને એ માણસની તલાશ કર કે જેની કૂફાવાળા બૈઅત કરે છે અને તેની પાસે પહોંચીને એ બતાવી દે કે હું હમસથી આવેલો છું અને આ રકમ તેમને આપી દે અને તેની બૈઅત કર. તે ગુલામ એવી જ રીતે લોકોને પૂછતો રહ્યો એટલે સુધી કે તેને એક બુઝુર્ગની પાસે લઈ ગયા. તેણે તેમની પાસે પોતાની હાલત બયાન કરી તે બુઝુર્ગ બોલ્યા કે મને આનંદ થશે જ્યારે કે તને અને મને ખુદા તઆલા હિદાયત કરશે. અમારું કામ હજુ થયું નથી. ત્યાર પછી તેને મુસ્લિમની પાસે લઈ ગયા અને તેણે બૈઅત કરી અને તે માલ તેને આપી દીધો. ત્યાંથી નીકળીને તે ઈબ્ને ઝિયાદની પાસે આવ્યો અને બધી બાતમી આપી. જ્યારે ઈબ્ને ઝિયાદ કૂફામાં આવ્યો હતો તો તે વખતે મુસ્લિમ સાહેબ અવસજાના ઘેરથી હાની બિન ઉર્વાના ઘરમાં ચાલ્યા ગયા હતા. ઈબ્ને ઝિયાદ લોકોને કહ્યા કરતો હતો કે હાનીની હાલત કેવી છે ? તે મને મળવા કેમ આવતા નથી ? (ક્રમશઃ)


ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ

આયુર્વેદિક દવા શરીરમાં આડઅસર કર્યા વિના રોગને જડમૂળથી મટાડે છે.

**શિફા આયુકેર કલીનીક**

**ડો. આબિદઅલી ટી. ઘરખડ**

(જન. ફીઝીશીયન એન્ડ આયુ. કન્સલ્ટન્ટ)

દરેક જાતના સ્ત્રી રોગો, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, મસા, હરસ, વજન વધારવા-ઘટાડવા, હાડકાના રોગો, શ્વસનતંત્રના રોગોની આયુર્વેદિક સારવાર માટે ખાસ મળો.

**નોંધ :** બહારના દર્દીઓએ ફોન કરીને જ આવવું.

**સરનામુ**

મસ્જિદની સામે, બાદરપુર, તા. વડનગર, જિ. મહેસાણા. મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭

# નહજુલ અસરાર

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજજતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

:::: સંપાદક ::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
:::: અનુવાદ ::::
મો.કાસમભાઈ વિજાપુરા

## અલિફ્ (નો ઉપયોગ કર્યા) વગરનો ખુત્બો

આ ખુત્બો હઝરત અમીરુલ મોમિનીન (અ.)ના પ્રતિષ્ઠિત ખુત્બાઓમાં ગણવામાં આવે છે. આ ખુત્બામાં શરૂઆતથી લઈને અંત સુધી એક પણ શબ્દ એવો નથી કે જેમાં અલિફ્ આવતો હોય જો કે અરબી ભાષામાં અલિફ્ એવો મૂળાક્ષર છે કે જે સૌથી વધારે વખત વપરાય છે.

મતાલિબુલ સૂઉલમાં લખ્યું છે કે એક દિવસ રસૂલે કરીમ(સ.) અને કેટલાક અસ્હાબો એક જગ્યાએ એકઠા થયેલા હતા અને ચર્ચા શરૂ થઈ કે હુરુફે તહજ્જીમાં કયો હર્ફ એવો છે કે જેના વગર કોઈ વાક્ય પૂરું નથી થઈ શકતું અને શબ્દોમાં સૌથી વધારે વખત વપરાયો હોય. બધાએ એકમતે કહ્યું કે અલિફ્ વગર બોલવું અશક્ય છે. તે મહેફિલમાં હઝરત અલી(અ.) પણ મોજૂદ હતા. આ સાંભળતાંની સાથે જ તરત જ આપ (અ.)એ ખુત્બો ઈરશાદ ફરમાવ્યો :

### خُطْبَہ بِدُوْنَ 'الف' اَمام علی علیہ السّلام

حَمِدْتُ مَنْ عَظُمَتْ مِنَّتُهُ، وَ سَبَغَتْ نِعْمَتُهُ، وَ سَبَقَتْ غَضَبَهُ رَحْمَتُهُ، وَ تَمَّتْ كَلِمَتُهُ، وَ نَفَذَتْ مَشِيَّتُهُ وَ بَلَغَتْ حُجَّتُهُ، وَ عَدَلَتْ قَضِيَّتُهُ،

حَمِدْتُ حَمْدَ مُقِرٍّ بِرُبُوبِيَّتِهِ، مُتَخَضِّعٍ لِعُبُودِيَّتِهِ، مُنْفَعِلٍ مِنْ خَطِيئَتِهِ، مُعْتَرِفٍ بِتَوْحِيدِهِ، مُسْتَعِيذٍ مِنْ وَعِيدِهِ،

### અલિફ્ વગરના ખુત્બાનો અનુવાદ

હમ્દ કરું છું હું તેની કે જેનો એહસાન મહાન છે, તેની નેઅમત વિશાળ અને સંપૂર્ણ છે અને તેની રહેમત તેના ગઝબ ઉપર પ્રાથમિકતા ધરાવે છે. તેની હુજ્જત પહોંચી ચૂકી છે અને તેનો ફેંસલો અદ્લ ઉપર આધારિત છે.

તેની હમ્દ એવી રીતે કરું છું કે જેવી રીતે તેની રબૂબીયતનો ઈકરાર કરવાવાળો તેની ઉબૂદીયત (બંદગી)માં ખાકસારી કરવાવાળો, ખતાઓથી પરહેઝ કરવાવાળો, તેની તૌહીદનું સમર્થન કરવાવાળો અને તેના કહેર (કોપ)થી પનાહ માગવાવાળો કરે છે.

મારા રબથી મગ્ફેરત અને નજાતનો ઉમ્મીદવાર છું એ દિવસે કે જ્યારે દરેક વ્યક્તિ

પોતાની ઓલાદ અને અઝીઝોથી બેપરવા હશે. અમે એની પાસે મદદ અને હિદાયત ઈચ્છીએ છીએ અને તેના ઉપર ઈમાન લાવ્યા છીએ અને તેના અસ્તિત્વનું યકીન ધરાવું છું અને એવા મોમિનની માફક કે જે તેની વહદાનિયતનું યકીન ધરાવતો હોય. તેના મુલ્કમાં તેનો કોઈ શરીક અને તેની કાઈનાતમાં કોઈ તેનો વલી અથવા ભાગીદાર નથી. તેની શાન તેના કરતાં ખૂબ જ બુલંદ અને આ'લા (ઉચ્ચ) છે કે તેનો કોઈ સલાહકાર, વઝીર, મદદગાર, સહાયક અથવા જોડીદાર હોય.

તે બધાયની હાલતોને જાણે છે અને એબોને ઢાંકવાનું કાર્ય કરે છે. તે બાતિનની હાલતથી વાકેફ છે. તેની બાદશાહત બધાના ઉપર ગાલિબ છે. અગર ગુનો કરવામાં આવ્યો તો તે માફ કરી દે છે અને અદ્લની સાથે હુકમ કરે છે તે ફઝલો કરમ કરે છે, ન તો તેને કયારેય ઝવાલ (અસ્ત) આવ્યો કે ન તો આવશે અને કોઈ તેની મિસ્લ નથી. તે દરેક વસ્તુનો પહેલેથી પરવરદિગાર છે. તે પોતાની દરેક ઈજ્જત અને બુઝુર્ગીથી ગાલિબ છે અને પોતાની કુવ્વતથી દરેક વસ્તુ પર હુકૂમત કરવાવાળો છે. પોતાના ઉચ્ચ મરતબાથી મુકદ્દસ (પવિત્ર) છે, પોતાની ઉચ્ચતાના કારણે તેનામાં કિબ્રિયાઈ છે. ન આંખ તેને જોઈ શકે છે કે ન નજર તેને ઘેરી શકે છે. તે શકિતશાળી, બરતર, બસીર, દરેક વાતને સાંભળનારો અને મહેરબાન તેમજ રહીમ છે. જે માણસે તેની પ્રશંસા કરવાની

مُؤَمِّلٍ مِنْ رَبِّهِ مَغْفِرَةً تُنْجِيهِ، يَوْمَ
يُشْغَلُ عَنْ فَصِيلَتِهِ وَ بَنِيهِ، وَ
نَسْتَعِينُهُ، وَ نَسْتَرْشِدُهُ، وَنَسْتَهْدِ
يَةٌ وَ نُؤْمِنُ بِهِ، وَ نَتَوَكَّلُ عَلَيْهِ، وَ
شَهِدْتُ لَهُ تَشَهُّدَ عَبْدٍ مُخْلِصٍ مُوقِنٍ، وَ
فَرَّدْتُهُ تَفْرِيدَ مُؤْمِنٍ مُتْقِنٍ، وَ وَحَّدْتُهُ
تَوْحِيدَ عَبْدٍ مُذْعِنٍ لَيْسَ لَهُ شَرِيكٌ
فِى مُلْكِهِ، وَ لَمْ يَكُنْ لَهُ وَلِيٌّ سَهَيْمٌ
صُنْفَحِهِ، جَلِّ عَنْ مُشِيرٍ وَ وَزِيرٍ، وَ
وَعَوْنٍ وَ مُعِينٍ وَ نَصِيْرٍ وَ نَظِيرٍ، عَلِمَ
فَسَتَرَ، وَ بَطَنَ فَخَبَرَ، وَ مَلَكَ فَقَهَرَ، وَ
عُصِيَ فَغَفَرَ، وَ فَعَدَلَ، وَ تَكَرَّمَ وَ تَفَضِّلَ،
لَمْ يَزَلْ وَلَنْ يَزُولَ، وَلَيْسَ كَمِثْلِهِ شَيْءٌ.
وَ هُوَ قَبْلَ كُلِّ شَيْءٍ، رَبٌّ مُتَعَزِّزٌ بِعِزَّتِهِ
مُتَفَرِّدٌ مُتَمَلِّكٌ بِقُوِّتِهِ، مُتَقَدِّسٌ
بِعُلُوِّهِ، مُتَكَبِّرٌ بِسُمُوِّهِ لَيْسَ يُدْرِكُهُ
بَصَرٌ، وَ لَمْ يُحِطْ نَظَرٌ، قَوِيٌّ، مَنِيعٌ،

بَصِيرٌ، سَمِيعٌ رَؤُفٌ، رَحِيمٌ، عَزِيزٌ،
وَصْفِهِ مَنْ يَصِفُهُ، وَ ضَلَّ عَنْ نَعْتِهِ
مَنْ عَرَفَهُ، قَرُبَ فَبَعُدَ، وَ بَعُدَ فَقَرُبَ،
يُجِيبُ دَعْوَةَ مَنْ يَدْعُوهُ، وَ يَرْزُقُ
وَيَحْبُوهُ ذُو لُطْفٍ خَفِيٍّ، وَ بَطْشٍ قَوِيٍّ،
وَ رَحْمَةٍ مُوَسِّعَةٍ، وَ عُقُوبَةٍ مُوجِعَةٍ،
رَحْمَتُهُ جَنَّةٌ عَرِيضَةٌ مُونِقَةٌ، وَ
عُقُوبَتُهُ جَحِيمٌ مَمْدَ مُوبِقَةٌ،

وَشَهِدْتُ بِبَعْثِ مُحَمَّدٍ وَرَسُولِهِ وَعَبْدِهِ
وَ صَفِيِّهِ وَ نَبِيِّهِ وَمُجِيْبِهِ وَ حَبِيبِهِ
وَ خَلِيلِهِ، بَعَثَهُ فِى خَيْرِ عَصْرٍ، وَ حِينَ
فَتْرَةٍ، وَ كُفْرٍ، رَحْمَةً لِعَبِيدِهِ، وَ مِنَّةً
لِمَزِيدِهِ، خَتَمَ بِهِ نُبُوَّتَهُ، وَ شَيَّدَ بِهِ
حُجَّتَهُ، فَوَعَظَ، وَ نَصَحَ، وَ بَلَّغَ، وَ كَدَحَ،
رَؤُفٌ بِكُلِّ مُؤْمِنٍ، رَحِيمٌ، سَخِيٌّ، رَضِيٌّ،
وَلِيٌّ، ذَكِيٌّ، عَلَيْهِ رَحْمَةٌ، وَ تَسْلِيمٌ، وَ
بَرَكَةٌ، وَ تَعْظِيمٌ، وَ تَكْرِيمٌ مِنْ رَبٍّ غَفُورٍ

ઈચ્છા કરી તે આજિઝ થઈ ગયો (ન કરી શક્યો) જેણે (પોતાની બુધ્ધિથી) તેને ઓળખ્યો તેણે અપરાધ કર્યો, તે નજીક હોવા છતાંય દૂર છે અને દૂર હોવા છતાંય નજીક છે. જે એનાથી દુઆ કરે છે, તે કબૂલ કરે છે અને રોઝી આપે છે અને મોહબ્બત કરે છે. તે સાહેબે લુત્ફ (કૃપા કરનારો) છે, ગુપ્ત છે. તેની પકડ મજબૂત છે અને ઈનાયત (મહેરબાની) ખૂબ મોટી છે. તેની રહેમત વિશાળ છે, તેનો અઝાબ દર્દનાક છે તેની રહેમત જન્નત છે કે જે વિશાળ અને નવાઈ પમાડે તેવી છે. તેનો અઝાબ દોઝખ છે કે જે હલાક કરનારી અને ફેલાયેલી છે.

ગવાહી આપું છું કે મોહંમદ(સ.) તેના રસૂલ, બંદા, શફી (દોસ્ત), નબી, મહબૂબ, દોસ્ત અને પસંદીદા છે. તેમને એ વખતે રિસાલત ઉપર મબઊસ કરવમાં આવ્યા જ્યારે કે જમાનો નબીથી ખાલી હતો અને કુફ્ર ચારેય તરફ હતું. તે તેના બંદાઓ ઉપર રહેમત છે. તદ્ઉપરાંત પોતાની નબુવ્વતને તેમના ઉપર ખતમ અને પોતાની હુજ્જતને મજબૂત કરી દીધી. ત્યાર પછી તેમણે વાએઝ ફરમાવ્યું અને નસીહત કરી અને ખુદાનો હુકમ બંદાઓને પહોંચાડ્યો અને દરેક પ્રકારની કોશિશ કરી. તે દરેક મોમિન પર મહેરબાન છે. તે રહીમ, સખી અને તેના પસંદીદા અને પાકીઝા વલી છે. તેમના પર ખુદાના તરફથી રહેમત અને સલામ, બરકત અને અઝમત અને ઈકરામ હોજો કે જે બક્ષવાવાળા, કરીબ અને દુઆને

رَحيمٍ، قَريبٍ مُجيبٍ، وَصِّيْتُكُمْ مَعْشَرَ مَنْ حَضَرَنى، بِوصيَّةِ رَبِّكُمْ، وَ ذَكَّرْتُكُمْ بِسُنَّةِ نَبِيِّكُمْ، فَعَلَيْكُمْ بِرَهْبَةٍ تُسَكِّنُ قُلُوبَكُمْ، وَ خَشْيَةٍ تَذْرى دُمُوعَكُمْ، وَ تَقِيَّةٍ تُنْجيكُمْ قَبْلَ يَوْمٍ يُبْلِكُمْ، وَ قَزْهَلَكُمْ

يَوْمَ يَفُوزُ فيهِ مَنْ ثَقُلَ وَزْنُ حَسَنَتِهِ، وَ خَفَّ وَزْنُ سَيِّئَتِهِ، وَلْتَكُنْ مَسْئَلَتُكُمْ تَمَلَقَلُمَ مَسْئَلَتُكُمْ خُضُوعٍ، وَ شُكْرٍ، وَ خُشُوعٍ، وَ تَوْبَةٍ، وَ نُزُوعٍ، وَ نَدَمٍ وَ رُجُوعٍ وَلْيَغْتَنِمْ مِنْكُم كُلٌّ فَعْتَنِيم صِحَّتَهُ قَبْلَ سُقْمِهِ، وَ شَيْبَتَهُ قَبْلَ هَرَمِهِ، وَسِعَتَهُ وغِيَّهُ قَبْلَ فَقْرِهِ وَ فَرْغَتَهُ قَبْلَ شُغْلِهِ، وَ حَضَرَهُ قَبْلَ سَفَرِهِ، وَتَهْوْنِهِ قَبْلَ هُوَ تَكْبُرُ، وَ تَهْرَمُ، وَ تَمَرَّضٍ، وَ تَسْقِمٍ، وَ يُمِلُّهُ طَبيبُهُ، وَ يُعْرِضُ عَنْهُ حَبيبُهُ،

કબૂલ કરવાવાળા છે.

અય મજલિસમાં હાજર રહેલા લોકો ! હું તમને તમારા પરવરદિગારનો હુકમ સંભળાવું છું કે જે મારા સુધી પહોંચ્યો છે અને વસિયત કરું છું અને તમને તમારા પયગમ્બરની સુન્નત યાદ દેવડાવું છું. તમારે ખુદાથી ડરવું જોઇએ જેથી તમારા દિલને સંતોષ પ્રાપ્ત થાય અને ખુદાથી એવા ડરો કે આંખોથી આંસુ વહેવા માંડે અને એવી પરહેઝગારી અપનાવો કે જે તમને નજાત અપાવે એ પહેલાં કે આઝમાઇશનો દિવસ આવી જાય અને તમે પરેશાનીમાં ગુમ થઇ જાઓ. એ દિવસે એ જ માણસ મદદગાર થશે કે જેના સવાબનું પલ્લું ભારે અને ગુનાહોનું પલ્લું હલકું હશે. જ્યારે પણ તમે તેની પાસે દુઆ કરો તો ખૂબ જ આજીજીથી અને રડી રડીને તૌબા અને ખુશામદ અને ઝિલ્લતની સાથે કરવી જોઇએ અને દિલથી ગુનાહોનો ખયાલ દૂર કરીને નદામત (પસ્તાવા)ની સાથે ખુદાની તરફ રજૂ થવું જોઇએ.

તમારે બીમારીના પહેલાં તંદુરસ્તીને અને ઘડપણ પહેલાં જવાનીને, ગરીબાઇના પહેલાં સમૃધ્ધિને અને સફરના પહેલાં ઘરમાં રહેવા અને કામમાં મશગૂલ રહેવાના પહેલાં ફુરસદને ગનીમત જાણવી જોઇએ. એવું ન થાય કે ઘડપણ આવી જાય અને તમે બધાયની નજરોમાં અપમાનિત અને તિરસ્કૃત થઇ જાઓ અથવા તો બીમારી વર્ચસ્વ જમાવી દે અને તબિયત દુ:ખમાં ફસાવી દે અને દોસ્તો મોઢું ફેરવી લે,

وَ يَنْقَطِعُ عُمْرُهُ، وَيتغيَّرُ عقلُهُ

ثُمَّ قيلَ هُوَ مَوْعُوكٌ، وَ جِسْمُهُ مَنْهُوكٌ، قَدْ ثَمَّ جَدَّ فى نَزْعٍ شَدِيدٍ، وَ حَضَرَهُ كُلُّ قَرِيبٍ وَ بَعِيدٍ، فَشَخَصَ بِبَصَرِهِ، وَ طَمَحَ بِنَظَرِهِ، وَ رَشَحَ جَبِينُهُ، وَ عَطَفَ وَ عَيْنَيْنَهُ وَ سَكَنَ حَنِينُهُ، وَ جُذِبَتْ نَفْسُهُ، وَ بَكَتْهُ عِرْسُهُ، وَ حُفِرَ رَمْسُهُ، وَ يَكِيتَمَّ وُلْدُهُ، وَ تَفَرَّقَ عَنْهُ عَدَدُهُ، وَ قُسِمَ جَمْعُهُ، وَ ذَهَبَ بَصَرُهُ وَ سَمْعُهُ، وَ مُدِّدَ، وَ جُرِّدَ، وَ عُرِىَ، وَ غُسِّلَ، وَ نُشِفَ، وَ سُجِّىَ، وَ بُسِطَ لَهُ، وَ حَمَىٌّ وَ نُشِرَ عَلَيْهِ كَفَنُهُ، وَ شُدَّ مِنْهُ ذَقَنُهُ، وَ قُمِّصَ، وَ عُمِّمَ، وَ ردِّعَ وَ سُلِّمَ، وَ جُمِلَ فَوْقَ سَرِيرٍ، وَ صُلِّىَ عَلَيْهِ تَكْبِيرٍ، بغير سُجورٍ وَ تعْفِيرٍ وَ نُقِلَ مِنْ دُورٍ مُزَخْرَفَةٍ، وَ قُصُورٍ مُشَيَّدَةٍ، وَ حُجُرٍ مُنَضَّدَةٍ، وَجُعِلَ فى ضَرِيحٍ مَلْحُودٍ،

ઉમર કપાઇ જાય અને બુધ્ધિમાં ખરાબી આવી જાય.

પછી એવું કહેવાય છે કે તાવના વધારાથી હાલત ખરાબ થઇ ગઇ અને શરીર કમજોર થઇ ગયું. પછી જીવ નીકળવાની સખ્તી થાય છે અને નજીકનો અને દૂરનો દરેક માણસ તેની પાસે આવે છે અને તેની આંખો ઊઘાડીને ઊઘાડી જ રહી જાય છે. આંખોના ડોળા ફરી જાય છે, કપાળ પર પરસેવો આવી જાય છે, નાક વાંકું થઇ જાય છે અને રૂહ કબ્ઝ થઇ જાય છે. તેની પત્ની રડવા-કૂટવા લાગે છે, (તેની) કબર ખોદવામાં આવે છે અને તેનાં બાળકો યતીમ થઇ જાય છે.

આ ઉપરાંત (અર્થાત્ સાથીદારો) ફરાર થઇ જાય છે. અવયવો તૂટી જાય છે અને જોવાની તેમજ સાંભળવાની શકિત જતી રહે છે. પછી તેને સીધો સુવાડી દે છે અને લિબાસ ઊતારીને ગુસ્લ આપવામાં આવે છે અને કપડાથી શરીરને લૂછે છે અને સૂકવી દઇને તેના ઉપર એક ચાદર નાખી દેવામાં આવે છે અને એક પાથરવામાં આવે છે અને કફન લાવવામાં આવે છે અને તેની ઠાઠડી બાંધી દેવામાં આવે છે અને કમીઝ પહેરાવવામાં આવે છે અને અમામો બાંધીને રૂખ્સત કરી દે છે. અને પછી જનાઝો ઉઠાવવામાં આવે છે અને સજ્દો તેમજ તા'ફીર વગર માત્ર તકબીરની સાથે તેના પર નમાઝ પઢવામાં આવે છે. શણગારેલા સોનેરી તેમજ મજબૂત મહેલોમાંથી, ઉત્તમ પ્રકારના ફર્શવાળા

ضَيِّقٍ مَرْمُودٍ بِلِبْنٍ، مَنْضُودٍ، مُسَقَّفٍ
بِجُلْمُودٍ، وَ هِيلَ عَلَيْهِ عُفْرُهُ، وَ حُثِيَ
عَلَيْهِ مَدَرُهُ، فَتَحَقَّقَ حَذَرُهُ، وَ نُسِيَ
خَبَرُهُ وَ رَجَعَ عَنْهُ وَلِيُّهُ، وَ صَفِيُّهُ وَ
نَدِيمُهُ وَ نَسِيبُهُ، وَ حَمِيمُهُ، وَ تَبَدَّلَ
بِهِ قَرِينُهُ، وَ حَبِيبُهُ، فَهُوَ حَشْوُ قَبْرٍ،
وَ رَهِينُ قَفْرٍ، يَسْعَى بِجِسْمِهِ دُودُ قَبْرِهِ
و يَسِيلُ صَدِيدُهُ مِنْ مِنْخَرِهِ، يُسْحَقُ
تُرْبَتُهُ لَحْمُهُ، وَ يُنْشَفُ دَمُهُ، بِجَنْبِيهِ وَ
يُرِمُّ عَظْمُهُ، حَتَّى يَوْمَ حَشْرِهِ، فَيُنْشَرُ
مِنْ قَبْرِهِ،

حِيْن يُنْفَخُ فِي الصُّورِ، وَ يُدْعى بِحَشْرٍ
وَ نُشُورٍ، فَثَمَّ بُعْثِرَتْ قُبُورٌ، وَ حُصِّلَتْ
سَرِيرةٌ صُدُورٌ، وَجِيءَ بِكُلِّ نَبِيٍّ، وَ
صِدِّيقٍ، وَ شَهِيدٍ، وَ تَوَحَّدَ لِلْفَصْلِ
قَدِيرٌ، بِبَعِيدِهِ خَبِيرٌ وَ بَصِيرٌ، فَكَمْ
مِنْ زَفْرَةٍ تُعْنِمُهُ، وَ حَسْرَةٍ تُضْنِيهِ،

કમરાઓમાંથી (બહાર) લાવીને તેને સાંકડી કબરમાં નાખી દે છે અને તબકકાવાર ઇંટોથી કબર બનાવીને પથ્થરથી ઢાંકી દઇને તેના ઉપર માટી નાખી દેવામાં આવે છે અને ઢેફાંથી ભરી દેવામાં આવે છે. મૈયત ઉપર વહશત છવાઇ જાય છે પરંતુ કોઇને ખબર પડતી નથી. દોસ્તો અને સ્વજનો તેને છોડીને પાછા ફરી જાય છે અને બધું બદલાઇ જાય છે અને મડદું કબરમાં પડયું રહે છે અને (તેની) માટી થવા માંડે છે અને તેના બદન ઉપર કીડા દોડતા ફરે છે. તેના નાકમાંથી પીપ વહેવા લાગે છે અને તેનું ગોશ્ત માટી થવા માંડે છે અને તેનું ખૂન બન્ને બાજુએ સૂકાઇ જાય છે અને હાડકાં સડી જઇને માટી થવા માંડે છે. તે કયામતના દિવસ સુધી આવી રીતે રહે છે એટલે સુધી કે ખુદા ફરીથી તેને જીવતો કરીને કબરમાંથી ઉઠાડે છે.

જ્યારે સૂર ફૂકવામાં આવશે તો તે કબરમાંથી ઉભો થશે અને હશ્ર અને નશ્રના મેદાનમાં બોલાવવામાં આવશે અને એ વખતે કબરવાસીઓ સજીવન થશે અને કબરોમાંથી કાઢવામાં આવશે અને તેમની છાતીઓનાં રહસ્યોને જાહેર કરવામાં આવશે અને તેમની છાતીઓનાં રહસ્યોને જાહેર કરવામાં આવશે અને દરેક નબી, સિદ્દીક અને શહીદને હાજર કરવામાં આવશે અને ફેંસલાના માટે રબ્બે કદીર કે જે પોતાના બંદાઓની હાલતોથી વાકેફ છે, જુદા જુદા ઊભા કરશે પછી ઘણા બધા અવાજો તેને પરેશાનીમાં નાખી દેશે અને ખોફ

فی مَوْقِفٍ مَهُولٍ وَ مَشْهَدٍ جَليلٍ
بَيْنَ يَدَیْ مَلِكٍ عَظيمٍ، بِكُلِّ صَغيرَةٍ وَ
كَبيرَةٍ عَليمٍ، حينَئِذٍ يُلْجِمُهُ عَرَقُهُ، وَ
يَحْفِزُهُ قَلَقُهُ، عَبْرَتُهُ غَيْرُ مَرْحُومَةٍ، وَ
صَرْخَتُهُ غَيْرُ مَسْمُوعَةٍ، وَ حُجَّتُهُ غَيْرُ
مَقْبُولَةٍ، وَ نبَيَّنت جَريرَتُهُ وَنُشِر
صَحِيفَةٌ فنظر فی سُوءِ عَمَلِهِ، وَ شَهِدتْ
عَلَيْهِ عَيْنُهُ بِنَظَرِهِ، وَ يَدُهُ بِبَطْشِهِ، وَ
رِجْلُهُ بِخَطْوِهِ، و فرجُهُ بكَسَّهِ وَ جِلْدُهُ
بِمَسِّهِ، فَسُلْسِلَ جيدُهُ، وَ غلَّتْ يَدُهُ،
وَ سيقَ ضحِبَ وَحْدَهُ فَوَرَدَ جَهَنَّمَ بِكَرْبٍ
شَديدٍ، وَ ظَلَّ يُعَذَّبُ فی جَحيمٍ، وَ يُسْقی
شَرْبَةً مِنْ حَميمٍ تَشْوی وَجْهَهُ، وَ تَسْلِخُ
جِلْدَهُ، تَضْرِبُهُ زَبينَتُهُ بِمِقْمَعٍ مِنْ
حَديدٍ، يَعُودُ جِلْدُهُ بَعْدَ نَضْجِهِ بِجِلْدٍ
جَديدٍ، يَسْتَغيثُ فَتعرِضُ عَنْهُ خَزَنَةُ
جَهَنَّمَ، وَ يَسْتَصْرِخُ فَيَلْبَثُ حُقْبَهُ

અને નિરાશાથી તે અશક્ત થઇ જશે અને તે બાદશાહે અઝીમની સામે કે જે દરેક નાના મોટા ગુનાહોને જાણે છે, ડરતો ડરતો હાજર થશે. એ વખતે ગુનાહોની શરમથી એટલો બધો પરસેવો છૂટશે કે મોઢા સુધી આવી જશે અને તેને તેનાથી ગભરાટ પેદા થશે. તે ઘણી બધી આહ અને ફરિયાદ કરશે પરંતુ કોઇ સાંભળશે નહીં અને તેના બધા જ ગુના જાહેર કરી દેવામાં આવશે અને તેનું આમાલનામુ રજૂ કરવામાં આવશે. પછી તે પોતાના બદ આ'માલને જોશે અને તેની બદનજરીની અને નકામા હાથ મરવાની અને (ખરાબ કામ માટે) જવા માટે પગ અને શર્મગાહો બદકારીની અને જલ્દી સ્પર્શ કરવાની ગવાહી આપશે. પછી તેની ગરદનમાં સાંકળો નાખી દેવામાં આવશે અને વાળની લટો બાંધી દેવામાં આવશે.

પછી ખેંચીને જહન્નમમાં નાખી દેવામાં આવશે અને તે રડતો કૂટતો જહન્નમમાં દાખલ થશે કે જ્યાં તેને સખત અઝાબ કરવામાં આવશે. જહન્નમનું ઉકળતું પાણી તેને પીવા માટે મળશે જેનાથી તેનું મોઢું બળી જશે અને ચામડી નીકળી જશે. ફરિશ્તાઓ લોખંડના ગુરઝોથી તેને મારશે અને ખાલ ઉડી જવા પછી નવી ખાલ ફરીથી પેદા થશે. તેઓ ખૂબ જ આહ અને ફરિયાદ કરશે પરંતુ જહન્નમના ખજાનાના ફરિશ્તાઓ તેના તરફથી મોઢું ફેરવી લેશે. આવી જ રીતે એક લાંબી મુદત સુધી તે અઝાબમાં ફસાયેલો અને પસ્તાયેલો રહેશે અને

بِنَدَمٍ، نَعُوذُ بِرَبٍّ قَدِيرٍ مِنْ شَرِّ كُلِّ
مَصِيرٍ، وَ نَسْئَلُهُ عَفْوَ مَنْ رَضِيَ عَنْهُ،
وَ مَغْفِرَةَ مَنْ قَبِلَ،
نَهُوَ وَلِيُّ مَسْئَلَتِى وَ مُنْجِحَ طَلِبَتِى،
فَمَنْ زُحْزِحَ عَنْ تَعْذِيبِ رَبِّهِ، جعلَ
فِى جَنَّتِهِ بِعِزَّتِهِ وَ خُلِّدَ فِى قُصُورٍ
مُشَيِّدَةٍ، وَ مَلَكَ بِحُورٍ عِينٍ وَ حَفَدَةٍ، وَ
طِيفَ عَلَيْهِ بِكُئُوسٍ، وَ سَكَنَ خَظِيرَةَ
فِرْدَوْسٍ، وَ تَقَلَّبَ فِى نَعِيمٍ، وَ سُقِيَ مِنْ
تَسْنِيمٍ، وَ شَرِبَ مِنْ عَيْنٍ سَلْسَبِيلٍ،
ومُزِجَ لَهُ بِزَنْجَبِيلٍ، مَخْتُومَةٍ بِمِسْكٍ
عَبِيرٍ، مُسْتَدِيمٍ لِلْمل، مُسْتَشْعِرٍ
لِلسُّرورِ، يَشْرَبُ مِنْ خُمُورٍ، فِى رَوْضٍ
مُغْدِقٍ، لَيْسَ يَصْدَعُ مَنْ شَرِبَهُ، وَ لَيْسَ
يُنْزِفُ، لُبُّهُ هٰذِهِ مَنْزِلَةُ مَنْ فَشِيَ
رَبَّهُ، وَ حَذَّرَ نَفْسُهُ، مَعْصِيَهُ وَ تِلِكَ
عُقُوبَةُ مَنْ مجدَ مَشِيَّئَهُ، وَ سَوِّلَتْ
لَهُ نَفْسُهُ، مَعْصِيَةَ نهُوَ قَولٌ تَصْلُ وَ

મદદ માટેનો પોકાર કરતો રહેશે.

હું પરવરદિગારે કદીરથી પનાહ માગું છું કે તે મને દરેક નુકસાનવાળી વસ્તુની તકલીફથી સુરક્ષિત રાખે અને હું તેની પાસે એવી માફીની ઈચ્છા ધરાવનારો છું જેવી તેણે કોઈ માણસથી રાજી થઈને તેને આપી હોય અને એવી મગ્ફેરત ઈચ્છું છું કે જે તેણે કબૂલ ફરમાવી હોય.

આમ તે જ મારી ખ્વાહિશને પૂરી કરનારો અને મતલબને બર લાવનારો છે. જે માણસ અઝાબનો હકદાર નથી તે બેહિશ્તના મજબૂત મહેલોમાં હંમેશાં રહેશે અને હૂરો અને તેના ખાદિમો, ફરિશ્તાઓ હશે, કૌસરના જામોથી સયરાબ થશે અને અત્યંત પાકીઝગીમાં રહેશે. બેહિશ્તની નેઅમતો ઉપર અધિકાર જમાવેલો રહેશે અને તસ્નીમની નહેરનું પાણી પીશે અને સલસબીલના ઝરણાથી કે જેમાં સુગંધી ભળેલી હોય છે અને મુશ્ક અને અંબરની મુહર લાગેલી હોય છે, સયરાબ થશે અને ત્યાંનો હંમેશ માટેનો માલિક હશે તે ખુશ્બૂદાર શરાબ પીશે પરંતુ તેનાથી ન ખુમાર (નશો) થશે કે ન ઈન્દ્રિયો ઉપર ન કોઈ વિકાર. આવી મંઝેલત એવા માણસની છે કે જે ખુદાથી ડરે છે અને ગુનાહોથી બચે છે. અને તે અઝાબ એવા માણસ માટે છે કે જે પોતના ખાલિકની નાફરમાની કરે છે અને નફ્સાની ખ્વાહિશોથી ગુનાહોનો દોષી હોય છે. આ જ નિર્ણિત થયેલો કોલ અને ન્યાયપૂર્ણ હુકમ છે અને સર્વશ્રેષ્ઠ કિસ્સો અને નસીહત છે

حُكْمٌ عَدْلٌ، خَيْرُ قَصَصٍ قَصٍّ وَ وَعْظٍ
بِهِ نَصٍّ، تَنْزِيلٌ مِنْ حَكِيمٍ حَمِيدٍ،
نَزَلَ بِهِ رُوحُ قُدُسٍ مُبِينٍ، عَلى قَلْبِ
نَبِيٍّ مُهْتَدٍ رَشِيدٍ صَلَّتْ عَلَيْهِ رُسُلٌ
سَفَرَةٌ مُكَرَّمُونَ بَرَرَةٌ، عُذْتُ بِرَبٍّ
عَلِيمٍ رَحِيمٍ كَرِيمٍ مِنْ شَرِّ كُلِّ عَدُوٍّ لَعِينٍ
رَجِيمٍ، فَلْيَتَضَرَّعْ مُتَضَرِّعُكُمْ، وَلْتَهِلْ
مُبْتَهِلُكُمْ، فَنَسْتَغْفِرُ كُلِّ مَرْبُوبٍ
مِنْكُمْ لِي وَلَكُمْ وَحَسْبِي رَبٌّ وَحْدَهُ

કે જેનું વિગતવાર વર્ણન ખુદાવંદે હકીમ અને હમીદે તે કિતાબમાં ફરમાવ્યું છે જે રૂહુલ કુદ્સે હિદાયતપ્રાપ્ત, સત્યનિષ્ઠ પયગમ્બરના દિલ ઉપર નાઝિલ કરેલ છે. પરવરદિગારે અલીમ અને રહીમ અને કરીમથી પનાહ માગું છું કે તે મને દરેક દુશ્મને લઇન અને રજીમના ત્રાસથી બચાવે. તેથી તેની બારગાહમાં આજીજી કરનારાઓએ આજીજી કરવી જોઇએ અને દુઆ કરવાવાળાઓએ દુઆ કરવી જોઇએ અને તમારામાંથી દરેક શખ્સે મારા માટે અને પોતાના માટે ઇસ્તિગ્ફાર કરવો જોઇએ. મારો પરવરદિગાર એકલો જ મારા માટે બસ છે.

(શર્હે નહજુલ બલાગા, જિલ્દ-૪)


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧

સરહિંદ
રેફ્રીજરેશન સર્વિસ

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર
તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને
વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ
અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

મળો જૂના અને જાણીતા
☞ બશીરભાઈ
દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,
આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.



સતત છેલ્લા દસ વર્ષ થી આપસર્વે ના સાથ અને સહકાર થી હવે
હિંમતનગર ના સુવિકસીત મહાવીરનગર બેરણારોડ ઉપર
અમારો નવીન મોડલીગ ફોટો સ્ટુડિયો

DIGITAL
પીસીડ્રામ
PC-DROME ફોટો સ્ટુડિયો

લગ્ન તથા શુભ પ્રસંગે ફોટોગ્રાફી તેમજ વિડીયો શુટીંગ કરી આપવા માં આવશે.

હસનઅલી મસી, મો. ૯૪૨૭૭ ૨૩૩૭૨
નવા બસસ્ટેન્ડ ની બાજુમાં, ઈલોલ તલાવ,
દુ.નં.૫, ગોકુલેશ કોમ્પલેક્ષ, ગોકુલનગર
રીલાયંન્સ મોલની સામે બેરણારોડ.
હિંમતનગર

# મીર અનીસના મરસિયા

**મરસિયા—૧** (ગતાંકનું ચાલુ) مرثیہ-۱

| શહાદત જનાબે અમીરુલ મોમિનીન અલી ઇબ્ને અબીતાલિબ (અ.) | شہادت جناب امیرالمومنین علی ابنِ ابی طالبؑ |
|---|---|

| | |
|---|---|
| જો શહ્રે ઉલૂમે શહે લૌલાકકા હૈ દર, | جو شہرِ علوم شہِ لولاک کا ہے در |
| વલ્લાહ વો હૈદર હૈ વો હૈદર હૈ વો હૈદર | واللہ وہ حیدرؑ ہے وہ حیدرؑ ہے وہ حیدرؑ |
| વો કાતિલે અંતર હૈ વો હૈ ફાતહે ખૈબર | وہ قاتلِ عنتر وہ ہے فاتحِ خیبر |
| કબ્ઝેમેં ઉસી શાહકે હૈ તેગે દો પૈકર | قبضے میں اُسی شاہ کے ہے تیغِ دو پیکر |
| હાઇલ કભી હોતે ન પર રુહે અમીંકે | حائل کبھی ہوتے نہ پر رُوحِ امیں کے |
| એક દમમેં ગુઝર જાતે વો તબકેસે ઝમીંકે | اک دم میں گزر جاتے وہ طبقے سے زمیں کے |

(મૌલા અલી (અ.) કે જેઓ હઝરત રસૂલે ખુદા (સ.)ના ઇલ્મોના શહેરના દરવાજા છે. અલ્લાહ કસમ, આપ (અ.) હૈદર છે, હૈદર છે, હૈદર છે. મૌલા અલી (અ.) અંતર (નામના નામી પહેલવાન)ના કાતિલ છે અને ખૈબરના વિજેતા છે. એ શાહના કબજામાં બે ધારવાળી તલવાર (ઝુલ્ફિકાર) છે. રૂહે અમીન જિબ્રઇલ (અ.)ની પાંખો કદી પણ અવરોધરૂપ ન બનત, તેઓ જમીનના એક તબકા ઉપરથી બીજા ઉપર એકદમ પસાર થઇ જાત.)

| | |
|---|---|
| થી ઝર્બ યે ઔર ઝોરે ખુદાદાદ થા ઐસા, | تھی ضرب یہ اور زور خدا داد تھا ایسا |
| જુંબિશ હુઇ સબ કિલ્અેકો ઔર દરકો ગિરાયા | جنبش ہوئی سب قلعے کو اور در کو گرایا |
| દો ઉંગલીસે હલ્કા દરે ખૈબરકા જો ખીંચા | دو انگلی سے حلقہ درِ خیبر کا جو کھینچا |
| હઝરતને ઉઠા કર તરફે દર ઉસે ફેંકા | حضرت نے اٹھا کر طرفِ در اُسے پھنکا |
| ચાલીસ ગઝ ઉસ તર્હ ગિરા દૂર વો જાકે | چالیس گز اس طرح گرا دُور وہ جا کے |
| જિસ તર્હ કે પત્તા ઉડે ઝોંકેસે હવાકે | جس طرح کہ پتّہ اُڑے جھونکے سے ہوا کے |

(મૌલા અલી (અ.)ની તલવારનો પ્રહાર અને આપનામાં ખુદાએ આપેલું જોર એટલું બધું હતું કે આખોય કિલ્લો ધણધણી ઉઠ્યો અને દરવાજાને પણ પાડી નાખ્યો. મૌલા અલી (અ.)એ ખૈબરના દરવાજાનું કડુ બે આંગળીની મદદથી જોરથી ખેંચ્યું. મૌલા અલી (અ.)એ દરવાજાના એક છેડાને ઉઠાવીને તેને (આકાશમાં) ફેંક્યો. તે દરવાજો ચાલીસ ગજ દૂર જઇને એવી રીતે પડ્યો કે જેવી રીતે હવાના ફૂંકાવાથી ઝાડનાં પાંદડાં ઉડવા માંડે છે.)

| | |
|---|---|
| **ખંદકમેં કિયા વાર સરે ઉમરૂ પે જિસ દમ** | خندق میں کیا وار سر عمرو پہ جس دم |
| **અહસનતકી આતી થી સદા ચર્ખસે પૈહમ** | احسنَت کی آتی تھی صدا چرخ سے پیہم |
| **ઝર્બે અસદે હકસે હુવા દમમેં વો બૈદમ** | ضربِ اسدِ حق سے ہُوا دم میں وہ بیدم |
| **કરતા થા મુબાહાત ખુદાવંદે દો આલમ** | کرتا تھا مباہات خداوندِ دو عالم |
| **સુર્ખીથી ખુશીસે રૂખે અન્વાર પે નબીકે** | سُرخی تھی خوشی سے رُخِ انور پہ نبیؐ کے |
| **જિબ્રિલ અમી ચૂમતે થે હાથ અલીકે** | جبریل امیں چُومتے تھے ہاتھ علیؑ کے |

(જંગે ખંદકમાં મૌલા અલી (અ.)એ અમ્ર બિન અબ્દેવદ ઉપર જેવો પ્રહાર કર્યો કે તરત જ આકાશમાંથી શાબાશીના અવાજો સતત આવવા લાગ્યા. અલ્લાહના શેર મૌલા અલી (અ.)ની ઝર્બથી એક ક્ષણમાં તો તે (દુશ્મને ખુદા) મરણ પામ્યો. (એ વખતે) પરવરદિગારે આલમ પણ ફખ્ર કરતો હતો. (એ વખતે) નબી (સ.)ના નૂરાની ચહેરા પર ખુશીના લીધે લાલાશ ઉપસી આવી અને જિબ્રઈલે અમીન (અ.) મૌલા અલી (અ.)ના હાથ મુબારક ચૂમવા લાગ્યા.)

| | |
|---|---|
| **જિસવક્તઓહદમેં હુએકુફ્ફારસફઆરા** | جس وقت اُحد میں ہوئے کفار صف آرا |
| **અસ્હાબે નબી કર ગયે દુન્યાસે કનારા** | اصحابِ نبیؐ کر گئے دنیا سے کنارا |
| **જબ હઝરતે હમ્ઝાકો સિતમગારોંને મારા** | جب حضرتِ حمزہ کو ستمگاروں نے مارا |
| **ઇસ્લામકા લશ્કર મુતફર્રિક હુવા સારા** | اسلام کا لشکر متفرق ہُوا سارا |
| **અન્સારો મુહાજિર સભી ઉસ વક્ત જુદા થે** | انصارو مہاجر سبھی اس وقت جُدا تھے |
| **યા એહમદે મુખ્તાર થે યા શેરે ખુદા થે** | یا احمدؐ مختار تھے یا شیرِ خُدا تھے |

(જે વખતે જંગે ઓહદમાં કુફ્ફારે મકકા સફ બાંધીને લડવા તૈયાર થઇ ગયા ત્યારે નબી (સ.)ના અસ્હાબો દુનિયાથી કૂચ કરીને શહીદ થઇ ગયા. જ્યારે હઝરત હમ્ઝા (અ.)ને સિતમગરોએ શહીદ કરી દીધા ત્યારે

ઈસ્લામનું આખું ય લશ્કર વેરવિખેર થઈ ગયું. અન્સારો અને મુહાજિરો બધા જ અલગ થલગ હતા. એ વખતે કાં તો એહમદે મુખ્તાર (સ.) હતા કે કાં તો શેરે ખુદા હઝરત અલી (અ.) હતા.)

| | |
|---|---|
| **કુફ્ફારકા નર્ગા થા રસૂલે અરબી પર** | کفّار کا نرغہ تھا رسولِ عربی پر |
| **મંઝૂર હર એક શખ્સકો થા ખૂને પયમ્બર** | منظور ہر اِک شخص کو تھا خونِ پیمبر |
| **તલવાર લગાતા થા કોઇ ઓર કોઇ પથ્થર** | تلوار لگاتا تھا کوئی اور کوئی پتھر |
| **ટૂટે દરદંદાં હુએ પુર ખૂં લબે અત્હર** | ٹوٹے دردنداں ہوائے پُر خوں لب اطہر |
| **હર ગૂલ પે લલકાર કે જા પડતે થે હૈદર** | ہر غول پہ للکار کے جاپڑ تے تھے حیدر |
| **એહમદકો બચા લેતે થે ઔર લડતે થે હૈદર** | احمد کو بچا لیتے تھے اور لڑتے تھے حیدر |

(હઝરત રસૂલે ખુદા (સ.)ની ફરતાં કુફ્ફારોએ ઘેરો ઘાલ્યો હતો. દરેકે દરેક માણસને પયગમ્બર (સ.)નું ખૂન કરવું મંજૂર હતું. કોઈ તલવાર લગાવતું હતું તો કોઈ પથ્થર મારતું હતું. આપ (સ.)ના દાંત મુબારક ટૂટી ગયા. આપ (સ.)ના પવિત્ર હોઠ ખૂનથી ભરાઇ ગયેલા હતા. દરેક મુસીબત આવતી તો લલકાર કરીને મૌલા અલી (અ.) ટૂટી પડતા હતા. એક બાજુ રસૂલલ્લાહ (સ.)ને બચાવી લેતા હતા તો બીજી બાજુ મૌલા અલી (અ.) દુશ્મનો સાથે લડવા મંડી પડતા હતા.) (ક્રમશ:)


શૌકતભાઈ – ૯૪૨૮૩ ૮૪૨૮૬
ફૈઝઅહેમદ – ૯૭૧૪૭ ૬૪૧૯૪
દુકાન – ૯૭૨૨૯ ૦૧૪૬૦

દશાવાડાવાળા
અપના
કટલરી સ્ટોર

હોલસેલર : કટલરી, હોઝયરી, રમકડાં, વિગેરે

ઈ–૧૫, મહાવીર કોમ્પલેક્ષ, યશ હોસ્પિટલ નજીક, વાલીયા ચોકડી, જી.આઇ.ડી.સી.
અંકલેશ્વર – ૩૯૩ ૦૦૨

Akbarali V. Suthar Mo. 9426281856
Mikdadali Mo. 9429358118

FAMOUS
ALUMINIUM SECTION

- Aluminium Composit Panel,
- Glass Fitting
- Sliding Windows

Near Bus Station, Rigal Shopping Centre, Vadnagar (Gujarat)

**ફારસીના મહાન કવિ શેખ સાઅદીની**

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## UNITY (એકતાની શકિત)

پشّه چو پر شد بزند پیل را
با همه تندی و صلابت که اوست
مورچگان را چو بود اتّفاق
شیر ژیان را بدرانند پوست

**પશ્શા ચૂ પર શદ બ ઝનદ પીલ રા**
**બા હમા તન્દી વ સલાબત કે ઔસત**
**મૂરચગાન રા ચૂ બૂદ ઇત્તેફાક**
**શેર ઝયાન રા બદરાનન્દ પૌસ્ત**

(હાથી જેવા મહાકાય પ્રાણીમાં શકિત અને તાકાત હોવા છતાં તેને જીવજંતુઓનું ઝુંડ પરાજિત કરી શકે છે. જો બધી કીડીઓ ભેગી થઇ જાય તો ખૂંખાર જીવતા સિંહની ચામડીને પણ ઉતરડી શકે છે.)

## UNPLEASANT VOICE (અણગમતો અવાજ)

به تیشه کس نخراشد ز روی خارا گل
چنانکه بانگ درشت تو می خراشد دَل

**બે તીશ કસ નખરાશદ ઝ રવી ખારા ગિલ**
**ચુનાંકે બાન્ગે દરશતે તૂ મી ખરાશદ દિલ**

(ખરબચડા કડક પથ્થર ઉપર ચોંટેલી માટી કોદાળીની મદદથી ઉખેડવા જતાં જે અવાજ ઉત્પન્ન થાય છે તે અણગમતો હોય છે તેવી જ રીતે તમારો કર્કશ અવાજ પણ માણસોના દિલો ઉપર ઉઝરડા કરે છે.)

مطربی، دور از این خجسته سرای
کس دوبارش ندیده در یک جای
راست چون بانگش از دهن برخاست
خلق را موی بر بدن برخاست
مرغِ ایوان ز هول او بپرید
مغزِ ما برد و حلقِ خود بدرید

**મુતરબી દૂર અઝ ઐન ખુજિસ્તા સરાઇ**
**કસ દોબારશ નદીદા દર યક જાઇ**
**રાસ્ત ચૂન બાન્ગશ અઝ દહન બરખાસ્ત**
**ખુલ્ક રા મવી બર બદન બરખાસ્ત**
**મુર્ગે ઐવાન ઝ હૂલે અવ બપરીદ**
**મગ્ઝે મા બરદ વ ખુલ્કે ખૂદ બદરીદ**

(આવા શુકનવંતા ઘરમાંથી આવો ગવૈયો દૂર થાય તો સારું ! આ સ્થળે ફરીથી તે કોઇને ય જોવા ન મળે તો સારું ! ખરેખર જ્યારે જ્યારે તેણે ગાવા માટે પોતાનું મોઢું ખોલ્યું હતું ત્યારે ત્યારે માણસોનાં ઊંવાટાં ઊભાં થઇ જતાં હતાં. તેને ગાતો સાંભળીને તો પક્ષીઓ પણ ભયભીત બનીને ઊડી જતાં હતાં. તેણે અમને તો પાગલ બનાવી દીધા અને સાથે સાથે તેણે પોતાના ગળાને ફાડી નાખ્યું.)

نبیند کسی در سماعت خوشی
مگر وقتِ رفتن که دم در کشی

**ન બીનદ કસી દર સમાઅત ખુશી**
**મગર વક્તે રફ્તન કે દમ દર કુશી**

(કોઇને ય પણ તમારા ગાવાથી આનંદ

નહીં થાય સિવાય કે જ્યારે તમારો અહીંથી વિદાય થવાનો સમય થાય અને તમે ચૂપ થઇ જાઓ.)

**VALUE (મૂલ્ય)**

گر سنگ همه لعل بدخشان بودی

پس قیمت لعل وسنگ یکسان بودی

**ગર સંગે હમા લાલ બદખ્શાન બૂદી**


**પસ કીમતે લાલ વ સંગ યક્સાં બૂદી**

(જો દરેક રત્ન બદખ્શાંથી લાવેલું માણેક હોત તો તે પ્રત્યેક માણેકનું અને રત્નનું મૂલ્ય એકસરખું હોત.)

**નોંધ** : 'બદખ્શાં' અફઘાનિસ્તાનમાં આવેલા એક સ્થળનું નામ છે કે જે માણેક માટે સુવિખ્યાત છે.


## રક્ષણ ફેબ્રીકેશન ગૃપ

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

**સંપર્ક**

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦

સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭

૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**


## વિદ્યાર્થી / નોકરીયાત માટે સૂચના

આથી દરેક શીઆ જાફરી મશાયખી મોમિન જમાઆત (SJMMJ)ના વિદ્યાર્થી/નોકરીયાત ભાઇ–બહેનોને જણાવવાનું કે દરેક વર્ષની જેમ આ વર્ષે પણ પીરો મુરશિદના આદેશ અનુસાર માહિતી પુસ્તિકા બનાવવાની હોવાથી ધો.૧૨ પાસ પછીના વિદ્યાર્થી/નોકરીયાત ભાઇ–બહેનો તેમની નીચે મુજબની માહિતી છેલ્લામાં છેલ્લા તા.૩૧–૩-૨૦૧૩ સુધીમાં આપેલા સરનામા પર મોકલી આપવા વિનંતી.

(૧) હું હાલમાં (અભ્યાસ કરું છું/અભ્યાસ પૂરો કરીને નોકરી કરું છું/અભ્યાસ પૂરો કરી નોકરી શોધું છું) (✓ ટીક કરો) (૨) પૂરું નામ (૩) હાલનું તથા કાયમી (ગામ) સરનામુ, ફોન નં. સાથે (૪) બે પાસપોર્ટ સાઇઝ ફોટા (છોકરીઓએ ઓઢણી સાથે) (૫) ચાલુ વર્ષે અથવા/અને પૂરો કરેલ કોર્ષનું નામ (૬) કોલેજ અથવા યુનિવર્સિટીનું પૂરું નામ, સરનામુ, ફોન નં. સાથે (૭) કંપનીનું નામ સરનામા સાથે (નોકરીયાત માટે), હોદ્દો (૮) ઈમેલ આઇડી (૯) બ્લડ ગૃપ

આ ફોર્મ ભરીને નીચેના સરનામે મોકલી આપવા વિનંતી

**મો.મોહસિનઅલી કોજર, મક્તબા જાફરીયા, સેદ્રાણા સ્કેવર**

<u>નોધ</u> : કોઇ પણ જાતની વધુ માહિતી માટે અકબર સુણસરા (વાઘરોલવાળા)ને ૦૯૯૨૦ ૪૪૦ ૪૨૯ પર સંપર્ક કરવો. (૨) આ માહિતી ઈન્ટરનેટ વડે sjmmj.education@gmail.com પર ઈમેલ પણ કરી શકો છો. (૩) કોઇએ પણ પોતાની માહિતી સોસિયલ સાઇટ પર મૂકવી નહીં. દા.ત. ફેસબુક, ગુગલ પ્લસ, વગેરે. (૪) માહિતી સાથે છેલ્લી પાસ કરેલ પરીક્ષાની માર્કશીટ મોકલવી.

: લેખન :
હાજર પીર સૈયદ મોહંમદ
મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

- **Malice and Goodwill** (નફરત અને શુભ લાગણી)

  If you have malice against people in your heart, you will only spread malice - irrespective of how people are. If you have goodwill for people in your heart, you will only spread goodwill - irrespective of how people are.

  જો તમારા દિલમાં લોકો પ્રત્યે નફરત હોય તો ભલેને લોકો ગમે તેવા હોય, તેની પરવા કર્યા વગર તમે માત્ર નફરત જ ફેલાવવાના. જો તમારા દિલમાં લોકો પ્રત્યે શુભ લાગણી હોય તો ભલેને લોકો ગમે તેવા હોય તેની પરવા કર્યા વગર તમે માત્ર શુભ લાગણી જ ફેલાવવાના.

- **Weapons** (શસ્ત્રો)

  I think the law-abiding citizens of a country should be armed better than its outlaws. That will deter the owtlaws from carrying out atrocities on unarmed law-abiders. It will give bravery a rightful place in the list of socially desirable traits.

  હું માનું છું કે કોઇ દેશના નાગરિકોને બંધનકર્તા નિયમો બહારવટીયાઓ કરતાં વધારે શસ્ત્રસજ્જ હોવા જોઇએ. એનાથી નિયમોનું પાલન કરનારા શસ્ત્રવિહોણા લોકો ઉપર બહારવટીયાઓ અત્યાચાર આચરતાં રોકાઇ જશે. તે બાબત સામાજિકરીતે ઇચ્છનીય ખાસિયતોની યાદીમાં બહાદુરીને ન્યાયોચિત સ્થાન આપશે.

- **Disarmament** (નિ:શસ્ત્રીકરણ)

  If it’s possible, a blanket ban on producing any kind of ballistic weapons is best for the world. But then, it will require weapons to prevent people from producing weapons.

  જો શક્ય હોય તો, કોઇ પણ પ્રકારનાં પ્રક્ષેપાત્રોનું ઉત્પાદન કરવા ઉપર સદંતર પ્રતિબંધ મૂકવામાં આવે તો દુનિયા માટે તે ઉત્તમ બાબત છે. પરંતુ ત્યાર પછી તો લોકોને શસ્ત્રોનું ઉત્પાદન કરતા રોકવા માટે વળી પાછી શસ્ત્રોની જ જરૂર પડશે.

- **Justice** (ન્યાય/અદ્લ)

  When you speak in front of your own people, if you speak in such a manner that your speech doesn't offend your enemies, that's justice.

  જ્યારે તમે તમારા પોતાના જ લોકોની સામે હો (અને) જો તમે એવી રીતે બોલતા હો કે તમારી વાણી તમારા દુશ્મનોને દુભવે તેવી ન હોય, તો તેનું નામ જ ન્યાય છે.
- **Foresightedness** (દુરંદેશીપણું)

  If you are sufficiently foresighted, you'll never tell a lie.

  જો તમે પૂરતા પ્રમાણમાં દુરંદેશી હો તો તમે કદાપિ જૂઠ નહીં બોલો.
- **Degrees of Urge** (આવેગની માત્રાઓ)

  Fulfill your needs yourself, let your fortune fulfill your wants, and never fulfill your greed.

  તમારી જરૂરિયાતો તમારી જાતે જ પૂર્ણ કરો, તમારા ભાગ્યને તમારી ઈચ્છાઓ પૂરી કરવા દો પરંતુ કદાપિ તમારા લોભને પરિપૂર્ણ ન કરતા.
- **Method** (પધ્ધતિ/રીત)

  Every purpose will define its own method. Having a preset method for all your purposes, is a sureshot way to failure.

  દરેક હેતુ તેની પોતાની પધ્ધતિની વ્યાખ્યા કરશે, તમારા બધા જ હેતુઓ માટેની અગાઉથી નક્કી કરેલી રીત હોઈને તે નિષ્ફળતા તરફ લઈ જતો ચોક્કસ માર્ગ છે.
- **Water** (પાણી)

  Water is the originator of life and, perhaps, the cure for all illnesses.

  પાણી જીવસૃષ્ટિનું મૌલિક પ્રણેતા છે અને કદાચ બધી જ બીમારીઓનો ઈલાજ પણ.
- **Confidence** (આત્મવિશ્વાસ)

  If your confidence is in proportion to your knowledge, it's a boon. Otherwise, it's dangerous.

  જો તમારો આત્મવિશ્વાસ તમારા ઈલ્મના પ્રમાણમાં હોય તો તે વરદાન છે, નહીંતર તે ખતરનાક છે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## વસિયત વિષે

**વસિયતનો સિલસિલો ક્યારથી છે ?**

(ગતાંકનું ચાલું)

યૂનુસ બિન અબ્દુર્ર રહેમાને આસિમ બિન હમીદથી, તેમણે મોહંમદ બિન કૈસથી, તેમણે હઝરત ઈમામ અબૂ જાફ્ર મોહંમદ બિન અલી અલ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે આં જનાબ (અ.)એ ફ્રમાવ્યું કે નબી (સ.)ના જેવું જ નામ ધરાવનાર સહીફે ઈબ્રાહીમમાં **માહી** છે અને મૂસા (અ.)ની તૌરાતમાં **હાદ** (સ.) છે. હઝરત ઈસા (અ.)ની ઈન્જીલમાં **અહમદ** (સ.) છે અને ફુર્કાનમાં **મોહંમદ** (સ.) છે. તો અરજ કરવામાં આવી કે માહીથી શું મુરાદ છે ? તો આપ (સ.)એ ફ્રમાવ્યું બુતોને નષ્ટ કરવાવાળો. ઔસાન અને અઝલામ અને ખુદાએ રહેમાનના સિવાય જે જે વસ્તુઓની પૂજા કરવામાં આવે છે તેનો નાશ કરવાવાળો – પછી અરજ કરવામાં આવી કે હાદથી શું મુરાદ છે ? તો આપ (અ.) એ ફ્રમાવ્યું કે જે અલ્લાહ અને તેના દીનથી દુશ્મની કરશે તેનો દુશ્મન આ હશે ભલેને પછી તે નજીકમાં હોય કે દૂર હોય. ત્યાર પછી અરજ કરવામાં આવી કે અને હમદનો મતલબ શું છે? તો આપ (અ.)એ ફ્રમાવ્યું, અલ્લાહ અને તેના મલાઈકા અને તેના સઘળા નબીઓ અને તેના સઘળા રસૂલો અને તેની સઘળી ઉમ્મતો તેમની તારીફ કરે છે. અને તેમના ઉપર દુરૂદ મોકલે છે અને આપ (અ.)નું નામ મુબારક મોહંમદ રસૂલલ્લાહ અર્શ ઉપર લખેલું છે અને આપ (અ.) યમની કન્ટૂપ અને કાનવાલા પોતે જંગોમાં પહેર્યા કરતા હતા. આપ (અ.)ની પાસે એક બરછી હતી જેના ઉપર આપ (અ.) ટેકો લઈને ઊભા રહેતા હતા અને બન્ને ઈદોના પ્રસંગોએ તેને કાઢતા અને તેને લઈને ખુત્બો આપતા અને આપ (સ.)નો અસા લાંબો હતો કે જેનું નામ મમ્શૂક હતું અને આપ (અ.)ની પાસે વાળમાંથી બનાવેલો એક મોટો તંબુ હતો કે જેનું નામ કિન હતું અને આપ (અ.)ની પાસે એક મોટો પ્યાલો હતો કે જેનું નામ અલ સઅતા હતું અને આપની પાસે બીજો એક મોટો પ્યાલો હતો કે જેનું નામ રય હતું અને આપ (અ.) ની પાસે બે ઘોડા હતા એકનું નામ મુર્તજઝ હતું અને બીજાનું નામ સકબ હતું. અને આપ (અ.)ની પાસે બે ખચ્ચર હતાં, એકને દુલદુલ કહેવામાં આવતું હતું અને બીજાને શહબાઅ. આપ (અ.)ની પાસે બે ઊંટડીઓ હતી એકને અઝબા અને બીજીને જદઆ કહેવાતી હતી.

આપ (અ.)ની પાસે બે તલવારો હતી એકનું નામ ઝુલ્ફિકાર અને બીજીનું નામ ઔન હતું. આપ (સ.)ની પાસે બીજી બે તલવારો હતી એકનું નામ હતું મખ્ઝમ અને બીજીનું નામ રસૂમ હતું. આપ (સ.)ની પાસે એક

ગધેડો હતો જેનું નામ યાઝૂર હતું. આપ (સ.) ની પાસે અમામો હતો કે જેનું નામ સહાબ હતું. આપ (સ.)ની પાસે એક ઝિરહ (બખ્તર) હતી કે જેનું નામ ઝાતુલ ગઝૂલ હતું જેની ત્રણ કડીઓ હતી. એક કડી ચાંદીની આપની સામેની બાજુએ હતી (અને) બીજી કડીઓ પાછળની તરફ હતી. આપ (સ.)ની પાસે એક ઝંડો હતો જેનું નામ ઉકાબ હતું. આપ (સ.)ની પાસે એક ઊંટ હતો જેના ઉપર આપ (સ.) સામાન લાદતા હતા કે જેને રિબાજ કહેવાતો હતો. આપ (સ.)ની પાસે એક અલમ (ઝંડો) હતો કે જેનું નામ માલૂમ હતું. આપ (સ.)ની પાસે (બખ્તરનો) ટોપો હતો જેનું નામ અસ્અદ હતું. આપ (સ.)એ વફાતના સમયે આ બધી વસ્તુઓ હઝરત અલી (અ.)ને સોંપી દીધી હતી અને પોતાની અંગૂઠી ઉતારીને હઝરત અલી (અ.)ની આંગળીમાં પહેરાવી દીધી હતી. હઝરત અલી (અ.)એ બતાવ્યું છે કે આપ (સ.) ની તલવારોમાંથી એક તલવારની મૂંઠમાંથી મેં એક સહીફો પ્રાપ્ત કર્યો હતો જેમાં ત્રણ ફકરા (વાક્યો) લખેલા હતા. (૧) જે તમારી સાથેનો સંબંધ કાપી નાખે, તમે તેને મળતા રહેજો. (૨) સાચી વાત કહેજો ભલેને તે તમારી વિરૂધ્ધ કેમ ન હોય. (૩) તમારી સાથે ખરાબ વ્યવહાર કરે તેની સાથે સારો વ્યવહાર કરજો. (૫૪૦૩)

મોઅલ્લમી બિન મોહંમદ બસરીએ જાફર બિન સુલયમાનથી, તેમણે અબ્દુલ્લાહ બિન હકમથી, તેમણે પોતાના બાપ પાસેથી, તેમણે સઈદ બિન જબીરથી, તેમણે ઈબ્ને અબ્બાસ (રઝી.)થી રિવાયત કરી છે. તેમણે બયાન કર્યું કે રસૂલલ્લાહ (સ.)એ ઈરશાદ ફરમાવ્યો કે અલી (અ.) મારા વસી અને મારા ખલીફા છે અને તેમની ઝૌજા ફાતેમા (અ.) સઘળા આલમોની સરદાર, મારી બેટી છે અમને હસન (અ.) અને હુસૈન (અ.) જન્નતના જવાનોના સરદાર, આ બન્ને મારા ફરઝંદ છે. જેણે તેમની સાથે દોસ્તી રાખી તેણે મારી સાથે દોસ્તી રાખી. જેણે તે લોકો સાથે દુશ્મની રાખી, તેમણે મારી સાથે દુશ્મની રાખી, જેણે તે લોકો સાથે અદાવત રાખી, તેણે મારી સાથે અદાવત રાખી. જેણે એ લોકો ઉપર જુલ્મ કર્યો, તેણે મારા ઉપર જુલ્મ કર્યો. જેણે તે લોકોની સાથે નેકી કરી, તેણે મારી સાથે નેકી કરી. અલ્લાહ એની સાથે મેળ મેળાપ રાખે કે જેઓ એ લોકોની સાથે મેળ મેળાપ રાખે છે. અલ્લાહ તે માણસ સાથે સંબંધ કાપી નાખે કે જે એ લોકો સાથેનો સંબંધ

**ખાલિકને મોહંમદકો રિસાલત દે દી,**
**ઔર સારે રસૂલોં પર ફઝીલત દે દી.**
**ક્યું કર ન ગિરે દેખકે બુત કા'બે કે,**
**આગોશે નબુવ્વતમેં ઇમામત દે દી.**

કાપી નાખે છે. અલ્લાહ તેની મદદ કરે કે જે એ લોકોની મદદ કરે છે. અલ્લાહ તેની મદદ ન કરે કે જે એ લોકોની મદદ ન કરે. પરવરદિગાર! અગર તારા અંબિયા અને રસૂલોમાંથી કોઈના સેકલ (બોજ) અને અહલેબૈત થયેલા હોય તો અલી (અ.) અને ફાતેમા (અ.) અને હસન (અ.) અને હુસૈન (અ.) મારા અહલેબૈત અને મારા સેકલ (બોજ) છે તું એ લોકો સાથે દરેક પ્રકારની ગંદકીને દૂર રાખ અને તેમને પાક રાખ કે જેવો પાક રાખવાનો હક છે. (૫૪૦૪)

ઈબ્ને અબ્બાસ (રઝી.) રિવાયત કરે છે. તેમનું બયાન છે કે મેં સાંભળ્યું છે કે નબી (સ.) હઝરત અલી (અ.)ના બારામાં ફરમાવતા હતા, અય અલી ! તમે મારા વસી છો. મેં મારા રબના હુકમથી તમને મારા વસી બનાવ્યા છે અને તમે મારા ખલીફા છો. મેં મારા રબના હુકમથી તમને મારા ખલીફા બનાવ્યા છે. અય અલી (અ.) ! તમે જ એ છો કે જે, મારા પછી મારી ઉમ્મતવાળા જે બાબતોમાં ઈખ્તેલાફ કરશે તેની તમે સ્પષ્ટતા કરશો. તેમનામાં તમે મારા કાયમમકામ છો. તમારો હુકમ છે મારો હુકમ, તમારી ઈતાઅત મારી ઈતાઅત છે અને મારી ઈતાઅત અલ્લાહની ઈતાઅત છે. તમારી નાફરમાની મારી નાફરમાની છે અને મારી નાફરમાની અલ્લાહની નાફરમાની છે. (૫૪૦૫)

મોહંમદ બિન અબી અબ્દિલ્લાહ કૂફીએ મૂસા બિન ઈમરાન નખઈથી, તેમણે પોતાના કાકા હુસૈન બિન યઝીદથી, તેમણે હસન બિન અલી બિન અબી હમ્ઝાથી, તેમણે પોતાના બાપથી, તેમણે યહ્યા બિન અલી અલ કાસિમથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી, તેમણે પોતાના પિદરે બુઝુર્ગવાર (અ.)થી તેમણે પોતાના જદ્દે નામદાર (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે રસૂલલ્લાહ (સ.) એ ઈરશાદ ફરમાવ્યો કે મારા પછી બાર (૧૨) ઈમામો થશે, જેમાં સૌથી પહેલા હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અ.) અને સૌથી છેલ્લા કાએમ (અ.) હશે. આ જ લોકો મારા ખલીફા, મારા અવસિયા, મારા અવસિયા, અને મારા પછી મારી ઉમ્મત પર અલ્લાહની હુજ્જત હશે. તેમનો એકરાર કરવાવાળો મોમિન અને તેમનો ઈન્કાર કરવાવાળો કાફિર હશે. (૫૪૦૬)

અને રસૂલલ્લાહ (સ.)એ ઈરશાદ ફરમાવ્યો કે અલ્લાહ તઆલાના એક લાખ ચોવીસ હજાર અંબિયા છે અને હું એ બધાયનો સરદાર, અને તે બધાયથી અફઝલ અને અલ્લાહ તઆલાની નજીક હું એ બધાયથી વધારે મુકર્રમ (પ્રતિષ્ઠિત) છું અને દરેક નબીનો એક વસી હોય છે અને અલ્લાહ તઆલાના હુકમથી તે તેમને વસી બનાવે છે અને મારા વસી અલી ઈબ્ને અબીતાલિબ એ બધાયના સરદાર અને સૌથી અફઝલ અને અલ્લાહ તઆલાની નજરમાં તેમનામાં સૌથી વધારે પ્રતિષ્ઠિત છે. (૫૪૦૭)

હસન બિન મહબૂબે અબી અલ જારૂદથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી,

તેમણે જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત હું હઝરત ફાતેમા ઝહરા (અ.)ની ખિદમતમાં હાજર થયો તો તેમની સામે એક લૌહ (તખ્તી) મૂકેલી હતી. મેં જોયું કે તેમાં અવસિયાનાં નામો લખેલાં છે. મેં ગણતરી કરી તો તે બાર અદદ હતા. તેમાંથી એક કાએમ (અ.) અને તેમનામાંથી ત્રણ મોહંમદ અને ચાર અલી (અ.) હતા. (૫૪૦૮)

મેં મારી કિતાબ કમાલુદ્દીન અને તમામ અલ નેઅમત ફી અસ્બાતુલ ગૈબાત અલ હીરામાં

## શબ્દ પરિચય

### તિફ્લ

**તિફ્લ** : (طفل) અરબી શબ્દ છે જેનો અર્થ થાય બાળક. **તિફ્લ**નું બહુવચન થાય **તિફ્લાન** (**તિફ્લાં**) બાળકો. **બોસ્તાને તિફ્લાન** : બાળકોનો બગીચો, બાલ ઉદ્યાન. તિફ્લ ઉપરથી તેના શબ્દ પ્રયોગો થાય છે : **તિફ્લ મિઝાજ** – બાળકો જેવું વર્તન કરનાર, બાળકો જેવી ચેષ્ટા કરનાર **તિફ્લે અશ્ક** – અશ્રુબિંદુ, આંસુ **તિફ્લે આતશ**– ચિનગારી **તિફ્લે ઉફ્તાદ** – જેનાં માતા પિતા છોડીને ચાલ્યાં ગયાં હોય તેવું બાળક, અનાથ બાળક **તિફ્લે દબિસ્તાન** – શાળામાં ભણતું બાળક, બિન અનુભવી વ્યકિત **તિફ્લે મક્તબ** – (રૂઢિપ્રયોગ) ઠોઠ નિશાળીયો, નિરક્ષર, મૂર્ખ **તિફ્લે શીરખ્વાર** – દૂધપીતું બાળક, ધાવતું બાળક

## નુસ્ખા

### હરસ–મસા

* એક ચમચી કારેલાના રસમાં સાકર મેળવીને પીવાથી હરસ–મસા મટે છે.
* ધાણા અને સાકરનો ઉકાળો પીવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.
* ગરમ ગરમ શેકેલા ચણા ખાવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.
* કોકમના ફૂલનું ચૂર્ણ દહીંની મલાઇ સાથે મેળવી જરાક ગરમ કરી દિવસમાં ત્રણ વાર ખાવાથી હરસમાં પડતું લોહી બંધ થાય છે.
* જીરાને શેકીને તેમાં સરખે ભાગે કાળા મરી તથા સિંધવ મેળવીને ચૂર્ણ બનાવીને જમ્યા પછી છાસ સાથે લેવાથી હરસ–મસા મટે છે.
* સૂંઠ, જીરૂ અને સિંધવનું ચૂર્ણ દહીંના મઠામાં મેળવીને જમ્યા પછી લેવાથી હરસ–મસા મટે છે.

આ જ વિષય પર ઘણી બધી હદીસો સહીહ સનદવાળી લખી દીધી છે. અહીં તેમાંથી કોઇ હદીસ નકલ નથી કરી એટલા કે મેં તે કિતાબને માત્ર ફિકહ માટે રાખેલ છે અને અલ્લાહ જ સવાબની તોફીક આપવાવાળો છે અને સવાબ પ્રાપ્ત કરવામાં નિશ્ચિંત કરેલ અને મદદગાર છે.

(સંદર્ભ : મલ્લા યહઝુરુહુલ ફકીહ, ભાગ–૪, પેજ–૧૨૮ થી ૧૩૨, ઉર્દૂમાંથી અનુવાદિત)

# આપણા ઘરની વાતો

**● વસો ખાતે મુદર્રિસા પ્રોજેક્ટનો વર્કશોપ યોજાયો :**

વસોથી મો. ઈમ્તિયાઅલી ગુલામઅબ્બાસની યાદી જણાવે છે કે હલ્કાએ આલિમા ગૈર મોઅલ્લમા મુદર્રિસા પ્રોજેક્ટનો વર્કશોપ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)ની દુઆથી તા.૧૩–૧–૨૦૧૩, રવિવારના રોજ વસો મુકામે મહેર હોલમાં યોજાયો હતો. આ વર્કશોપમાં વસોની આજુબાજુના ગામો, રામોલ, વડતાલ, પેટલાદ, પાડગોલ, વલેટવા, નડીયાદ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ગામો કઠોર, અંકલેશ્વર તથા દમણનાં મુદર્રિસા બહેનો જોડાયાં હતાં. આ વર્કશોપમાં કુલ–૧૦ ગામોની ૩૯ મુદર્રિસા બહેનોએ ટ્રેનીંગ લીધી હતી. મુદર્રિસા પ્રોજેક્ટના સંચાલક જનાબ ઈસ્માઈલહુસૈન ઝહીરાબાદવાળાએ આ પ્રોજેક્ટની જવાબદારી સંભાળી બહેનોને તથા ગામના અન્ય સભ્યોને તાલીમ આપી હતી. ત્યાર બાદ મુદર્રિસા બહેનોને સતત ૫ થી ૬ કલાક સુધી તાહેરાબેન, ફાતેમાબેન તથા ઝહરાબેને તાલીમ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગામના મુખી સાહેબ, આગેવાનો તથા અન્ય ગામના મુખી સાહેબો તથા મોમિન મેડીકલ સહાય યોજનાના મુખ્ય કાર્યકર્તા જનાબ ઈસ્માઈલભાઈ સમગ્ર કાર્યક્રમ દરમિયાન હાજર રહી ઉમદા વાતો કરી હતી. આ પ્રોગ્રામ દરમિયાન દરેક મુદર્રિસા બહેનોએ શાંતિપૂર્વક તાલીમ લીધી હતી.

તાલીમના અંતે વસોના પ્રાથમિક સ્કૂલના પ્રિન્સિપાલ જનાબા અનીસાબેને તાલીમ આપવા આવનાર બહેનો તથા તાલીમ લેનાર મુદર્રિસા બહેનોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે તમો સૌ જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાનું સ્વપ્ન સાકાર કરી રહ્યા છો ત્યારે આ કાર્યમાં અલ્લાહ તઆલા સાથ આપશે એવી દુઆ માગી હતી.

**● જોગેશ્વરી–મુંબઇ ખાતે રક્તદાન શિબિર અને ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન:**

શીઆ જાફરી મશાયખી મોમિન વેલ્ફેર એસોશીએશન, જોગેશ્વરી તરફથી મહેફિલે શાહે નજફ ઈમામાવાડા–જોગેશ્વરીમાં તા.૩૦–૧૨–૨૦૧૨, રવિવારના રોજ રકતદાન શિબિર અને ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોમિન ભાઈ–બહેનો તરફથી ૧૪૧ બોટલ ખૂન આપી કરબલાના શહીદોને પુરસો આપ્યો હતો. આ કેમ્પમાં ટાટા મેમોરીયલ સેન્ટર તરફથી ડો.રાજીવ શરીન પ્રિન્શીયલ ઈન્વેસ્ટીગેશન અને તેમની ટીમે મોમિન ભાઈ–બહેનોનો કેન્સર જીનેટીક્સ OIC, DNA ટેસ્ટ કરી ચેકઅપ કર્યું હતું. આ કેમ્પમાં મોમિન અને મોમિના ડોકટરો ડો.મજુરહુસૈન ગુલામ અધારીયા (વડુ) (MBBS, DNB) Gastroenterology, ડો.એહમદહુસૈન રહીમ મુસમજી (BHMS)( શેરપુરા), ડો.મહદીહુસૈન યૂનુસ અધારીયા (BHMS)

(શેરપુરા), ડો,બાકરઅલી વલ્લી કડીવાલા (MD in Opthal Eye Specialist) (ખડીયાસણા), ડો.રીફ્ત યૂનુસ અઘારીયા (BDS Dentist) (શેરપુરા), ડો.એહસાનઅલી વલ્લી સુણસરા (BDS Dentist) (સેવાણી), ડો.નફીસા અબ્દુલ કડીવાલા (BHMS)(સેવાણી), ડો.ફિરોઝા મંજૂરઅલી બાલસાણીયા (BHMS) (જાફરીપુરા), મહેમૂદા નૂરમોહંમદ કડીવાલા (BSC MLT)(સેદ્રાણા), રાશેદા નૂરમોહંમદ કડીવાલા (BSC MLT) (સેદ્રાણા) અને આંખોના ચશ્માના નંબર આઇડલ ઓપ્ટીકલવાળા અબ્દુલભાઇ હબીબ શેલીયા (ખડીયાસણાવાળા) તરફથી મોમિન ભાઇ–બહેનોને ફ્રી મેડીકલ ચેકઅપ કર્યું હતું.

**● જુહાપુરા ખાતે અરબી તાલીમની ફ્રી સુવિધા :**

હૈદરીબાગ, જુહાપુરા ખાતે મોમિન ભાઇઓ માટે અરબી તાલીમની વધુ સગવડો પૂરી પાડવામાં આવી છે. જે મોમિન ભાઇને અરબી વાંચન બિલકુલ આવડતું જ ન હોય તેમના માટે સોમવારે રાત્રે ૯–૩૦ કલાકે અને જે મોમિન ભાઇને અરબી આવડતું હોય પરંતુ સહીહ ઉચ્ચાર ન આવડતા હોય તેમના માટે મંગળવારે રાત્રે ૯–૩૦ કલાકે હૈદરીબાગ, ઇમામવાડામાં ફ્રી તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે જેની શરૂઆત તા.૪–૨–૨૦૧૩ને સોમવારથી કરવામાં આવી હતી. અરબી તાલીમ આપવા માટે સ્થાનિક મોલ્વી સાહેબ જનાબ રજબઅલી રસૂલભાઇ ગાંધી (કેસીમ્પાવાળા)એ પોતાની નૈતિક જવાબદારી વિના વેતને સ્વીકારી લીધી છે. મોલ્વી સાહેબ રજબઅલી મકતબા જાફરીયા ખાતે પ્રથમ બેચના તાલીમ પામેલ મોલ્વી સાહેબ છે. આ સુવિધાનો લાભ ઘણા મોમિન ભાઇ–બહેનોએ લીધેલ છે. આ જ રીતે મોમિના બહેનો માટે પણ તાજેતરમાં નિયુકત થયેલી મુદર્રિસા બહેનો પણ દર શુક્રવારે રાત્રે હૈદરીબાગ ખાતે અરબી વાંચન, મસઅલા–મસાએલ, વગેરે વિષયનું વાંચન કરી મોમિનાઓને લાભ પહોંચાડે છે.

**● અભિનંદન :**

રસુલપુર (કાકોશી)ના વતની અને અમદાવાદ હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા મો. ઇસ્માઇલભાઇ શરીફ્ભાઇ શેલીયા ઉર્ફે લાલાના પુત્ર મો.શબ્બીરઅલી લાલા છેલ્લા દસ વર્ષથી અમદાવાદ ખાતે વકીલાતની પ્રેકટીસ કરે છે અને ચાલુ સાલે ભારત સરકાર તરફથી નોટરી તરીકે નિયુકત થયેલ છે. મો.શબ્બીરઅલી આપણી જમાઅતના પ્રથમ વ્યકિત છે કે જેમને આ સન્માન પ્રાપ્ત થયું છે. જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન. ⟶






⟵વાઘરોલના વતની અને અમદાવાદ હોટલ વ્યવસાય સાથે સંકળાયેલ મો. ઇસ્માઇલભાઇ રહીમભાઇ સુણસરની દીકરી મો.શાકેરાબાનુ ચાલુ સાલે C.A.ની ફાઇનલ પરીક્ષા પાસ કરીને C.A.ની ડિગ્રી મેળવેલ છે. શાકેરાબાનુએ વર્ષ ૨૦૦૯માં બી.કોમ. ૭૩ ટકા અને વર્ષ ૨૦૧૧માં એમ.કોમ. ૫૮ ટકા મેળવીને પાસ કરેલ છે. જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

ઈલોલ પહાડીયા નિવાસી ગોદડ મહદીહસન મોહંમદહુસૈન ભાવનગર ખાતે Sir P. P. Institute of Scienceમાં અભ્યાસ કરે છે. તેમણે Charotar University of Science & Technology CHARUSAT – Changa માં ૨૭મી જાન્યુઆરી ૨૦૧૩ રવિવારના રોજ Department of Physical Sciences, P. D. Patel Institute of Applied Sciences ખાતે The Under Graduate Poster Competition on " The Excitement and Current Research Scenario in Physics (ECRSP- 2013)" માં ગુજરાત રાજ્યની જુદી જુદી કૉલેજોમાંથી કુલ ૫૮ Poster participantsએ પોતાની કોલેજ તરફથી પોસ્ટરની રજૂઆત કરી હતી. Current Research on Physics પર પોસ્ટરના વિષયો જેવા કે God particle, Magnetic Fluid, Nano-technology, Space Science, Electronics, Spintronics હતા. એમાંથી તેમના પોસ્ટરનો વિષય Solar Powered LED Lantern for Developing Countries હતો. તેમના પોસ્ટરને BEST POSTER AWARD મળેલ છે. જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.




● **ઇન્નાલિલ્લાહે..:**




રસુલપુર નિવાસી મર્હૂમા મો.મરયમબેન અલજીભાઈ આગલોડીયા મુ.તા. ૫, રબી.અવ્વલ–૧૪૩૪, તા.૧૮–૧–૨૦૧૩ને શુક્રવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. ⟶



⟵કરનાળાપરા નિવાસી મર્હૂમ મો.નૂરમહંમદ હાસમભાઈ પરબડીયા મુ.તા.૧૯, રબી.અવ્વલ–૧૪૩૪, તા.૩૧–૧–૨૦૧૩ને ગુરૂવારના રોજ ૫૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ, શાંત અને લાગણીશીલ હતા. તેઓ કરનાળાપરા જમાઅતના આગેવાન હતા. તેઓ જમાઅતનો હિસાબ રાખનાર તેમજ મોહર્રમમાં દરેક કાર્યમાં પહેલ કરનાર હતા. તેઓ આલે મોહંમદ (અ.)ની મજલિસોના પાબંદ હતા.




કેસીમ્પા નિવાસી મર્હૂમ મો.નૂરાભાઈ દોસનભાઈ પટેલ મુ.તા.૨૬, સફર–૧૪૩૪, તા.૯–૧–૨૦૧૩ને બુધવારના રોજ ૧૦૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶



⟵ઈલોલ પહાડીયા નિવાસી મર્હૂમ મો.શરીફભાઈ ખાંનજીભાઈ બલોસપુરા મુ.તા.૧૭, સફર–૧૪૩૪, તા.૩૧–૧૨–૨૦૧૨ને સોમવારના રોજ આશરે ૮૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ નેક, હસમુખા અને

અહલેબયત (અ.)ના ચાહક હતા.



ઈલોલ તલાવ નિવાસી મર્હૂમ મો.નુરાભાઇ જલાલભાઇ મસી મુ.તા.૧૦, રબી.અવ્વલ–૧૪૩૪, તા.૨૩–૧–૨૦૧૩ને બુધવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶



⟵જેઠીપુરા નિવાસી મર્હૂમ મો.હસનભાઇ વજીરભાઇ વિજાપુરા મુ.તા. ૩ રબી.અવ્વલ–૧૪૩૪, તા.૧૬–૧–૨૦૧૩ને બુધવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેમણે પોતાના જીવનના પાછલા વર્ષોમાં ધોળકા તેમજ સિધ્ધપુર ખાતે રહીને જાફરીખાનદાનની ખિદમત બજાવી હતી.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**ગડમથલ નં.૨૪૭નો ઉકેલ**

આડી ચાવીઓ : (૧) બશારત (૩)અહદ (૮) ઝાફરાન (૧૦) કરમ (૧૧) બાકિર (૧૨) ગાલિબ (૧૩) કતલ (૧૫) સહન (૧૬) ખલલ (૧૭) જલ્વા (૧૮) શબ (૨૦) શરર (૨૨) તા (૨૩) દરબાન (૨૫) ફાશ (૨૮) ઈશા (૨૯) બકર (૩૦) ઝલીલ (૩૧) વ (૩૨) તમન્ના ઊભી ચાવીઓ : (૧) બરકત (૨) રઝમગાહ (૪) હઝાર (૫) દફ (૬) નાન (૭) શબાબ (૯) રાહત (૧૩) કલમ (૧૪) લકીર (૧૫) જવાદ (૧૬) ખબર (૧૭) જવાદ (૧૮) શશ (૧૯) કબાઈલ (૨૧) રફાકત (૨૪) નશા (૨૬) શરમ (૨૭) જફા

ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩

બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭

(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**

**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં **LED** મુવીંગ ડીસપ્લે, **LED** ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક **& LED** બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે **LED** સીરીઝ, **LED** પટ્ટા, **LED** બોર્ડ તેમજ **LED**ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

**મંજુરઅહેમદ આઇ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



**ગેલેક્સી ઈન્ફોટેક**

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઇ (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઇની રૂહના સવાબ અર્થે.

મર્હૂમા મો.મરીયમબેન અલજીભાઇ આગલોડીયા (રસુલપુર–ખે.)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૪૦/- મો.અલજીભાઇ નશીરભાઇ
રૂા.૫૦/- મો.અમીનાબેન નૂરમહંમદભાઇ
રૂા.૫૦/- મો.માસૂમભાઇ નૂરમહંમદભાઇ
રૂા.૧૦૫/- મો.ગુલામહુસૈન અલજીભાઇ
રૂા.૫૦/- મો.સુગરાબેન ગુલામહુસૈન
રૂા.૫૦/- મો.સખાવતઅલી ગુલામહુસૈન
રૂા.૫૦/- મો.સાજેદાબાનુ સખાવતઅલી
રૂા.૫૦/- મો.નજરઅલી ગુલામહુસૈન
રૂા.૫૦/- મો.આબેદાબાનુ નજરઅલી
રૂા.૩૦/- મો.અમીનાબેન રહીમભાઇ રામસડા
રૂા.૫૦/- મો.કુલસુમબેન રહીમભાઇ
રૂા.૩૦/- મો.જીવુબેન રહીમભાઇ બાલીસણા
રૂા.૧૧/- મો.શાકેરાબાનુ સખાવતઅલી
રૂા.૧૧/- મો.હૈદરઅબ્બાસ નજરઅલી
રૂા.૧૧/- મો.ઈસ્રતફાતેમા સખાવતઅલી
રૂા.૨૧/- મો.ઝયનબબેન અલજીભાઇ
રૂા.૧૦૦/- મો.સકીનાબેન અબ્દુલભાઇ
રૂા.૨૧/- મો.શીરીનબેન કમ્બઅલી
રૂા.૧૦૦/- મો.રહમતબેન ઈસ્માઇલભાઇ
રૂા.૨૦/- મો.જીવુબેન રસૂલભાઇ

રૂા.૨૫૦/- મુજાહિદ યંગ કમિટી (કાકોશી) તરફથી ૧૭, રબી.અવ્વલ વિલાદત : હઝરત મોહંમદ મુસ્તફા (સ.), હઝરત ઈમામ જાફર સાદિક (અ.) તથા હાજરપીરની વિલાદતની ઉજવણીની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૧/- મો.મર્હૂમ નૂરમહંમદભાઇ હાશમભાઇ પરબડીયા (કરનાળાપરા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.અસદઅલી ગુલામનબી રાઇસ મીલવાળા (વસો)તરફથી તેમની દીકરી નાહિદ તથા નિસાફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- મો.ગુલામહુસૈન હાશમભાઇ રામપુરવાળા (વસો)તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૨૧/- મો.અહમદુન્નિસા ઈકબાલહુસૈન (વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.), જનાબા સૈયદા ઈતફતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે તથા હાજી ગુલામઅલી રસૂલભાઇ, હાજીયાણી અલ્લારખીબેન ગુલામઅલીની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૧૦૦૦/- બંદએ ખુદા તરફથી

મર્હૂમ મો.નૂરાભાઇ દોસનભાઇ પટેલ (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૫૦૧/- મો.રસૂલભાઇ નૂરાભાઇ પટેલ
રૂા.૫૦૧/- મો.અકબરઅલી ગુલામભાઇ પટેલ

મર્હૂમ મો.શરીફભાઇ ખાંનજીભાઇ બલોસપુરા (ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- મો.ઈસ્માઇલભાઇ ખાંનજીભાઇ બલોસપુરા

રૂા.૧૦૦/- મો.મરયમબેન વલીભાઇ મસી
રૂા.૧૦૦/- મો.ઉરીબેન હસનભાઇ મસુ
રૂા.૧૦૦/- મો.રસૂલબેન નૂરભાઇ ભગત
રૂા.૧૦૦/- મો.શેરઅલી અલજીભાઇ મસી
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન શેરઅલી મસી
રૂા.૧૦૦/- મો.મન્સૂરાબેન શેરઅલી મસી
રૂા.૧૦૦/- મો.એહસાનઅલી શેરઅલી મસી
રૂા.૧૦૦/- મો.ગુલામમહંમદ શરીફભાઇ બલોસપુરા
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન ગુલામમહંમદ બલોસપુરા
રૂા.૫૦/- મો.શબ્બીરહસન ગુલામમહંમદ બલોસપુરા
રૂા.૫૦/- મો.અસ્મતફાતમા ઈર્ફાનહૈદર પટેલ
રૂા.૧૦૦/- મો.હસનઅલી શરીફભાઇ બલોસપુરા
રૂા.૧૦૦/- મો.ઝહરાબેન હસનઅલી બલોસપુરા
રૂા.૫૦/- મો.તાહેરાફાતેમા હસનઅલી બલોસપુરા
રૂા.૫૦/- મો.મહંમદહુસૈન હસનઅલી બલોસપુરા
રૂા.૫૦/- મો.શબ્બીરહસન હસનભાઇ મસુ
રૂા.૫૦/- મો.ગુલામહુસૈન હસનભાઇ મસુ
રૂા.૫૦/- મો.હબીબઅલી દાઉદભાઇ મસી
રૂા.૫૦/- મો.ઈબ્રાહીમભાઇ ગુલામભાઇ મસી
રૂા.૫૦/- મો.હાસમભાઇ ગુલામભાઇ મસી
રૂા.૫૦/- મો.મહંમદઅલી ગુલામભાઇ મસી

રૂા.૧૦૦/- મો.શેરઅલી અલજીભાઇ મસી (મહેરપુરા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.ઈબ્રાહીમભાઇ યૂસુફભાઇ બાલવા (મક્તબા કેન્ટીન–સેદ્રાણા)તરફથી તેમના પૌત્ર મોહંમદનાસિરના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.હસનઅલી વજીરભાઇ વિજાપુરા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવાજનો તરફથી મળેલ ડોનેશન.

મર્હૂમ મો.નૂરભાઇ જલાલભાઇ મસી (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- મો.રહીમાબેન નૂરભાઇ મસી
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન નૂરભાઇ મસી
રૂા.૫૦/- મો.સુલમાનભાઇ જમાલભાઇ મસી
રૂા.૫૦/- મો.ગુલામમહંમદ જમાલભાઇ મસી
રૂા.૫૦/- મો.સલમાબેન સુલમાનભાઇ મસી
રૂા.૫૦/- મો.કુલસુમબેન ગુલામમહંમદ મસી
રૂા.૫૦/- મો.શરીફભાઇ જલાલભાઇ મસી
રૂા.૫૦/- મો.ઝયનબબેન શરીફભાઇ મસી
રૂા.૫૦/- મો.અબ્બાસભાઇ ગુલામભાઇ મસી
રૂા.૫૦/- મો.યાકુબભાઇ ગુલામભાઇ મસી
રૂા.૨૦/- મો.ગુલામહુસૈન શરીફભાઈ મસી
રૂા.૨૦/- મો.મર્હૂમ ખાદિમહુસૈન શરીફભાઇ મસી
રૂા.૨૦/- મો.ગુલામઅબ્બાસ શરીફભાઈ મસી
રૂા.૨૦/- મો.ફિઝ્ઝાબેન ગુલામહુસૈન મસી
રૂા.૨૦/- મો.ફિઝ્ઝાબેન ખાદિમહુસૈન મસી
રૂા.૨૦/- મો.રૂકૈયાબેન ગુલામઅબ્બાસ મસી
રૂા.૫૦/- મો.ફિઝ્ઝાબેન ઝાહિદઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.રઝાઅલી ઝાહિદઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.નજમાબેન અકબરઅલી ભુરા
રૂા.૫૦/- મો.રહીમાફાતેમા અકબરઅલી ભુરા
રૂા.૫૦/- મો.કાઝિમઅલી નજરઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.કુલસુમબેન તાહેરઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો.શબ્બીરઅલી તાહેરઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો.કનીઝફાતમા તાહેરઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો.હુસૈનાબેન વલીભાઇ ડોડીયા
રૂા.૫૦/- મો.ઝોહરાબેન મુસ્તાકઅલી ભુરા
રૂા.૫૦/- મો.તાહેરાબેન જાફરઅલી વાઘ
રૂા.૫૦/- મો.હલીમાબેન જાફરઅલી ડોડીયા
રૂા.૫૦/- મો.બાકરઅલી જાફરઅલી ડોડીયા
રૂા.૫૦/- મો.ફાતમાબેન ગુલામહુસૈન ખાણશીયા
રૂા.૫૦/- મો.મદીનાબેન ગુલામમહંમદ દાંત્રેલિયા

રૂા.૩૦૦/- મો.ઈસ્માઈલભાઈ રહીમભાઈ સુણસરા (વાઘરોલ)તરફથી તેમની દીકરીએ ચાલુ સાલે C.A. ની પદવી મેળવી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.મનવીર નુરભાઈ પોલરા (ઓસ્ટ્રેલિયા–મેલબોર્ન) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦૦/- મો.અબ્બાસભાઈ કરીમદભાઈ ઢાબરા (બાદરપુર) તરફથી તેમના પુત્ર હૈદરઅલીના પુત્ર મોહંમદશાકિરના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦૦/- મો.હાજી અકબરઅલી તાજમહંમદ અઘારીયા પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.), ઐયૂબ નબી (અ.) તથા મોહંમદ વ આલે મોહંમદ (અ.)ની અરવાહના સવાબ અર્થે.


**ભેસ્ટ ઈલેક્ટ્રીકલ**

**::::::::: ઓર્થોરાઈઝ ડીલર :::::::::**

**વાયર કેબલ** : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન
**એમ.સી.બી.** : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.
**મોટર પમ્પ** : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન
**લાઈટીંગ** : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ
**ઈલેક્ટ્રીક એસેસરીઝ** : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

**ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે**

**૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન**
**૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન**

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**



**SUPER**

**WIRE PRODUCT**

**સુપર વાયર પ્રોડક્ટ**

અમારે ત્યાં હોટલ/રિસ્ટોરન્ટના કંપાઉન્ડ, પાર્ટી પ્લોટ અને ખેતરની ફરતે તારની વાડ (જાળી)નું ફેન્સીંગ વ્યાજબી ભાવે સંતોષકારક કરી આપવામાં આવશે.

કાંટા તારનું જાતે પ્રોડકશન કરીને હોલસેલના ભાવે જાળીનું ફેન્સીંગ કરી આપીશું.

**સુલતાનઅલી ડી. પલસાણીયા**
**મો. ૯૮૭૯૩૩૮૫૭૮, ૮૪૮૫૯૩૩૮૨૨**
**મોહસિનઅલી જી. પલસાણીયા**
**મો. ૯૪૨૮૬૦૯૪૩૦**
**(વાઘરોલવાળા)**

૧૧, જલારામ એસ્ટેટ, રેલ્વે ક્રોસીંગની બાજુમાં, સરખેજ–સાણંદ રોડ, અમદાવાદ – ૩૮૨ ૨૧૦



**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે તથા મકાનના પ્લોટ તથા ફ્લેટ બુકીંગ માટે મળો.

નોંધ : હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે માર્ચ–૨૦૧૩ થી તા. ૧૫, માહે એપ્રિલ–૨૦૧૩ મુ.તા. ૩, જમા.અવ્વલ–૧૪૩૪ થી મુ.તા. ૪, જમા.આખર–૧૪૩૪ |
|---|---|---|---|
| માર્ચ | જમા.અ. | – | |
| 21 | ૮ | ગુરૂ | નવરોઝનો દિવસ |
| 27 | ૧૪ | બુધ | ધૂળેટી |
| 28 | ૧૫ | ગુરૂ | વિલાદત : હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.) |
| 29 | ૧૬ | શુક્ર | ગુડ ફ્રાઈડે |
| 30 | ૧૭ | શનિ | વિંછુડો બેસે : રાત્રે ૧૦–૪૬ |
| 31 | ૧૮ | રવિ | વિંછુડો |
| એપ્રિલ–1 | ૧૯ | સોમ | વિંછુડો ઉતરે : રાત્રે ૧–૦૪ |
| 5 | ૨૩ | શુક્ર | વિલાદત : પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.) |
| 11 | ૨૯ | ગુરૂ | ગુડી પડવો |
| 14 | જમા.આ.– ૩ | રવિ | વફાત : જનાબે ફાતેમા ઝહરા (અ.) ※ ડો.આંબેડકર જયંતિ |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મો.અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)

(૧) પાંચમા ઈમામ (અ.)ના લકબ 'બાકિર'નો અર્થ શું થાય ? (૨) હઝરત રસૂલે ખુદા (સ.)એ મુહાજિરો અને અન્સારો વચ્ચે ભાઈચારો સ્થાપિત કર્યો હતો તેમાં હઝરત સલ્માન ફારસીને કોના ભાઈ બનાવવમાં આવ્યા હતા ? (૩) રબીબે અમીરુલ મોમિનીન (અ.) કોણ છે ? (૪) 'લા સૈફ ઈલ્લા ઝુલ્ફિકાર વ લાફતા ઈલ્લા અલી'ના શબ્દો કયા જંગમાં આસમાનમાંથી સંભળાયા હતા ? (૫) જંગે ઓહદના શહીદોમાં કોનો ચહેરો હઝરત રસૂલે ખુદા (સ.)ના ચહેરાને મળતો આવતો હતો ? (૬) જનાબે ફાતેમા ઝહરા (અ.)ના કયા ઉપનામનો હઝરત પીર મશાયખ બાવા (રહે.)એ બયાનમાં ઉલ્લેખ કર્યો છે? (૭) દુલદુલ શાનું નામ છે ? (૮) 'તિફ્લાન' શબ્દ શાનું બહુવચન છે ? (૯) જનાબે મુસ્લિમ બિન અકીલને કુફા મોકલવામાં આવ્યા ત્યારે યઝીદે કૂફાના ગવર્નરને બદલીને કોને મૂકયો હતો ? (૧૦) અસ્મા બિન્તે ઉમૈશની શાદી સૌ પ્રથમ કોની સાથે થઈ હતી ?